॥ જય નારાયણ ॥





નારાયણ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

# નારાયણ વિદ્યાલય, ભરૂચ.

## શાળાના શિક્ષકોનું ૧૫મું જ્ઞાનસત્ર

વિષય : નારાયણ વિદ્યાલય આવનારા ૧૦ વર્ષમાં સમાજ અને રાષ્ટ્રને કેવા વિદ્યાર્થીઓ પ્રદાન કરશે ?

તારીખ : ૮-૯, ઓક્ટોબર-૨૦૨૨

## નારાયણ ધ્વનિ : અંક-૩૨ (વિશેષાંક)
## વર્ષ ૨૦૨૨-૨૩




નારાયણનગર-૨ / લક્ષ્મીનારાયણનગર, ભરૂચ-૩૯૨ ૦૦૧. ગુજરાત-ભારત
Phone : (02642) 266218, 263012 | E-mail : narayan_bharuch@yahoo.co.in | Website : www.narayanbharuch.org

# નારાયણ વિદ્યાલય આ જ્ઞાનસત્રના વિચારમંથન થકી આવનારા દસ વર્ષોમાં રાષ્ટ્ર અને સમાજને કેવા નાગરિક ભેટ ધરશે તેનો ફલિતાર્થ

- ✤ વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ માટે જ્ઞાનાત્મક, બોધાત્મક, ભાવનાત્મક, સંવેદનાત્મક રીતે તૈયાર કરવા.
- ✤ વિદ્યાર્થીઓમાં પ્રમાણિકતા, નિષ્ઠા, નીડરતા, સાહસિકતા, કરૂણા, દયા, ધીરજ, રાષ્ટ્રભાવના, સહનશીલતા જેવા ગુણો ધારણ કરે તેવા મૂલ્યોનું ઘડતર કરવું.
- ✤ વિદ્યાર્થીઓમાં વિચારશકિત, સંશોધનશકિત, વિશ્લેષણાત્મક શકિત, નિર્ણયશકિત, અવલોકનશકિત, પડકાર સામે ઝઝૂમવાની શકિત નિર્માણ થાય તેવા પ્રોજેકટો હાથ ધરવામાં આવશે.
- ✤ શાળાએ વિદ્યાર્થીઓના ભવિષ્યનું ઘડતર કરવાનું છે. વિકસતી નવી ઊંચાઇઓને આંબી શકે, નવી તકોને ઝીલી શકે તેવા જિજ્ઞાસુ, સમર્પિત, રચનાત્મક વિદ્યાર્થી તૈયાર કરશે.
- ✤ વિદ્યાથીઓમાં સભ્યતા, સંસ્કૃતિ, વિનય, વિવેક, નમ્રતા જેવા ગુણો પ્રત્યારોપણ કરી એક સક્ષમ સમાજ, શ્રેષ્ઠ રાષ્ટ્રનું નિર્માણ કરવાનો પ્રયત્ન કરશે.
- ✤ વિદ્યાર્થીને એક સાચો માનવ બનાવશે. ‘‘માનવ માનવ બને તો ઘણું સારું’’ એ ઉકિતને ધ્યાનમાં રાખી માનવતાના ગુણોનું સિંચન કરશે.
- ✤ દેશને સામાજિક, સાંસ્કૃતિક, વૈજ્ઞાનિક, ટેકનિકલ, કલાત્મક અને આર્થિક રીતે મદદ કરે તેવા વિદ્યાર્થીઓ તૈયાર કરવા. વિદ્યાર્થીઓને સંશોધનક્ષેત્રે સંશોધનાત્મકવૃતિ અને જીજ્ઞાસાવૃતિ અવલોકનશકિત ખીલે તેવું શિક્ષણ આપવું.
- ✤ વિદ્યાર્થી કોઇ પણ ક્ષેત્રમાં જાય તો તે પાછો ન પડે તે રીતે કૌશલ્યપૂર્ણ બાળકો તૈયાર કરવા.
- ✤ શાળામાં હોંશિયાર વિદ્યાર્થીને પડકારરૂપ કામ આપવું અને આગળની તકો પૂરી પાડવી. મધ્યમ વિદ્યાર્થીઓને તેજસ્વી વિદ્યાર્થી તરફ લઇ જવા અને મંદ વિદ્યાર્થીઓને તેનામાં આત્મવિશ્વાસ, જુસ્સો ઊભો કરી આગળ વધવા પ્રોત્સાહન આપવું. આ રીતે શાળાના ‘‘કાચાને પાકા કરો, પાકાને પારંગત કરો’’ આ ધ્યેયને સાર્થક કરવું.
- ✤ EVERY CHILD IS SPECIAL તેવી રીતે શાળામાં એક પણ વિદ્યાર્થી કાચો ન રહે તેનું ધ્યાન રાખવું.
- ✤ જે બાળકના માતા કે પિતા હયાત નથી કે બંને હયાત નથી તેમજ જે ઘરમાં બાળકોની કાળજી લેનાર કોઇ નથી. બાળકના પિતા વ્યસની હોય, જેથી ધ્યાન ન આપતા હોય, માતા-પિતાના ઝઘડાને કારણે બાળક તાણ અનુભવતું હોય અથવા માનસિક રીતે પિસાતું હોય, આવા સંજોગોમાં રહેતા બાળકને ઓળખી શાળાના શિક્ષક તે બાળકને દત્તક લે છે. તેની કાળજી રાખી તેનું જીવન બચાવી શ્રેષ્ઠ નાગરિકનું ઘડતર કરે છે.
- ✤ ૧૫ વર્ષ શાળામાં ભણ્યા પછી બાળક જ્યારે સમાજમાં પ્રવેશે ત્યારે તેણે મેળવેલું શિક્ષણ તેને કામ લાગે તે રીતે મૂલ્યવાન, નિષ્ઠાવાન, કર્મઠ, સાહસિક, નીડર, બૌદ્ધિક નાગરિકો શાળા તૈયાર કરશે.
- ✤ કોમ્યુનિકેશન સર્જનાત્મકતા જેવી સ્કીલ, ટાઇમ મેનેજમેન્ટ, ફાઇનાન્સ મેનેજમેન્ટ, સ્ટ્રેસ મેનેજમેન્ટ જેવા કૌશલ્યો, નિર્ણયશકિત, સમસ્યાનો ઉકેલ કાઢી શકે જેવી બાબતો વિકસાવવી.
- ✤ વિદ્યાર્થીઓ ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરે તે રીતે તૈયાર કરવા.
- ✤ જ્ઞાતિવાદ, જાતિવાદ, ધર્મવાદ, ભાષાવાદ, પ્રાંતવાદ એ દેશના વિકાસના અવરોધક પરિબળો છે. માટે કોઇ પણ જાતના ભેદભાવ વગરનું ગુણવત્તાવાળુ શિક્ષણ આપવું. કોઇ ઊંચ નથી કોઇ નીચ નથી. સમાનતાને ધોરણે શિક્ષણ આપવું.
- ✤ શિક્ષણ દ્વારા સમાજ જાગૃતિ આવે અને તેના થકી રાષ્ટ્રસેવા જેવા ઉદ્દેશ્યો આગામી દસ વર્ષમાં શાળા દ્વારા પૂર્ણ કરવાના ભગીરથ પ્રયાસ કરવામાં આવશે.
- ✤ હાલ અને આવનારા સમયમાં શાળાઓએ માત્ર નોકરીયાતોની ફોજ ઊભી કરવાની નથી પરંતુ વિવિધ ક્ષેત્રોના કૌશલ્યવાળા જીવનશિક્ષણયુકત ઊંચા અને ઉમદા આદર્શોવાળા વ્યકિતઓનું નિર્માણ કરવાનું છે.
- ✤ અદ્યતન ટેકનોલોજીના ઉપકરણો જેવા કે મોબાઇલ તેનો વિવેકપૂર્ણ અને સફળતા પૂર્વક ઉપયોગ કરવાની રીતો શીખવવી. સ્પર્ધાત્મક પરીક્ષાઓ IAS, IPS, IFS માટે UPSC, GPSC, NDA, JEE, NEET માટે વિશિષ્ટ પાયાનું શિક્ષણ આપવું.
- ✤ <u>**શાળાએ હાથ ધરેલા નવતર પ્રોજેકટ**</u> : જ્ઞાનસત્ર, પારસમણિ પ્રોજેકટ, સપના કરો સાકાર, પ્રોજેકટ પ્રદર્શન, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ, રમતોત્સવ, વિવિધ સ્પર્ધાઓ, કલા, મહાકુંભ, ખેલ મહાકુંભ, કલાઉત્સવ, યુવા ઉત્સવ બાળપ્રતિભા શોધ, વિજ્ઞાન મેળો, પ્રવાસ પ્રર્યટન, જીવનકૌશલ્ય કેળવીએ, સ્ટાર એનાલિસિસ, વાલી મિટીંગ વિદ્યાર્થીઓનું કાઉન્સીલીંગ, બાલિકાકેન્દ્ર, તારુણ્યશિક્ષણ જેવા અનેક પ્રોજેકટ થકી વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ હાથ ધરવામાં આવે છે.

નારાયણ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## નારાયણ વિદ્યાલય, ભરૂચ.

### નારાયણ ધ્વનિ : અંક-૩૨ (વિશેષાંક) • વર્ષ ૨૦૨૨-૨૩

# પ્રસ્તાવના

આદરણીય,

સુજ્ઞશ્રીઓ,

સાદર નમસ્કાર....

જય ભારત સહ જણાવવાનું કે અત્રેની નારાયણ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત નારાયણ વિદ્યાલય, ભરૂચમાં પૂર્વ-પ્રાથમિકથી ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ધો. ૧૧-૧૨ કોમર્સ (સામાન્ય પ્રવાહ) સુધીની ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની શાળા ચાલે છે.

શાળામાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ થઈને કુલ ૭૫ શિક્ષકો શિક્ષણ પ્રક્રિયા સાથે જોડાયેલા છે. આ પ્રક્રિયા રસમય અને બાળકો માટે આનંદપ્રદ બને તે માટે શિક્ષકો સતત જાગૃત અને પ્રવૃત્ત રહે તેવા આશયથી શાળામાં શિક્ષકોનું જ્ઞાનસત્ર યોજાય છે.

શિક્ષકો જ્ઞાનથી સતત અપગ્રેડ અને અપડેટ રહે તે માટે દર વર્ષે નિયમિતરૂપે બે દિવસીય જ્ઞાનસત્રનું આયોજન કરવામાં આવે છે. દર વર્ષે જ્ઞાનસત્રમાં શિક્ષકોએ રજૂ કરેલ વિવિધ વિષયો પરના લેખો નારાયણ ધ્વનિના વાર્ષિક અંકો સાથે પ્રગટ કરીએ છીએ પરંતુ ચાલુ વર્ષે યોજાયેલ આ ૧૫માં જ્ઞાનસત્રને વિશેષાંક તરીકે અલગથી ૩૨મો અંક પ્રગટ કરી રહ્યા છીએ.

આશા છે કે આ અંકથી આપને ઘણું બધું નવું જીવનમાં ઉપયોગી થાય તેવું જાણવાનું મળશે. શાળાના શિક્ષકોએ શ્રેષ્ઠ પૂર્વ તૈયારી કરીને ઉત્તમ રીતે જ્ઞાનસત્રમાં પ્રેઝન્ટેશન કર્યું છે.

સૌ શિક્ષકોને અમો મેનેજમેન્ટ પરિવાર તરફથી હાર્દિક અભિનંદન આપીએ છીએ તથા વિશિષ્ટ મહેમાનો આ કાર્યક્રમમાં પધારી પ્રેરણાત્મક માર્ગદર્શન આપવા બદલ સૌ મહેમાનશ્રીઓનો હાર્દિક આભાર માનીએ છીએ...

| **શ્રીમતી વિદ્યાબેન રાણા** | **શ્રીમતી બીનિતાબેન ગોહીલ** | **ડૉ. ભગુભાઈ આઇ. પ્રજાપતિ** |
|---|---|---|
| આચાર્ય (અં.મા.) | ઇન્ચાર્જ આચાર્યા | ડાયરેક્ટર અને પ્રિન્સિપાલ (નોનગ્રાન્ટેડ વિભાગ) |
| (નારાયણ વિદ્યાલય, ભરૂચ) | (નારાયણ વિદ્યાલય, ભરૂચ) | (નારાયણ વિદ્યાલય, ભરૂચ) |

# શાળાની રાજયકક્ષાની સિદ્ધિઓ...

- રાજય સરકાર આયોજીત યુવક મહોત્સવ અંતર્ગત સર્જનાત્મક કારીગરી ધો. ૧૧ વિ.પ્ર.ની વિદ્યાર્થિની કુ. ચેશા ગુમાનભાઈ પટેલે શ્રી કે. કે. પરીખ અને મહેતા આરતી વિદ્યાલય, અમરોલી ખાતે ભાગ લીધો. તેઓએ રાજયકક્ષાએ પાંચ વખત ભાગ લઈ સર્જનાત્મક કારીગરીમાં પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરેલ છે.
- કલા મહાકુંભ અંતર્ગત સર્જનાત્મક કારીગરીમાં કુ. ચેશા ગુમાનભાઈ પટેલે અંધ ઉદ્યોગ શાળા, ભાવનગર ખાતે ભાગ લીધો.
- નેશનલ સાયન્સ સેમિનાર દ્વારા આયોજીત 'ટકાઉ વિકાસ માટે મૂળભૂત વિજ્ઞાન પડકારો અને સંભાવનાઓ' વિષય પર શાળાની ધો. ૧૦-બની વિદ્યાર્થિની નિર્વા મયંકભાઈ પટેલે સાયન્સ સીટી, અમદાવાદ ખાતે ભાગ લીધો.
- રાષ્ટ્રિય બાળવિજ્ઞાન કોંગ્રેસ દ્વારા આયોજીત સંશોધનાત્મક પ્રોજેકટમાં શાળાના ગુ. મા.ના ચાર પ્રોજેકટ અને અં.મા.નો એક પ્રોજેકટમાં ભાગ લીધો. જેમાં શાળાના પાંચ વિદ્યાર્થીઓએ સાયન્સ સીટી અમદાવાદ ખાતે વિવિધ વિષય પર રજૂઆત કરી.
- ગુજરાત સરકાર દ્વારા આયોજીત G3Q સ્પર્ધામાં શાળાની ધો. ૧૦-અની વિદ્યાર્થિની પટેલ જહાનવી અને ધો. ૧૨ કોમર્સના વિદ્યાર્થી પરમાર કૌશિકે અમદાવાદ ખાતે ટ્રાન્સ સ્ટેડિયમમાં ભાગ લીધો. જેમની સાથે શાળાના ૫૬ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા.
- શાળામાં ત્રિ-દિવસીય ૫૮૦ પ્રોજેકટનું ભવ્ય પ્રોજેટક પ્રદર્શન યોજાયું તેમાં ૧૦૦% વિદ્યાર્થીઓએ ભાગ લીધો. ત્રણ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયા જેમાં પણ શાળાના ૧૦૦% વિદ્યાર્થીઓએ ભાગ લીધો.
- NCSC માં શાળાએ ૧૦૧ સંશોધનાત્મ પ્રોજેકટ પર ૨૦૨ વિદ્યાર્થીઓ તૈયાર કર્યા.

ક

# શાળાનાં શિક્ષકોનું ૧૫ મું જ્ઞાનસત્ર

## તારીખ : ૮-૯, ઓકટોબર ૨૦૨૨

**વિષય : નારાયણ વિદ્યાલય આવનારા ૧૦ વર્ષોમાં સમાજ અને રાષ્ટ્રને કેવા વિદ્યાર્થીઓ પ્રદાન કરશે ?**

શાળાનાં શિક્ષકો સતત નવા જ્ઞાનથી અપડેટ અને અપગ્રેડ રહે તથા વૈશ્વિક પ્રવાહો સાથે તાલમેલ મિલાવી શકે,તેમજ વર્ગખંડમા શ્રેષ્ઠ વિષયવસ્તુ અને ઉતમ કૌશલ્યો પ્રદાન કરતા રહે તે હેતુથી શાળામાં તા. ૮,૯, ઓકટોબર બે દિવસીય જ્ઞાનસત્ર કાર્યક્રમ યોજાયો.જેમાં ૬૫ શિક્ષકોએ ૫૦ જેટલાં વિષયો પર વિવિધ પ્રવૃત્તિઓ, પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન, નાટક, ગીત, ડિબેટ, પ્રશ્નોત્તરી થકી પ્રેઝન્ટેશન કર્યુ.



આ કાર્યક્રમમાં મુખ્ય ઉદ્ઘાટક **પ.પૂ.સ્વામી શ્રી જયરામદાસ બાપુ (માતા નિલયમ આશ્રમ, નિકોરા), મા.શ્રી દુષ્યંતભાઇ પટેલ (મુખ્યદંડકશ્રી વિધાનસભા, ગાંધીનગર અને ધારાસભ્યશ્રી, ભરૂચ), મા.શ્રી કાર્તિકેય શુકલ (મેનેજીંગ ટ્રસ્ટી, વિશ્વભારતી ગૃપ ઓફ ઈન્સ્ટિટયુશન, અમદાવાદ) તેમજ વિશેષ તજજ્ઞશ્રીઓ કે જેમણે નિર્ણાયક તરીકે સેવા આપી છે. એવા મા.શ્રી પ્રો. ડૉ. જયંતકુમાર એ. શાહ (નિવૃત પ્રાધ્યાપક, બી.એડ્. કોલેજ, ખરોડ), મા.શ્રીમતી અદિતિબેન અર્પિત શુકલ (પ્રાધ્યાપક, મુન્શી મહિલા બી.એડ્. કોલેજ), મા.શ્રી નિલેશભાઇ ઉપાધ્યાય (આસિસ્ટન્ટ પ્રોફેસર, સત્યમ્ કોલેજ ઓફ એજયુકેશન, ઝાડેશ્વર), આશાબેન જે. શાહ (નિવૃત પ્રાધ્યાપિકા) તથા શાળાનાં ચેરમેન મા.શ્રી હેમંતભાઇ પ્રજાપતિ વગેરે ઉપસ્થિત રહ્યા હતાં. પ્રથમ દિવસનાં અંતિમ ચરણમાં મા.શ્રી નિશાંતભાઇ દવે (ઇભિરૂચ જીલ્લા શિક્ષાણાધિકારી, કચેરી) શ્રી જીજ્ઞેશભાઇ પટેલ (AEI ભરૂચ જીલ્લા શિક્ષાણાધિકારી, કચેરી)** ઉપસ્થિત રહી કાર્યક્રમની ઝલક નિહાળી હતી.



આ પ્રસંગે આદર્શ દંપતિ તરીકે **શ્રી કાંતિભાઇ દલવાડી (સફળ બિઝનેસમેન, સમાજસેવક, લાયન્સ કલબના પ્રેસિડન્ટ, ચરોતર પ્રજાપતિ મંડળનાં ટ્રસ્ટી) અને તેમના ધર્મપત્ની શ્રીમતી જયાબેન દલવાડી (મહિલા બેંકનાં ડિરેકટર, સ્ત્રી-નિકેતનનાં સ્થાપક)** ઉપસ્થિત રહ્યાં. પતિ-પત્ની બંને એકમેકનો પડછાયો બની ૬૨ વર્ષથી નિઃસ્વાર્થપણે સેવાભાવી જીવન જીવી રહ્યાં છે. તેમનું આદર્શ દંપતિ તરીકે **શાળાના ચેરમેન મા.શ્રી હેમંતભાઇ પ્રજાપતિના માતૃશ્રી મંજુલાબેન પ્રજાપતિ તથા પુત્ર પાર્થ એચ. પ્રજાપતિ, પુત્રી પૂર્વા એચ. પ્રજાપતિ તથા ડૉ. ભગુભાઇ પ્રજાપતિ** તથા ઉપસ્થિત મહાનુભવોનાં હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું.

પૂર્ણાહૂતિ પ્રસંગે **મા.શ્રી આઇ. કે. અન્સારી (પ્રા. બી.એડ્. કોલેજ, ખરોડ), શ્રી અજય દૂબે (નિ.એરફોર્સ અધિકારી) શ્રી મનોજભાઇ હરિયાણી (બિઝનેસમેન, વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકર)** ઉપસ્થિત રહી કાર્યક્રમને માણ્યો હતો. નિર્ણાયકશ્રીઓએ બે દિવસનાં સતત નિરીક્ષણ કાર્યનાં અંતે પોતાના પ્રતિભાવ થકી ખૂબી અને ખામી તરફ સૂચનો કરી ઉતરોતર પ્રગતિ માટે શુભેચ્છા પાઠવી હતી. અંતે તમામ વ્યકિતઓએ દીવડા થકી ઓમકાર મંત્ર સાથે શાંતિમય પ્રાર્થના કરી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરી હતી.

આ સમગ્ર કાર્યક્રમ શાળાના ડાયરેકટર અને આચાર્યશ્રી ડૉ. ભગુભાઇ પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ કન્વીનર બિનીતાબેન ગોહિલ (ગ્રાન્ટેડ ઇ.આચાર્ય), વિદ્યા રાણા (અં.મા. આચાર્ય), કંચનબેન પરમાર, ઉન્નતિબેન પટેલ વગેરેએ સંચાલન કર્યુ હતું.

**૧૫ માં જ્ઞાનસત્રમાં ૨ દિવસમાં ૫૦ જેટલા વિષયમાં ૬૫ શિક્ષકોએ જ્ઞાનનું આદાન પ્રદાન કર્યુ.**

* ૩૩ વિશ્વની મહાન હસ્તીઓ જેવી કે, આચાર્ય ચાણકય, રાણા પ્રતાપ, છત્રપતિ શિવાજી,રવિન્દ્રનાથ ટાગોર, અબ્રાહમ લિંકન, સિકંદર, નેપોલીયન બોનાપાર્ટ, લેનીન, સમ્રાટ અશોક, મહારાણી વિકટોરીયા, ગાંધીજી, ડૉ. બાબાસાહેબ આંબેડકર, ચાર્લી ચેપ્લીન, મીસ્ટર બીન જેવા **33 વિશ્વની મહાન વિભૂતિઓના જીવનચરિત્ર** અને તેના કાર્યની ચર્ચા કરી હતી.
* વિશિષ્ટ વ્યકિતઓ જેવી કે જહોન ડયૂઇ, પાવલોવ, સ્કીનર, જીક જેક રૂસો, હેરીપોટર, પ્લેટો, શેકસપીયર જેવા મનોવૈજ્ઞાનિક ઓમકારનાથ, કનૈયાલાલ મુનશી જેવા સાહિત્યકાર .

* સફળ બીઝનેસમેન જેવા કે ધીરુભાઇ અંબાણી, રાકેશ ઝુનઝુનવાલા, રતન ટાટા, ફાલ્ગુની નાયર, શ્રીનિવાસ રામાનુજન (ગણિતશાસ્ત્રી) તથા સ્ત્રી શિક્ષણ માટે સંઘર્ષ કરનાર મલાલા યુસુફઝઇ.
* હાર્વર્ડ યુનિવર્સીટી, ઓક્ષફર્ડ યુર્નિવર્સીટી, કેમ્બ્રીજ યુર્નિવર્સીટી, શિકાગો યુનિવર્સીટી, નાલંદા વિદ્યાપીઠ, તક્ષશિલા વિદ્યાપીઠ, પેન્સિલવેનિયા, IIM, IIT જેવી **૧૦ વિશ્વવિદ્યાલયની સ્થાપના, કાર્ય અને તેની વિશેષતાઓની** ચર્ચા કરી.
* ભારતના નોબેલ પારિતોષિક વ્યકિતઓ, પદ્મશ્રીઓ અને તેનું જીવન, ૧૯૪૭ પહેલાંની ૧૦ શકિતશાળી મહિલાઓ અગેની ચર્ચા કરી.
* સંશોધન ક્ષેત્રે આપણે કયાં અને હવે પછી શું? આજના શિક્ષણના પડકારો અને ઉપાયો, દસ વર્ષ પહેલાંનું અને પછીનું શિક્ષણ, ભારતમાં વિજ્ઞાનની ઉજ્જવળ પરંપરા, મને બધુ આવડે છે પણ પરીક્ષાનું યાદ રહેતું નથી, આજના માતા-પિતાની સમસ્યા અને તેના ઉકેલો, મોબાઇલમાં જલ્દી અપગ્રેડેશન થાય છે, પણ શિક્ષણમાં કેમ નહી ? જેવા વર્તમાન પ્રશ્નોની લોકભોગ્ય વિષયો પર ચર્ચા કરવામાં આવી.

આ બે દિવસ દરમિયાન શાળાનાં શિક્ષકો દ્વારા “આવનારા ભવિષ્યમાં વિદ્યાર્થીઓનું કેવી રીતે જીવન ઘડતર કરવામાં આવશે ?” એનું ચિંતન, મનન અને મનોમંથન કરવામાં આવ્યું.

**૧૫ મા જ્ઞાનસત્રમાં જ્ઞાનનું આદાન પ્રદાન થયું જેમાં શાળામાં આવનાર દસ વર્ષમાં સમાજને અને રાષ્ટ્રને કેવા વિદ્યાર્થીઓ પ્રદાન કરશે ? તે વિષય પર ચર્ચા કરવામાં આવી.**

**ફલિતાર્થ :**

- કાચાને પાકા કરો, પાકાને પારંગત કરો. અનિયમિતતા, આળસુ જેવી કુટેવોને દૂર કરી શ્રેષ્ઠ બાળકો બનાવવા પ્રયત્ન કરીશું.
- બાળકોની ખામી શોધી તેને દૂર કરવી. પરંતુ બાળકમાં રહેલી ખૂબીઓ શોધી કાઢી તેને કંડારવી.
- બાળકોમાં વાંચન કૌશલ્ય વધારવું જોઇએ.
- વિદ્યાર્થીને જ્ઞાનના અગાધ ઉંડાણમાં લઇ જશે. નોબેલ પારિતોષિક ,પદ્મશ્રી દ્વારા વિદ્યાર્થીઓને કેવા બનવું, તેનું માર્ગદર્શન મળી રહે.
- શાળાના શિક્ષકો જ્ઞાનથી સમૃધ્ધ બનશે.
- આ શાળામાં સપના કરો સાકાર, બાલિકા કેન્દ્ર, જીવન કૌશલ્ય, પારસમણિ પ્રોજેકટ, પ્રોજેકટ પ્રદર્શન જેવા નવતર પ્રયોગોને વધુ સમૃધ્ધ બનાવશે.
- મહાન વ્યકિતઓ તેમના જીવનમાં આવેલા પડકારો, કઠિનાઇઓ સાથે માર્ગ કાઢી કેવી રીતે આગળ વધ્યા તેવી બાબતોથી વાકેફ કર્યા. જેથી તેઓ આવનાર સમયમાં હતાશ ન થાય અને આગળ વધી શકે.
- બિમારીઓ જેવી કે હડકવાની તકલીફ, નાની ઉંમરમાં ટ્યુમર, કેન્સર, બેક પેઇન જેવી તકલીફો સામે લડીને માનસિક રીતે મજબૂત બની આગળ કેમ વધવું તે શીખવવું.
- શારીરિક અને માનસિક તકલીફો પર સંયમ અને કાબૂ રાખીને શારીરિક રીતે નબળા બાળકોને આગળ કેમ વધારવા તે અંગે શિક્ષકોને માર્ગદર્શન મળ્યું.





# જ્ઞાનસત્રમાં પધારેલ મહાનુભવો : તા.૮/૧૦/૨૨

❖ **મા.શ્રી.દુષ્યંતભાઇ પટેલ (મુખ્ય દંડકશ્રી, વિધાનસભા ગાંધીનગર અને ધારાસભ્યશ્રી ભરૂચ)**



ચોકથી સંવિધાન બદલનાર એટલે શિક્ષક. ઇશ્વરની કૃપાથી જ શિક્ષક બનાય છે. ૨ + ૨= ૪ થાય. ૨ + ૨=૩ અને ૨ + ૨=૫ ના થાય. સાચી બાબત સમજે તે સંસ્કાર છે. વિદ્યાર્થીની કારકિર્દીની સાથે તેનાં ચારિત્ર્યનું પણ ખૂબ મહત્વ છે. તો શિક્ષકે તેની ચિંતા કરવાની પણ જરૂર છે. આ માટે આધ્યાત્મિકતા પણ જરૂરી છે. વિદ્યાર્થીઓમાં સારી – નરસી બાબતોનું ઘડતર કરવું જરૂરી છે.તે બાબત શિક્ષણમાં સમજાવવી જરૂરી છે. દેશ વિકાસના પંથે આગળ વધતો જાય છે અને શિક્ષણ તેમાં મહત્વનો ભાગ ભજવે છે. આથી શિક્ષકે રાષ્ટ્રને ઉપયોગી બાળકોનાં ઉદ્‌ભવ પર ધ્યાન આપવાની જરૂર છે. જે આપ સૌ કરી રહ્યાં છો.

❖ **મા.શ્રી કાર્તિકેયભાઇ શુકલ (મેનેજીંગ ટ્રસ્ટી, વિશ્વભારતી ગૃપ અમદાવાદ)**



શિક્ષણનો વ્યવસાય એ પવિત્ર વ્યવસાય છે. આ વ્યવસાયનું ગૌરવ જાળવવાની, ગૌરવ રાખવાની જવાબદારી દરેક શિક્ષકની છે.વિદ્યાર્થીઓને ધીરજના પાઠ ભણાવવાના છે. તેઓને વિશ્વાસના પાઠ શીખવવાના છે. વિદ્યાર્થીઓમાં નિષ્ફળતા પચાવવાની કળા અને કારકિર્દી ઘડતરમાં શિક્ષણ અગત્યનો ભાગ ભજવે છે.વિદ્યાર્થી ટેકનોલોજી સાથે સાતત્ય મેળવે પણ પુસ્તકનો સાથ ન છોડે. વ્યકિત પોતાના પરિવાર, સમાજમાં જોડાયને રહે તેવી ભાવના વિદ્યાર્થીમાં વિકસાવવી જોઇએ. કોઇ પણ બાળક વિશે કયારેય પણ પૂર્વગ્રહ ન રાખવો. શાળામાં આવતા બધા જ વિદ્યાર્થીઓને આપણામાં સમાવવા જોઇએ. જેમ કે કોઇ શારીરિક ખામી વાળા વિદ્યાર્થીની ખામી ન જોતાં તેમાં રહેલી ખૂબીને જોવી જોઇએ.જેમ કે ઘડિયાળ આપણને સમય બતાવે છે. માટે ઘડિયાળમાં માત્ર સમય જ બતાવે છે. નહિ કે તેની બ્રાન્ડને. વિદ્યાર્થી ટેકનોલોજી સાથે સાતત્ય જાળવે પણ પુસ્તકનો સાથ ન છોડે સાથે ભાષા પર પ્રભુત્વ મેળવે તેમજ જુદી જુદી ભાષા પણ શીખે. બાળક સંસ્કૃતિ તરફ વળે તેમજ જુદી જુદી સંસ્કૃતિ વિશે પણ જાણે. IAS, IPS, UPSC, GPSC, IIM જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ તરફ વિદ્યાર્થીને માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કરે. બીજાની સફળતાને સહજતાથી સ્વીકારવી જોઇએ.

તેમણે જણાવ્યું કે ભવિષ્યમાં એગ્રિકલ્ચર અને Health Care માં ખૂબ જ તકો છે.બાળકોને Life skill, Humanity સમજાવો.વિદ્યાર્થી હંમેશા સગવડમાં જ નહી પણ અગવડમાં પણ આગળ વધે છે.વધુમાં તેમણે કહ્યું કે,



"બજારમાં જે વસ્તુઓ જુઓ અને તે તેમને ગમે તો તે વસ્તુ ખરીદી શકાય તેટલી ક્ષમતા હોવી જોઇએ."

આમ, પોતાના અનુભવો તથા તેમનાં પરિવાર વિશેના ઉદાહરણ દ્વારા મહત્વની બાબતો રજૂ કરી.

❖ **પ.પૂ.શ્રી જયરામદાસ બાપુ (માતા નિલર્યમ આશ્રમ નિકોરા)**



- આજના બાળકો માનસિક અશાંત છે. - અશાંતિનો નાશ કરવા આધ્યાત્મિક જીવન ખૂબ જરૂરી છે.
- બાળકોને યોગ , મેડીટેશન કરાવો. જેનાથી એકાગ્રતા આવે, ચિંતામુકત બને.
- આજે બાળકો ખોટા રસ્તે, કૂટેવો જેવી ખોટી બાબતો પાછળ દોડે છે. પણ જો આધ્યાત્મિક માર્ગે વળે તો આ ખોટી પ્રવૃત્તિઓથી બચી શકાય છે.

❖ **મા.શ્રી હેમંતભાઇ પ્રજાપતિ (નારાયણ વિદ્યાલય,ચેરમેન)**



- જ્ઞાનસત્રના બધા જ વિષયો નવીન છે. જે થકી શિક્ષકોમા જ્ઞાનપિપાસા જાગ્રત થાય છે. જ્ઞાનની વહેંચણી થાય છે. જ્ઞાન અપડેટ થાય છે.
- વિદ્યાર્થીનું લક્ષ્ય નક્કી હોવું જોઇએ. તે માટે તેને માગદર્શન આપવું.
- બાળકોમાં કુટુંબ ભાવના, આધ્યાત્મિક વિષયો, લક્ષણોનું પ્રમાણ વધે તે રીતે તેમને તૈયાર કરવા.

❖ **મા.શ્રી નિશાંતભાઇ દવે (EI ભરૂચ, જિલ્લા શિક્ષણાધિકારી કચેરી)**



- હ્રદય અને મનના સમન્વય દ્વારા અઘરું કાર્ય પણ સરળતાથી પાર પાડી શકાય છે.
- જ્ઞાનસત્ર શિક્ષકોના જ્ઞાનની વહેંચણી કરે છે. - શિક્ષકોએ કરેલું ચિંતન, મનન ધન્યતાને પાત્ર છે.

❖ **મા.શ્રી જિજ્ઞેશભાઇ પટેલ (આસી. શિક્ષણ નિરીક્ષક, ભરૂચ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી)**

- જ્ઞાનસત્ર દ્વારા જ્ઞાનને અપડેટ કરવાનો પ્રયત્ન ખૂબ જ પ્રશંસનીય છે.

# આદર્શ દંપતિનું બહુમાન

**શ્રી કાંતિભાઇ દલવાડી (સફળ બિઝનેસમેન, સમાજ સેવક, લાયન્સ કલબના પ્રેસિડન્ટ, ચરોતર પ્રજાપતિ મંડળના ટ્રસ્ટી)**

**શ્રીમતી જયાબેન કે. દલવાડી (મહિલા બેંકના ડિરેકટર, સ્ત્રી નિકેતનના સ્થાપક)**

દંપતિ એકબીજાનો પડછાયો બની ૬૨ વર્ષથી નિઃસ્વાર્થપણે સેવાભાવી જીવન જીવી રહ્યા છે. એવા આદર્શ દંપતિનું શાળાના ચેરમેનશ્રી હેમંતભાઇ પ્રજાપતિના માતૃશ્રી આદરણીય મંજુલાબેન આર. પ્રજાપતિ, પાર્થ પ્રજાપતિ તથા પૂર્વા પ્રજાપતિ તથા શાળાના આચાર્યશ્રી ભગુભાઇ પ્રજાપતિ, ઇ.આ. બિનિતાબેન ગોહિલ, વિદ્યાબેન રાણા, નિશાંતભાઇ દવે (EI), શ્રી જીગ્નેશભાઇ પટેલ (AEI) ના હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું.



❖ **શ્રીમતી જયાબેન કે.દલવાડી :**

- નાનીવયે લગ્ન, પરિવારની જવાબદારી, જેથી વધુ શિક્ષણ મેળવી શકયા નહી. દાંપત્યજીવન સુમધુર રહ્યું. સંતાનોના ઉત્તમ ઘડતર અને શ્રેષ્ઠ ચારિત્ર્ય નિર્માણની જવાબદારી ખૂબ સારી રીતે નિભાવી. પારિવારિક એકતા અને સુમેળતા જળવાઇ રહ્યા. સમાજ સેવાના કાર્યોમાં પોતાની જાતને સમર્પિત કરી. મહિલા બેંકના ડિરેકટર, સ્ત્રી નિકેતન સંસ્થાની સ્થાપના કરી. મહિલાઓના વિકાસ માટે પ્રજાપતિ મહિલા સંગઠનના અધ્યક્ષ બન્યા.
- જીવનમાં પતિનો ઉત્તમ સાથ મળ્યો. મુશ્કેલીઓ સામે ઝઝૂમી, પડકારોને પહોંચી વળ્યા અને સતત આગળ વધતા રહ્યા.
- ઉત્તમ જીવનસાથી પ્રાપ્ત થવા બદલ ભગવાનના આભારી છે.

❖ **શ્રી કાંતિભાઇ દલવાડી :**

- સફળ બિઝનેશમેન હોવાની સાથે સમાજ સેવાના કાર્યો કરે છે. લાયન્સ કલબમાં સેવા આપે છે. ચરોતર પ્રજાપતિ કેળવણી મંડળના ટ્રસ્ટી છે. ખૂબ સંઘર્ષ અને મુશ્કેલી સહન કરીને સફળતા મેળવી છે.

---

# પૂર્ણાહૂતિ સમારોહ : તા. ૯/૧૦/૨૨

❖ **શ્રી મનોજભાઇ હરિયાણી (સફળ બિઝનેશમેન, વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકર)**



- પોતાના સંઘર્ષમય જીવનની વાત કરી.
- સેવા કરવાના ઉમદા હેતુથી વિશ્વ હિન્દુ પરિષદમાં જોડાયા છે.
- કઠિન પરિશ્રમથી જ સફળતા પ્રાપ્ત કરી શકાય છે.

❖ **શ્રી અજયભાઇ દૂબે (નિવૃત્ત એરફોર્સ અધિકારી)**

- અધ્યયન ક્રિયા થવી જોઇએ તો વિદ્યાર્થીઓ ઝડપથી ગ્રહણ કરી શકે.
- Learning માટે Project જરૂરી અને Powerful Project એટલે જ્ઞાનસત્ર



❖ **મા.શ્રી આઇ કે. અન્સારી (પ્રા. બી.એડ્. કોલેજ, ખરોડ)**

- શાળાના બધા જશિક્ષકોને જ્ઞાનની ભૂખ છે.
- જ્ઞાનસત્રના વિષયો વૈવિધ્યપૂર્ણ છે. પસંદગી શ્રેષ્ઠ છે.
- વિજ્ઞાન, સાહિત્ય, ઇતિહાસ, વિશ્વની યુનિવર્સીટીઓ, પદ્મશ્રી, નોબેલ પારિતોષિક વિજેતાઓ દરેકને સમાવવાનો પ્રયત્ન કર્યો.
- જ્ઞાનના પ્રયોગો દ્વારા શાળા અગ્રિમતા પ્રાપ્ત કરે છે. જે શાળા પ્રયોગો નથી અપનાવતી તે સમયાંતરે મૃતઃપ્રાય બને છે.



# નિર્ણાયકોના પ્રતિભાવો



## ❖ શ્રી જયંતભાઇ શાહ (નિવૃત્ત પ્રાધ્યાપક, બી.એડ્. કોલેજ, ખરોડ)

- દરેક શિક્ષકે ખૂબ સુંદર રીતે પોતાની રજૂઆત કરી.
- કહેવાય છે કે, "ખેડ, ખાતર અને પાણી, સમૃધ્ધિ લાવે તાણી" તેમ જ્ઞાનરૂપી ખેડ, ખાતર અને પાણી દ્વારા શિક્ષણમાં સમૃધ્ધિ આપે છે.
- જ્ઞાનસત્ર થકી શાળા વિકાસના પંથે આગળ વધે છે.
- આ શાળાનું બિલ્ડીગ ખૂબ જ ભવ્ય છે. શિક્ષકો અને આચાર્યની ટીમ જોરદાર છે.



## ❖ શ્રી નિલેશભાઇ ઉપાધ્યાય(આસી.પ્રાધ્યાપક સત્યમ કોલેજ ઓફ એજ્યુકેશન ભરૂચ)

- "ધર્મ અને વિજ્ઞાન સિક્કાની બે બાજુ" વિષય પર પોતાના PPT પ્રેઝન્ટેશનની ઝાંખી આપી.
- શાળાના આચાર્ય દીઘદૃષ્ટિ, નેતા જેવા ગુણો ધરાવતા હોવા જોઇએ. જે શાળાને ઉચ્ચકક્ષા સુધી લઇ જાય છે.
- જ્ઞાનસત્ર એ જ્ઞાનરૂપી યજ્ઞ છે. જે શિક્ષકોને શારિરીક, માનસિક અને આધ્યાત્મિક ઊંચાઇ પર લઇ જાય છે આવી શાળા ઉતરોતર પ્રગતિ કરે છે.



## ❖ શ્રીમતી અદિતીબેન શુકલ (પ્રાધ્યાપક, મુન્શી મહિલા બી.એડ્. કોલેજ, ભરૂચ)

- "કાષ્ટને કંચન કરે, ઉરને નંદન કરે એવા આ સૌ શિક્ષકોને કોણ ન વંદન કરે?"
- આપણે માળી બનવાનું છે.
- એરિસ્ટોટલ જેવા ગુરૂ સિકંદર જેવા હજારો વિધાર્થીઓ ઊભા કરી શકે.



## ❖ શ્રીમતી આશાબેન શુકલ

- શાળા ઉપર નારાયણ બાપુની અસીમ કૃપા છે.
- આ એક જ્ઞાનયજ્ઞ છે. શાળાએ ૧૫ જ્ઞાનયજ્ઞ પસાર કર્યા છે.
- શાળાના આચાર્યશ્રી દીર્ઘદૃષ્ટિ ધરાવે છે જેનું માર્ગદર્શન સૌને મળે છે.
- આ જ્ઞાનયજ્ઞ આપણને માનસિક રીતે ઉપર લઇ જાય છે.

**આ સાથે શાળાના શિક્ષકો કુસુમબેન માવર, વંદનાબેન ભાભોર, યોગિનીબેન, વર્ષાબેન, શીલાબેન, ભાવિશાબેન, સેફાલીબેન, ઉર્વશીબેન, ધર્મિષ્ઠાબેન, પારસબેન રાણા વિગેરેએ નિર્ણાયક તરીકેની પ્રસંશનીય સેવા બજાવી હતી.**





# ૧૫ મા જ્ઞાનસત્રનાં વિજેતાઓ (૨૦૨૨-૨૩) તા. ૮, ૯-૧૦-૨૦૨૨

## વિષય : નારાયણ વિદ્યાલય આવનારા ૧૦ વર્ષોમાં સમાજ અને રાષ્ટ્રને કેવા વિદ્યાર્થીઓ પ્રદાન કરશે?

| ઉચ્ચતર માધ્યમિક વિભાગ (વિ.પ્ર., ગુ.મા.) નિર્ણાયકો : અદિતિબેન,આશાબેન,નિલેશભાઇ | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | વિજેતા નંબર | વિષય | શિક્ષક ૧ | શિક્ષક ૨ |
| ૧ | ૧ | નામ્બી નારાયણ અને લેનિન | બિનીતાબેન ગોહિલ | અલ્પેશભાઇપટેલ |
| ૨ | ૨ | સિંકદર અને સ્કીનર | જ્યોતિબેન મજિઠીયા | મયુરીકાબેન પટેલ |
| ૩ | ૩ | છત્રપતિ શિવાજી અને મહારાણા પ્રતાપ | પરેશભાઇ પટેલ | વંદનાબેન ભાભોર |
| **માધ્યમિક વિભાગ (ગુ.મા.) નિર્ણાયકો :જયંતભાઇ,અદિતિબેન,ધર્મિષ્ઠાબેન પ્રજાપતિ** | | | | |
| ૪ | ૧ | રૂસો અને પાવલોવ | કૌશિકભાઇ મિસ્ત્રી | કુસુમબેન માવર |
| ૫ | ૨ | નાલંદા વિશ્વ વિદ્યાલય | કિરણભાઇ પટેલ | મનીષાબેન જાદવ |
| ૬ | ૩ | શેકસપિયર અને પ્લેટો | ચીમનભાઇ પરમાર | શાંતુબેન |
| **ઉચ્ચતર માધ્યમિક વિભાગ (કોમર્સ)નિર્ણાયકો : જયંતભાઇ,અદિતિબેન,નિલેશભાઇ** | | | | |
| ૭ | ૧ | ફાલ્ગુની નાયર | ઉર્વશીબેન જાની | સોનલબેન વાઘ |
| ૮ | ૨ | મલાલા યૂસુફઝાઇ | ધર્મિષ્ઠાબેન મેનગર | રજનીબેન પટેલ |
| ૯ | ૩ | રાકેશ ઝુનઝુનવાલા | ઉન્નતિબેન પટેલ | - |
| ૧૦ | ૪ | રતનટાટા | ધર્મિષ્ઠાબેન પ્રજાપતિ | ચારૂલબેન જોષી |
| **ઉચ્ચ. પ્રા. વિભાગ (ધો ૬ થી ૮ ગુ.મા)નિર્ણાયકો : જયંતભાઇ,નિલેશભાઇ,ઉર્વશીબેન** | | | | |
| ૧૧ | ૧ | તક્ષશિલા વિશ્વ વિદ્યાલય | અરવિંદભાઇ પરમાર | પ્રજ્ઞાબેન પ્રજાપતિ |
| ૧૨ | ૨ | ડૉ. બાબાસાહેબ આંબેડકર | કંચનબેન પરમાર | દિપીકાબેન સોલંકી |
| ૧૩ | ૩ | રવિન્દ્રનાથ ટાગોર અને જહોન ડયૂઇ | શૈલેન્દ્રસિંહ ગોહિલ | હિનાબેન ભાવસાર |
| ૧૪ | ૪ | ભારતનાં છેલ્લા ૧૦ નોબલ પારિતોષિક વ્યકિતઓ | શેફાલીબેન ઠાકર | દિવ્યાબેન ભટ્ટ |
| ૧૫ | ૪ | પંડિત ઓમકારનાથ ઠાકુર, કનૈયાલાલ મુનશી | જીજ્ઞેશભાઇ જોષી | |
| **પ્રાથમિક વિભાગ (ધો. ૧ થી ૫ ગુ.મા.) નિર્ણાયકો : જયંતભાઇ,નિલેશભાઇ,સેફાલીબેન** | | | | |
| ૧૬ | ૧ | ભારતનાં પદ્મશ્રી અને તેમનું જીવન | ભકિતબેન ફરસરામ | વૈશાલીબેન પરમાર |
| ૧૭ | ૧ | ધીરૂભાઇ અંબાણી | ભાવિશાબેન પટેલ | સંધ્યાબેન પરમાર |
| ૧૮ | ૨ | આચાર્ય ચાણકય | નયનાબેન પટેલ | શ્વેતાબેનઅટોદરિયા |
| ૧૯ | ૩ | ૧૯૪૭ પહેલાની ભારતની ટોપ ૧૦ શકિતશાળી મહિલાઓ | શીતલબેન વાઘેલા | રેશમાબેન પટેલ, |
| ૨૦ | ૪ | અબ્રાહમ લિંકન | પદમાબેન પરમાર | રૂપલબેન પટેલ |
| ૨૧ | ૫ | સમ્રાટ અશોક | મિલનબેન ઠકકર | નિમિષાબેન પટેલ |



**કાચાને પાકા કરો, પાકાને પારંગત કરો**




**એક ઉત્તમ વિચાર વ્યકિતને કરોડપતિ બનાવી શકે છે.**



**પ્રામાણિકતા એક મહાન શસ્ત્ર છે.**



**નિ:સ્વાર્થ સબંધો એ તમારી એક તાકાત છે.**



| પૂર્વ-પ્રાથમિક વિભાગ (ગુ.મા.)નિર્ણાયકો : આશાબેન,વર્ષાબેન,યોગીનીબેન,પારસબેન | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | વિજેતા નંબર | વિષય | શિક્ષક ૧ | શિક્ષક ૨ |
| ૨૨ | ૧ | ગીજુભાઇ બધેકા | ધૃતિબેન રાઠોડ | રીતીષાબેન સિદ્ધપુરા |
| ૨૩ | ૨ | ચાર્લી ચેપ્લીન | બેલાબેન ક્રિસ્ટી | રેખાબેન રાઠોડ |
| ૨૪ | ૩ | મીસ્ટર બીન | હેમાબેન ભટ્ટ | |
| **Pre-Pri. Sec (E.M)Judge : Ashaben,Shilaben,Bhavishaben,Yoginiben** | | | | |
| ૨૫ | ૧ | Warren buffett | RiddhiPrajapati | Veena Singh |
| ૨૬ | ૨ | Mahatma Gandhiji | PurviKapuria | Swati Shakya |
| ૨૭ | ૩ | Queen Victoria | Sneha Patel | MohiniNirkhe |

| **Primary (English Medium) Judge : Aditiben,Ashaben,Kusumben** | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | વિજેતા નંબર | વિષય | શિક્ષક ૧ | શિક્ષક ૨ |
| ૨૮ | ૧ | Srinivasa Ramanujan | ShilabenKarmokar | DipalibenBorse |
| ૨૯ | ૨ | Cambridge University | PurvabenPrajapati | Parasben Rana |
| **Hr. Primary & Sec. (E.M) Std. 6 to 10 Judge : Aditiben,Ashaben,Jayantbhai** | | | | |
| ૩૦ | ૧ | Oxford University | Vidhyaben Rana | Divyaben Parekh |
| ૩૧ | ૨ | Harry Potter | YoginibenVasava | HinalbenKayasth |
| ૩૨ | ૩ | Napoleon Bonaparte | VarshabenSutariya | Raginiben Gupta |
| **H.S.C. Science (E.M) Judge : Jayantbhai,Aditiben,Nileshbhai** | | | | |
| ૩૩ | ૧ | Howard University | L.D. Bhardwaj | Hemaxiben |
| ૩૪ | ૨ | Chicago University | SureshbhaiPrajapati | Dhwaniben Shah |

| **લોકભોગ્ય નિર્ણાયકો : જયંતભાઇ,નિલેશભાઇ,અદિતિબેન** | | |
|---|---|---|
| વિજેતા નંબર | વિષય | શિક્ષકનું નામ |
| ૧ | મને બધુંઆવડે છે,પણપરીક્ષાનું યાદ રહેતું નથી. | એલ.ડી.ભારદ્વાજ |
| ૨ | સંશોધનક્ષેત્રે આપણે ક્યાં અને હવે શું? | અલ્પેશભાઇ પટેલ |
| ૩ | સમગ્રતાવાદ – કોફકાકોહલર અને વર્ધીમરના સિદ્ધાતો | બિનીતાબેન ગોહિલ |
| ૪ | મોબાઇલમાંરોજ અપગ્રેડેશન થાય છે.તો શિક્ષણમાં કેમ નહિ ? | વિદ્યાબેન રાણા |
| ૫ | IITનું પ્રદાન | પરેશભાઇ પટેલ |
| ૬ | પેન્સિલવેનિયા યુનિવર્સિટી | ઉર્વશીબેન જાની |
| ૭ | શિક્ષણ ૧૦ વર્ષ અગાઉનું અને ૧૦ વર્ષપછીનું | શીતલબેન વાઘેલા |
| ૮ | આજનામાતા-પિતાની સમસ્યા,ઉપાય | કંચનબેન પરમાર |
| ૯ | IIM માંઆપણા વિદ્યાર્થીક્યારે જશે ? | ઉન્નતિબેન પટેલ |
| ૧૦ | આજના શિક્ષણના પડકારો અને ઉપાયો | ચીમનભાઇપરમાર |
| ૧૧ | ભારતમાં વિજ્ઞાનની ઉજ્જવળપરંપરા | સુરેશભાઇ પ્રજાપતિ |



**તળેટીમાં ભીડ છે. શિખર પર નહિં. શિખર પર પહોંચવાની તૈયારી રાખો.**



**કોઠા સૂઝ વિકસાવો માત્ર નકલ કરનારા ના બનો...**



**તમે કેવા લોકો સાથે બેસો છો, ફરો છો તેના આધારે તમારા વ્યકિતત્વનું સતત મૂલ્યાંકન કરતા હોય છે.**





## લોકભોગ્ય

# (1) I can remember everything but I forget what I study in exams.

**- Mr. L.D Bharadwaj**

Our brain is undoubtedly a forgetful organ. Functioning of brain is extremely complex and difficult to comprehend at one go. When it comes to Education and learning, it becomes more complicated. In normal circumstance, the brain tends to remember a lot of happenings events and personalities in a better manner mainly because it is free learning and some content naturally stays in your mind. Some reasons due which brain tends to forget many points during the examination are given as under:

- **Lack of Revision**

Students generally tend to forget the content during the examination if he has burnt the midnight oil at the last minute. With a regular schedule of study and appropriate revision, the retention capacity of the brain improves and the content is embedded in a much deeper manner The students also have an aim to just reproduce what you have remembered in the mind onto the answer paper which is the ultimate goal. The future purpose tends to be non-existent.

- **Pressure and Fear of Examination**

When it comes to the exam, the student is in constant fear and threat to perform well and score good grades due to the cut-throat competition. Thus, the student is remember to complete with his friend and produce exemplary answer rather than actually studying to gain knowledge.

- **Lack of Confidence**

Sometimes, the student has lost faith in the examination system and even confidence in himself/herself to tackle it well. This also implies a lack of motivation. Some of student for into depression or anxiety when the exam period is near thisnegative thought sleep into the mind. This sometimes turns into an extreme situation where the student completely blanks out seeing the question paper.

- **The Cognition Imbalance**

In normal circumstances, the cognition of the brain tends to be balanced. Whenever the student enters the phase of the examination, then tends to be extreme cognition or hot cognition. This leads to extreme ends in stimulation of the brain. That's why the phenomenon of exam fever is quite common. This hampers the capacity to withhold whatever has been memorized or learned by the student.

- **Conclusion**

First build concepts much powerfully, then do ratification. Do you know our mind will forget everything if you do not revise, because our mind is designed such  way 2 self. So make sure you revise everything. Suppose today you studied a topic then next day before starting another topic, revise last topics. and after you complete a chapter/unit revise whole. (Before final exams, revise each topic at least 3–4 times)

Your mind is a super  computer and your self talk a program which runs this super computer thus it is must for you and needed to give your self a positive self-talk in order to command your super computer to gain positive result.



# (2) Latest Research in Various Sector

***Alpesh Patel***
Hr. Sec. Section (Sci. Stream) (Guj.Med)

**1. Electronics and Tele Communications :** The key differences between 4G vs. 5G network architecture include the following: Latency ,Potential download speeds, Base stations,OFDM encoding, Cell density. [Letency is a time taken to connect between two devices]

In 4G, SPEED is 100 MBPS, Download speed is 2/3 MBPS, it consumes more POWER, Latency : 50 ms and Coverage and Capacity is less.

In 5G, SPEED is 10 GBPS, Download speed is 100/200 MBPS, it Consumes Less POWER, Latency : 1 ms Coverage and Capacity is more.

**2. Transportation Technology :**



**FASTAG is Replaced by GPS Enabled Toll System :**

GPS or Global Positioning System is a satellite-based navigation system It tracks the movement of Vehicle on highway.

Toll will Be charged based on Distance travelled from Entry point to Exit Points.

**3. Biotechnology : mRNA Technology (messenger RiboNucleic Acid )**

- mRNA vaccine is offer an alternative to the Traditional vaccine
- High effectiveness
- High Capacity for RAPID Devlopment and LOW COST production
- The Success of the COVID-19 mRNA Vaccines has given a big boost to efforts to develop other mRNAvaccines from cancer to Zika virus.




**4. Medical and Health :-** "First time in history" Cancer vanishes for every patient in drug trial:Indian-origin patient among those healed completely.The trial used monoclonal antibody called DOSTARLIMAB every three weeks for six months for the treatment of a particular kind of stage two or three RECTAL cancer.

**Advanced power of AI-enhanced image segmentation and AI-driven treatment planning (Ethos™ therapy)**



- Automatic Planning and Detection of TUMORS
- What used to take two to three days, now can be accomplished in a typical 15-minute timeframe
- NONINVASIVE:- Ethos therapy is designed to deliver precise noninvasive treatment that requires no incisions or surgery and no post-surgery recovery period.
- Very Very less Sideeffects
- Chances Of Recurrence is very less.

5. **Artificial Intelligence :** In the simplest terms, AI stands for Artificial Intelligence refers to systems or machines that mimic human intelligence to perform tasks and can iteratively improve themselves based on the information they collect. There are numerous, real-world applications of AI systems today. Some of the most common examples are as below:

- **Speech recognition :** It is also known as automatic speech recognition (ASR), computer speech recognition, or speech-to-text, e.g. Siri or Alexa..
- **Customer service :** Online chatbots are replacing human agents along the customer journey, changing the way we think about customer engagement across websites and social media platforms. Chatbots answer frequently asked questions (FAQs) about topics such as shipping, or provide personalized advice, Examples include virtual agents on e-commerce sites; messaging bots,
- **Computer vision :** This AI technology enables computers to derive meaningful information from digital images, videos, and other visual inputs, and then take the appropriate action. Radiology imaging in healthcare, and self-driving cars within the automotive industry.
- **Recommendation engines :** Using past consumption behaviour data, AI algorithms can help to discover data trends that can be used to develop more effective cross-selling strategies. This approach is used by online retailers to make relevant product recommendations to customers during the checkout process.
- **Automated stock trading :** Designed to optimize stock portfolios, AI-driven high-frequency trading platforms make thousands or even millions of trades per day without human intervention.
- **Fraud detection :** Banks and other financial institutions can use machine learning to spot suspicious transactions. Supervised learning can train a model using information about known fraudulent transactions. Anomaly detection can identify transactions that look a typical and deserve further investigation.

---




## (3) ગેસ્ટાલ્ટ વાદનો સિધ્ધાંત, અંતઃદ્દષ્ટિ સૂઝનો સિધ્ધાંત

**બિનીતાબેન ગોહિલ**

ઈ. આચાર્યા, ઉ.મા.વિ (ગુ.મા.)

➢ ગેસ્ટાલ્ટ જર્મન શબ્દ છે. જેનો અર્થ થાય છે પૂર્ણ અથવા સમગ્ર ભાગ. ગેસ્ટાલ્ટ વાદને કોહલરનો સૂઝ અથવા અંતઃ દૃષ્ટિનો સિંધ્ધાંત પણ કહે છે. તેને સંજ્ઞાનાત્મક ક્ષેત્ર સિધ્ધાંત પણ કહે છે. કારણકે તેમાં જ્ઞાન અથવા પ્રત્યક્ષી કરણને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. આ સિધ્ધાંતના સ્વપ્ન દૃષ્ટા મેકસ વર્ધિમર હતા જેમણે ગેસ્ટાલ્ટ મનોવિજ્ઞાનને વિશ્વવ્યાપી બનાવવાનું સ્વપ્ન સેવ્યું હતું. જેને કર્ટ કોફકા અને વુલ્ફ ગેંગ કોહલરે વિકસાવ્યું. કર્ટ કોફકાએ "The Growth Of The Mind" પુસ્તક પ્રકાશિત કરી ગેસ્ટાલ્ટ થીયરીને વિકાસલક્ષી મનોવિજ્ઞાનમાં રૂપાંતરિત કરી, જયારે કોહલરે ૧૯૫૯ માં "ગેસ્ટાલ્ટ સાયકોલોજી પુસ્તક દ્વારા અંતઃદૃષ્ટિનો સિધ્ધાંત વ્યાખ્યાયિત કર્યો.

➢ ગેસ્ટાલ્ટવાદમાં પૂર્ણતાને મહત્વ આપવામાં આવ્યું. "The Whole is More Important then the Part" એ ગેસ્ટાલ્ટ વાદનું મહત્વનું સોપાન છે. આ સિધ્ધાંત દ્વારા પૂર્ણ થી અંશ તરફ (Whole to Part) અથવા સ્થૂળ થી સૂક્ષ્મ (Macro to Micro) તરફ ની અંતઃ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે.

➢ ગેસ્ટાલ્ટ વાદીઓ અનુસાર કરીને શીખવું કે અનુભવીને શીખવું નાના બાળકો દ્વારા અપનાવાયેલો અધિગમ છે કેટલાલ કાર્યો એવા હોય છે જેમને બાળક પહેલી વારમાં જ પોતાની રીતે શીખી લે છે. ગેસ્ટાલ્ટવાદ વિવેકપૂર્ણ તેમજ ચિંતનશીલ બાળકો બનાવવા પર ભાર મૂકે છે. અંતઃદૃષ્ટિ માટે વુલ્ફગેંગ કોહલરે સુલતાન નામના ચિમ્પાન્ઝી પર કરેલાં પ્રયોગો ખૂબ મહત્વના છે. નિર્જન ટાપુ પર ચિમ્પાન્ઝીને અલગ અલગ પરિસ્થિતિઓમાં મૂકીને કરેલાં બે પ્રયોગો દ્વારા કોહલરે સૂઝનો સિધ્ધાંત મનુષ્ય પર પણ કારગત છે, એમ દર્શાવ્યું છે.



**પ્રયોગ - ૧ :** ભૂખ્યા ચિમ્પાન્ઝી સુલતાનને એક બંધ રૂમમાં જરૂરી સામગ્રી સાથે બંધ કરી દેવામાં આવ્યો છે. રૂમની છત પર કેળા લટકાવવામાં આવ્યા છે. ભૂખ્યો ચિમ્પાન્ઝી એ લેવા માટે ખૂબ પ્રયાસો કરે છે, પરંતુ ઉંચાઇના કારણે તેના તમામ પ્રયત્નો અસફળ જાય છે. અને તે શાંતિથી બેસીને સમગ્ર ઓરડાનું નિરીક્ષણ કરે છે, જ્યાં તેને બોકસ પડેલા જોવા મળે છે, તેની સૂઝનો ઉપયોગ કરી તે બોકસ પર ચઢીને ઉપર બાંધેલા કેળા મેળવવામાં સફળ રહે છે આ પ્રયોગમાં વારંવાર કેળાને વધુ ઉંચાઇએ બાંધવામાં આવે છે અને ચિમ્પાન્ઝી દરેક વખતે કંઇકને કંઇક પ્રયત્નો થકી કેળાં મેળવવામાં સફળ રહે છે.

**પ્રયોગ - ૨ :** ભૂખ્યા સુલતાનને પીંજરામાં પૂરી ને પીંજરાની બહાર કેળા મૂકવામાં આવે છે. આ પીંજરામાં નાની – મોટી લાકડીઓ મૂકવામાં આવી છે જેના છેડે કડીઓ છે, જેનાથી લાકડી જોડીને મોટી બનાવી શકાય. ચિમ્પાન્ઝી કેળા મેળવવા પ્રયત્નશીલ છે,પરંતુ, તે સીધો કે લાકડીની મદદથી કેળા મેળવવામાં અસફળ રહે છે. કોહલર તેને લાકડીની કડીમાં આંગળી ગોઠવીને સંકેત આપે છે, જેના કારણે ચિમ્પાન્ઝીને અંત:દૃષ્ટિ પ્રાપ્ત થાય છે તે લાકડીની કડીઓ જોડી તેને મોટી બનાવી દે છે અને મોટી લાકડીનો ઉપયોગ કરી કેળાને પોતાની તરફ ખેંચવામાં સફળ રહે છે.

આમ, બંને પ્રયોગમાં ચિમ્પાન્ઝીનું લક્ષ્ય તેની ભૂખ છે, જેને સંતોષવા માટે તે નાના-મોટા પ્રયાસો કરે છે. રૂમનું નિરીક્ષણ કરીને બોકસને જોવું સમગ્ર આકારનું અધ્યયન છે, જ્યારે બોકસનો અને લાકડીનો ઉપયોગ કરવો તેની અંત:દૃષ્ટિ અને સૂઝબૂઝ દર્શાવે છે. (Insight & Sense) ટૂંકમાં કોઇપણ ક્ષેત્રનું પ્રત્યક્ષીકરણ કરવું અને તે ક્ષેત્રનું પુનઃગઠન કરવું એ જ સૂઝ અથવા અંત:દૃષ્ટિ છે.

---



## (4) Upgradation is seen in mobile but not in Education

**- Vidhya Rana**
(Principal- E.M.)

➢ **How Mobile is Helpful in Education ?**

*Helpful in taking online classes or getting extra online informations.

*Different topics can be learnt by different ways.



* Man educational applications and games help in increasing vocabulary.
* Many applications are introduced as extra tutorials classes.
* Easy way to get solution rapidly.

➢ **Why education is not upgrading ?**

* **Rote learning** : students mug up what they are being taught.
* **Evaluation system** : The pressure of marks often makes student underperform.
* **Equal respect to all subjects** : students should rather persue the subject they like.
* **Better training to educators** : Teachers are often considered as second parent.
* **Introduction of technology** : Schools must embrace on technology.
* **Personalize education** : absorption power of each student is not the same.
* **Teach them the purpose of education** : education is not about becoming a rich and a big person.
* **System** : Either it is chronic or are not working with time and speed
* **New educational apps :** There are educational apps but are neither known to us nor wanted and tried by us.

| | |
|---|---|
| * Academia | * 3D Model app |
| * Google scholar | * Arloopa |
| * Research gate | * Edusafar |
| * Geogebra geometry app | * Shala mitra |



**Conclusion :** If each and every teacher consider and start taking into account the above stated points and start working accordingly for the students , Very sooner we will be renowned in the consequently but we will be providing the society genius students who will be not only good in their fields but would be proudly known by the name of Narayan Vidyalay in entire world. Happy to announce that on the we are on the same path and the best example for it is GYANSATRA which is upgrading and updating each person not only in one aspect but variedly which will be benefited for students and society also.

---



## (5) Indian Institute of Technology (IIT)

**- પરેશ સી. પટેલ**
(ઉ.મા.વિ.-ગુ.મા.)

❖ **IIT શું છે ?**

- Helpful in taking online classes or getting extra online informations.
- ઉચ્ચ શિક્ષણ મેળવવા માટેનું સાર્વજનિક, પ્રતિષ્ઠિત અને શ્રેષ્ઠ સંસ્થાન.
- એક સ્વાયત શૈક્ષણિક સંસ્થા છે જેનું સંચાલન બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા કરવામાં આવે છે.
- વિશ્વ કક્ષાના વૈજ્ઞાનિકો, ઇજનેરો અને ટેકનોલોજિસ્ટ બનાવવા માટે સ્થાપિત થયેલ છે.
- રાષ્ટ્રીય મહત્વની આ સંસ્થાઓએ દેશની એન્જિનિયરિંગ કુશળતાનો ઉપયોગ કરી ઔદ્યોગિક વિકાસ અને ઉત્પાદનમાં વધારો કર્યો.

**નીડર બનો,**
**સાહસિક બનો,**
**મૂલ્યવાન બનો**



❖ **શા માટે IIT ?**

- **સુંદર પિચાઇ (CEO, Google)**
- IIT ખડગપુર માં Metallurgy Engineering (B.Tech.) કર્યુ.
  વાર્ષિક આવક ૨૪૦ મિલિયન ડોલર (૧૯૧૬ કરોડ રૂપિયા)
- મોટી કંપનીમાં વધુ પગારથી પ્લેસમેન્ટ
- ભણવા માટે સારી સુવિધા,પ્રાયોગિક જ્ઞાનમાં વધારો
- સમાજમાં માન સન્માન મળે
- IITs માટે સમગ્ર વિશ્વમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું અત્યંત પ્રભાવશાળી અને સક્રિય નેટવર્ક છે.
- IITs માં શિક્ષણ વિદ્યાર્થીઓને વિવેચનાત્મક વિચારસરણી સાથે માનવતાને પડકારતી સમસ્યાઓના ઉકેલ માટે વૈજ્ઞાનિક અભિગમ સાથે સશક્ત બનાવે છે.
- IIT ના ફેકલ્ટી અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ભારતઅને વિદેશમાં સમાજના તમામ ક્ષેત્રોમાં ભારે પ્રભાવ પાડયો છે.

❖ **પ્રથમ IIT ની સ્થાપના ક્યાં ?**

- પ્રથમ આઇ.આઇ.ટી ની સ્થાપના મે ૧૯૫૦માં પશ્ચિમ બંગાળના ખડગપુરમાં હિજલી અટકાયત શિબિરમાં થઇ હતી. મૌલાના અબુલ કલામ આઝાદ દ્વારા ૧૮ ઓગસ્ટ ૧૯૫૧ના રોજ સંસ્થાના ઔપચારિક ઉદ્‌ઘાટન પહેલાં" ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી" નામ અપનાવવામાં આવ્યું હતું.
- ઈન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (IIT ખડગપુરમાં) ભારતમાં સ્થપાયેલી પ્રથમ IIT હતી, ત્યારબાદ IIT બોમ્બે, IIT મદ્રાસ, IIT કાનપુર, IIT દિલ્હી, IIT ગુવાહટી અને IIT રૂરકી આવે છે.

**હાલ સમગ્ર ભારતમાં કુલ ૨૩ IIT's કાર્યરત છે.**

**ઊંચુ વિચારો ઝડપી વિચારો,**
**વિચારો પર કોઇનો ઇજારો નથી.**

➢ **એડમિશન કેવી રીતે મળે ?**

- ધોરણ-૧૨ સાયન્સમાં ગણિત વિષય સાથે ૭૫% Gen/OBC માટે જ્યારે SC/ST/PWD માટે ૬૫% ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (IITs) માં પ્રવેશ સંયુકત પ્રવેશ પરીક્ષા (IIT-JEE) દ્વારા હાથ ધરવામાં આવે છે જે બે સ્તરે IIT-JEE મુખ્ય પરીક્ષા અને IIT-JEE એડવાન્સ પરીક્ષા છે.

➢ **કોર્ષ વિષેની માહિતી :**

**JEE Main પરીક્ષાનું માળખું**

**બે પેપર :**

**(1) BE/B.Tech**

CPM (30×3) = 90 questions

90×4 = 360 Marks

**(2) B. Arch/B. Planing**

M (30) = 30 questions    30 × 4 = 120

aptitude (50) = 30 questions    50 × 4 = 200

Drawing (2) = 2 questions    2 × 75 =150

Total    390 Marks

**સ્વતંત્રતા જરૂરી પણ સ્વચ્છંદતા નહિં**




➢ **IIT માં કેટલા વિદ્યાર્થીઓને એડમીશન મળે ?**

- આશરે ૨૦૦૦૦ થી ૨૫૦૦૦ ઉમેદવારો લાયક ઠરે છે, જેમાંથી માત્ર ૧૦૦૦૦ ઉમેદવારો ૨૩ અલગ-અલગ IIT માં સીટ મેળવવામાં સફળતા મળે છે. જેમ જેમ IIT ની સંખ્યા વધી રહી છે તેમ IIT માં સીટો પણ વધી રહી છે. હાલમાં લગભગ ૧૬૦૦૦ જેટલી સીટો છે.

➢ **IIT માં Special શું છે ?**

- IIT ને અન્ય સંસ્થાઓથી અલગ બનાવે છે તે એ છે કે તેઓ આપણું ધ્યાન એ તરફ ખેંચે છે કે આપણે જે અભ્યાસ કર્યો છે તેને વાસ્તવિક દુનિયામાં કેવી રીતે લાગુ કરી શકીએ. સોંપણીઓ (Assignment) 'મંથન' (Brain stroming) ની ટેકનિકને પ્રોત્સાહિત કરે છે અને પ્રોજેક્ટની સંભવિતતા પર વિદ્યાર્થીઓ અને પ્રોફેસરો વચ્ચે ક્રિયા પ્રતિક્રિયાની મુકત સમજ છે.

## સૌથી વધુ એડમિશન લેનારા રાજ્યો

| S. N. | Rank | State | Percentage Qualified |
|---|---|---|---|
| 1 | Rank 1 | Andhra Pradesh | 17.75% |
| 2 | Rank 2 | Rajasthan | 17.43% |
| 3 | Rank 3 | Uttar Pradesh | 12.10% |
| 4 | Rank 4 | Maharashtra | 7.47% |
| 5 | Rank 5 | Delhi | 7.24% |
| 6 | Rank 6 | Madhya Pradesh | 7.15% |
| 7 | Rank 7 | Bihar | 5.56% |
| 8 | Rank 8 | Haryana | 3.72 % |
| 9 | Rank 9 | Jharkhand | 3.49% |
| 10 | Rank 10 | West Bengal | 3.06% |
| 11 | Rank 11 | Gujarat | 2.02% |





FIRST FOUR IITs

| IIT | Year of Establishment | First Director | Current Director | Campus Area (Acres) | Number of Hostels |
|---|---|---|---|---|---|
| Kharagpur | 1951 | Prof. J. C. Ghosh | Partha Chakraborty | 2100 | 22 |
| Bombay | 1958 | Prof. Kumar Bose | Prof. Devang V. Khakar | 550 | 16 |
| Madras | 1959 | Dr. B. Sengupto | Dr. Bhaskar Ramamurthi | 620 | 18 |
| Kanpur | 1959 | Dr. P. K. Kelkar | Dr. Indranil Manna | 1055 | 12 |

| Courses | IIT Entrance Exams |
|---|---|
| BTech course | JEE Advanced |
| BS-MS | JEE Advanced |
| BS | JEE Advanced |
| BTech-MTech (Dual Degree) | JEE Advanced |
| MTech | Graduate Aptitude Test in Engineering (GATE) |
| Joint M.ech/MCP-PhD | Graduate Aptitude Test in Engineering (GATE) |
| MSc | Joint Admission test for Masters ( IIT JAM) |
| Joint MSc-PhD | IIT JAM |
| BArch | Architecture Aptitude Test (AAT) |
| BDes | UCEED |
| MDes | Common Entrance Exam for Design (CEED) |
| MBA | Common Admission Test (CAT) |



# (6) University of Pennsylvania

- ઉર્વશીબેન જાની
(સુપરવાઇઝર, કોમર્સ વિભાગ)

❖ **પ્રાથમિક માહિતી :**

- The University of Pennsylvania એક પ્રાઈવેટ રીસર્ચ યુનિવર્સિટી U.S.A. ના ફિલાડેલ્ફિયાના પેન્સિલવેનીયા સ્થળે આવેલી છે. જેથી આ યુનિવર્સિટીનું નામ પણ પેન્સિલવેનીયા યુનિવર્સિટી છે. જેથી આ યુનિવર્સિટીને ટૂંકમાં UPEEN અથવા PEEN યુનિવર્સિટી પણ કહે છે.
- U.S.A.ના પ્રથમ પ્રેસિડેન્ટ બેન્જામિન ફ્રેકલીન યુનિવર્સિટીના ફાઉન્ડર છે. તેમના દ્વારા ૧૭૪૦માં હાયર એજ્યુકેશન માટે આ યુનિવર્સિટીની સ્થાપના થઇ હતી.
- U.S.A માં આવેલી આઠ હાઇએસ્ટ રેન્ક યુનિવર્સિટીઓમાની એક કહી શકાય છે. અમેરિકાની આઝાદી પહેલાની આ યુનિવર્સિટી જે ચોથી જૂની યુનિવર્સિટી છે.
- 4 અન્ડર ગ્રેજ્યુએટ ને ૧૨ ગ્રેજ્યુએટ તેમજ પ્રોફેશનલ એમ ઘણી બધી કોલેજોને આ યુનિવર્સિટી આવરી લે છે. Arts, Science, Applied Science, Whatan, Nursing જેવા કોર્સમાં વન યુનિવર્સિટી પોલિસી અંતર્ગત તમે કોઇ પણ કોલેજમાં જઇ સાથે અભ્યાસ કરી શકાય છે. જે ઘણું ખરું આપણી ન્યુ એજ્યુકેશન પોલિસી ૨૦૨૦ જેવું કહી શકાય.

❖ **ભૂતપૂર્વ વિદ્યાર્થીએ પ્રાપ્ત કરેલ સિદ્ધિઓ :**

- ઓકટોબર 2019ની માહિતીના આધારે આ યુનિવર્સિટીએ ૩૬ નોબલ પારિતોષિક વિજેતા ૬૪ જીવીત અબજોપતિ જેમાંથી ૨૮ તેમની અંડર ગ્રેજ્યુએટ કોલેજમાંથી પાસ થયા છે, ૧૬ ગ્રામી એવોર્ડ વિજેતા, ૧૧ એમી એવોર્ડ વિજેતા, ૪ ઓસ્કર વિનર, ૪૩ ઓલમ્પિક મડલ વિનર જેમાંથી ૨૬ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરનાર, ૨ નાસાના એસ્ટ્રોનેટ, ૫ હાઇએસ્ટ મિલેટ્રી એવોર્ડ વિનર પણ છે. જે પરથી કહી શકાય કે આ યુનિવર્સિટીએ પોતાનું સારું યોગદાન સોસાયટીને આપ્યું છે.
- Elon Musk, Shakira, Donald Trump, Sundar Pichai જેવા ઘણા ખ્યાતિ પામેલા વિદ્યાર્થીઓ આ યુનિવર્સિટીમાંથી ભણેલા છે.

❖ **Educational Innovations :**



1) 1765 First Medical College
2) 1874 First University teaching hospital warden school (Live Hospital )
3) 1896 અમેરિકાની પહેલી સ્ટુડન્ટ યુનિયન બિલ્ડીગ હ્યુસ્ટન સ્કૂલ
4) 1946 દુનિયાનું સૌથી પહેલું ઇલેકટ્રોનિક લાર્જ સ્કેલ જનરલ પેપર્સ ડિજિટલ કોમ્પ્યુટરનું ઘર પણ આ જ યુનિવર્સિટી હતી.
5) અમેરિકામાં સૌથી જૂનો સાયકોલોજીકલ ડિપાર્ટમેન્ટનો અભ્યાસક્રમ સૌ પ્રથમ અહી જ શરૂ થયો હતો જે હજુ ચાલે છે.
6) AMA = American medical association ની સ્થાપના પણ અહી જ થઇ હતી.

- **હેતુ : "બોધ વગરના નિયમો નકામા છે."** જે લેટિન ભાષામાં લખાયેલો છે.
- કેમ્પસ 299 એકરમાં ફેલાયેલુ વેસ્ટ ફિલાડેલ્ફિયાના પેન્સિલવેનિયા શહેરમાં છે. કેમ્પસની આજુબાજુ યુવાઓને ગમે તેવું રેસ્ટોરન્ટ, મુવી, ગ્રોસરી શોપ બધું જ છે, આ કેમ્પસમાં દુનિયાભરમાં પ્રસિદ્ધ વિસ્ટર ઇન્ટિટ્યૂટ જે કેન્સર રિસર્ચ માટે પ્રસિદ્ધ છે તે પણ છે.

❖ **How to get Admission :**

- Yieldની ડિગ્રી સાથે પાસ થયેલ તેમજ સ્ટાન્ડર્ડ અમેરિકા એકટની પરીક્ષા આપી તમે આ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવી શકો છો. ઘણી બધી સ્કોલરશીપની સહાય પણ તમને આ યુનિવર્સિટીમાં મળે છે. અંદાજિત ભારતના ૬૦૦ થી ૭૦૦ વિદ્યાર્થીઓ આ યુનિવર્સિટીમાં અભ્યાસ કરી રહ્યા છે. આ યુનિવર્સિટીએ દુનિયાની સૌથી પ્રસિદ્ધ આઠમી યુનિવર્સિટી તરીકે નામના મેળવેલ છે. આ યુનિવર્સિટી સ્કીલ બેઝ અભ્યાસક્રમને પ્રાધાન્ય આપે છે.



# (૭) શિક્ષણ "દશ વર્ષ પહેલાનું, દશ વર્ષ પછીનું" શિક્ષણ

**- શીતલબેન** (સુપરવાઈઝર)

આપણી આજુબાજુ રહેલી અને આપણા અસ્તિત્વ સાથે જોડાયેલી કઇ-કઇ વસ્તુ છે અને તે કઇ રીતે કામ કરે છે તેની જાણકારી મેળવવી એટલે શિક્ષણ.

## શિક્ષણ નું મહત્વ

શિક્ષણ કોઈપણ દેશની સભ્યતા અને સંસ્કૃતિ નું અનિવાર્ય અંગ હોય છે અને શિક્ષણ દ્વારા વ્યક્તિનો સર્વાગીણ વિકાસ થાય છે, એટલું જ નહિં સામાજીક અને સાંસ્કૃતિક વિકાસ પણ થાય છે

સમાજ સતત પરિવર્તનશીલ છે, તે સતત નવી બાબતો અપનાવી પ્રગતિ કરે છે. આ નવી બાબતોની જાણકારી માણસને શિક્ષણ આપે છે તો શિક્ષણમાં પણ ઘણુ બધું પરિવર્તન આવ્યું છે અને આવશે તો આજે આપણે જોઇશું કે દશ વર્ષ પહેલા કેવું શિક્ષણ હતું અને દશ વર્ષ પછી કેવું શિક્ષણ હશે.

**પરદેશ મળશે પરંતુ જીવન જીવવાની કલા નહિં મળે. તો આજથી દશ વર્ષ પછી કૌશલ્યલક્ષી શિક્ષણ તો મળે જ પરંતુ નૈતિક મૂલ્યો વાળું શિક્ષણ પણ વિદ્યાર્થી પ્રાપ્ત કરે એ ખૂબ જરૂરી બની ગયું છે.**

### ૧૦ વર્ષ પહેલાનું શિક્ષણ







### ૧૦ વર્ષ પછીનું શિક્ષણ







- વર્ગખંડો પેપરલેશ હશે.
- વધુમાં વધુ કમ્પ્યૂટર આધારિત શિક્ષણ
- એજયુકેશનમાં ટેકનિકલ, ડિજીટલ લર્નિંગ અને ઓનલાઇન શિક્ષણનો સમય હશે, સ્માર્ટ કલાસ વધે.

**જીવનમાં ચાલશે, ફાવશે, ભાવશે અને ગમશે તેવા વિચારોવાળી વ્યકિત કયાંય દુઃખી થતો નથી. દરેક જગ્યાએ અનુકુલન સાધવાવાળા આગળ વધે છે.**



# (8) આજના માતા-પિતાની સમસ્યાઓ, ઉપાય

**કંચનબેન પરમાર**
(સુપ. ઉ.પ્રા.વિ.)

બાળકનો જન્મ એ મા-બાપ માટે અતિ આનંદનો અવસર ગણાય છે. દરેક માતા પિતા પોતાના બાળકને ખૂબ પ્રેમથી ઉછેરે છે. પણ જેવું બાળક નિશાળે જવાનું શરૂ કરે છે કે મા બાપની સમસ્યાઓ શરૂ થઇ જાય છે.

**શાળાની પસંદગી અને અભ્યાસનું માધ્યમ :**

- સરકારી શાળાઓમાં શિક્ષણનું સ્તર સામાન્ય હોય છે. તેથી બાળકને ખાનગી શાળામાં ઊંચી ફી ભરીને ભણાવવું પડે છે. દરેક માતા પિતાને મૂંઝવતો પ્રશ્ન એ છે કે બાળકને શિક્ષણ કયા માધ્યમથી આપીએ ? અંગ્રેજી ભાષામાં કે ગુજરાતી ભાષામાં. મારા મતે બાળકને શિક્ષણ માતૃભાષામાં જ આપવું જોઇએ. બાળકો મોટા થઇને બીજી ભાષા તો શીખી શકે છે જ. ઘરમાં ભાષા અને વાતચીત ,વાતાવરણ અલગ અને ભણતરનું માધ્યમ અલગ બાળકના અભ્યાસને રૂંધે છે.
- દીકરા દીકરીઓને ભણવાનું કહેતા ગુસ્સો કરે છે. સાંભળતા નથી. વળતો જવાબ આપે છે. આ બાબતે મારી શાળામાં શિક્ષક અને વાલીઓ સાથેનો ઘનિષ્ઠ સંબંધ રહયો છે. વારંવાર વાલી મિટિંગો યોજાય છે. જે થકી બાળકના મનોવૈજ્ઞાનિક વલણને ઓળખી યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે છે.
- **બાળકોના કેરિયર બાબતે ચિંતા :** ધો: ૧૦, ૧૨ પછી કઇ લાઇનમાં જવું એ પણ બાળકો, વાલીઓ માટે એક મોટો પ્રશ્ન છે. આ માટે શાળામાં અલગ અલગ ક્ષેત્રોના નિષ્ણાંતોને બોલાવી સેમિનાર ગોઠવવામાં આવે છે. પારસમણિ જેવા કાર્યક્રમો થાય છે. જે થકી બાળકને દરેક ક્ષેત્રનું જ્ઞાન મળી રહે. એક લક્ષ્ય પ્રાપ્ત થાય.
- આજે બાળકો માટે બ્રાન્ડેડ કપડાં, ઘડિયાળ,ગોગલ્સ વગેરે જીવન જરૂરિયાતની વસ્તુ બની ગયા હોય એવું વર્તન કરે છે. પોતાને માતા પિતાથી હોંશિયાર સમજે છે. આ માટે મારી શાળામાં " જીવન કૌશલ્ય કેળવીએ" પ્રોજેક્ટ હાથ ધરાયો છે. જે થકી બાળકો માતા પિતાની આર્થિક મહેનતને જાણે છે. પૈસાનું મૂલ્ય સમજે છે. લઘુ ઉદ્યોગોનું પ્રેક્ટિકલ જ્ઞાન મેળવે છે. વેકેશનનાં સમયનો સદ્ઉપયોગ થાય છે.
- **ધો. ૧૦,૧૨ માં બાળકની સારા રીઝલ્ટની ચિંતા :** આ માટે શાળા દ્વારા બોર્ડ ટાઇપ પ્રશ્નપત્ર સોલ્વ કરાવવામાં આવે છે. બાળકોને વ્યકિતગત કે ગૃપમાં બેસાડી માર્ગદર્શન આપવામાં આવે છે. વાલીને પણ સામેલ કરવામાં આવે છે.
- કેટલાંક બાળકો ખૂબ શરમાળ હોય છે. આત્મવિશ્વાસનો અભાવ જોવા મળે છે. આ માટે શાળામાં વિવિધ સહઅભ્યાસ પ્રવૃત્તિઓ થાય છે. પ્રોજેક્ટ પ્રદર્શનો થાય છે. સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે. જે થકી બાળકનો આત્મવિશ્વાસ વધે છે. આંતરિક શકિત બહાર આવે છે.

---



# (૯) IIM માં આપણા વિદ્યાર્થીઓ કયારે જશે ? (લોક ભોગ્ય)

**ઉન્નતિબેન પટેલ**
(સુપરવાઇઝર, કોમર્સ વિભાગ)

- IIM : Indian Institutes of Management
- સ્થાપક : Ministry of Education Govt. of India.
- સ્થાપના : ૧૩ નવેમ્બર ૧૯૬૧ માં પ્રથમ IIM Calcutta

ભારતમાં કુલ ૨૦ IIM આજ સુધી કાર્યરત છે જેની યાદી Top ૨૦ પ્રમાણે નીચે મુજબ છે.

1) IIM Ahmedabad - 1961
2) IIM Bangalore - 1973
3) IIM Calcutta - 1961
4) IIM Lucknow - 1984
5) IIM Kozhikode - 1996
6) IIM Indore - 1996
7) IIM Shillong - 2007

11) IIM Kashipur - 2011
12) IIM Tiruchirappalli - 2011
13) IIM Udaipur - 2011
14) IIM Amritsar - 2015
15) IIM Bodh Gaya - 2015
16) IIM Nagpur - 2015
17) IIM Sambalpur - 2015

8) IIM Raipur - 2010
9) IIM Ranchi - 2010
10) IIM Rohtak - 2010
18) IIM Sirmaur - 2015
19) IIM Visakhapatnam - 2015
20) IIM Jammu - 2016

**પ્રામાણિકતા એક મહાન શસ્ત્ર છે.**

❖ **Academics (કોર્સ) :**

➢ IIM માં પ્રવેશ ધો -૧૨ અને ગ્રેજ્યુએશન પછી મેળવી શકાય છે. IIMમાં ૧૦૦ કરતાં વધારે કોર્સ ઉપલબ્ધ છે. TOP 10 IIM માં Full Time Course શીખવવામાં આવે છે. IIM માંથી Pass out થનાર Students ને વિશ્વની કોઈ પણ કંપની જોબ પર રાખવા માટે તૈયાર હોય છે



❖ **Admission Process :**

1) Entrance Exam
2) Short Listing
3) Personal Interview

❖ **IIM મા વિદ્યાર્થીની મુલાકાત (પારસમણિ પ્રોજેક્ટ) :**

➢ કેતનભાઈ મનહરભાઈ પરમાર કે જેઓ નારાયણ વિદ્યાલયમાં 12-Sciમાં ટોપર તરીકે ઉતીર્ણ થયા છે.જેમણે B.E પૂર્ણ કર્યા બાદ IIM Lucknow માં CATની પ્રવેશ પરીક્ષા આપી ૨૦૧૨-૧૪માં PGDMનાં ૨ વર્ષનો કોર્સ કર્યો Campus Interview માં કેરાલાની કંપનીમાં Project Management Section માં જોબ મળી અને હાલ Stock Market અને Buiding Construction ના વ્યવસાય સાથે જોડાયેલ છે.

❖ **શૈક્ષણિક ફલિતાર્થ :**

- આવનાર વર્ષોમાં શાળાના વિદ્યાર્થીઓ પણ IIMમાં પ્રવેશ મેળવી સફળ કારકિર્દી બનાવે એવા પ્રયત્નો શિક્ષકો દ્વારા કરવામાં આવશે.

---



## (૧૦) આજના શિક્ષણમાં પડકારો

**- ચીમનભાઈ એન. પરમાર**
(મા.વિભાગ)

➢ **પડકારો :** ૨૧મી સદી એ વિકાસની સદી છે. વિજ્ઞાન અને ટેકનોલોજીની સદી છે. વિકસિત, વિકાસશીલ કે પછાત એમ દરેક દેશ પોતાની પ્રજાની સુખાકારી વધારવા માટે વિવિધ પગલાઓ લઈ રહ્યા છે. તેમના વિકાસની પાછળ સખત પરિશ્રમ અને શિક્ષણ રહેલું છે. આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ શ્રી ડો. એ.પી.જે.અબ્દુલ કલામે ભારતને ઇ.સ.૨૦૨૦ માં વિશ્વની મહાસત્તા બનાવવાનું સ્વપ્ન સેવ્યું હતું. વર્તમાન સમયમાં શિક્ષણની દશા અને દિશા વિશે વિચારવાનો સમય પાકી ગયો છે.

૧. **ઇન્ફ્રાસ્ટ્રકચરનો અભાવ :** આશરે ૯૫.૨ ટકા શાળાઓ હજુ સુધી ૨૦૧૦ માં હાથ ધરાયેલા સર્વેક્ષણ મુજબ RTE ઇન્ફ્રાસ્ટ્રકચર સૂચકાંકોના સંપૂર્ણ સેટનું પાલન કરતી નથી. તેમની પાસે પીવાના પાણીની સુવિધા, કાર્યકારી સામાન્ય શૌચાલયનો અભાવ છે અને છોકરીઓ માટે અલગ શૌચાલય નથી.

૨. **વિવિધ બોર્ડ :** બોર્ડની સંખ્યા સમગ્ર ભારતમાં અભ્યાસક્રમમાં એકરૂપતા ન હોવાનું કારણ બને છે તેથી ગુણવતા ધોરણની જાળવણી ખૂબ મુશ્કેલ છે.

3. **શિક્ષણનો મુખ્ય હેતુ જ્ઞાનપ્રાપ્તિ છે, ડિગ્રી નહિ :** શિક્ષણનો મુખ્ય હેતુ જ નવું જ્ઞાન મેળવવાનો છે. જ્ઞાન મેળવીને તેનો યોગ્ય ઉપયોગ કરવાનો છે. પરંતુ હવે તો વિદ્યાર્થીઓ માત્ર ડિગ્રી મેળવવા માટે જ શાળા કોલેજોમાં જાય છે. આજની શિક્ષણ વ્યવસ્થામાં માર્કસને મહત્વ છે,વિદ્યાર્થીમાં રહેલી આવડત,સામર્થ્ય,વિશિષ્ટ ગુણને નહી. પરિણામે શિક્ષણ માત્ર પરીક્ષાલક્ષી બની ગયું છે. તેમનું જ્ઞાન માત્ર પુસ્તકીયું જ્ઞાન બની ગયું છે.

૪. **બેરોજગારી :** કેટલાક શિક્ષણવિદો એવું માને છે કે બેરોજગારીનો પ્રશ્ન આજની શિક્ષણ વ્યવસ્થા સામેનો સૌથી મોટો પડકાર છે. આપણા દેશમાં બેરોજગારીનું પ્રમાણ ઘણું બધું છે. આપણી કોલેજો એવી ફેક્ટરીઓ બની રહી છે. કે જેમાંથી દર વર્ષે લાખોની સંખ્યામાં બેકારો ઉત્પન્ન થઈ રહ્યા છે.

૫. **મોંઘવારી અને ગરીબી :** આજનું શિક્ષણ ખૂબ જ મોઘું બન્યું છે. નર્સરીથી માંડીને ઉચ્ચ શિક્ષણ સુધી મા બાપોએ પોતાના સંતાનોના શિક્ષણની પાછળ અતિશય ખર્ચો કરવો પડે છે. શાળા, કોલેજો તેમના વિદ્યાર્થીઓ પાસેથી અનેક પ્રકારની ફી ઉઘરાવતા હોય છે. અને વર્ષો વર્ષ તેમાં સતત વધારો થતો રહે છે. પરિણામે ગરીબ અને મધ્યમ વર્ગના બાળકો શ્રેષ્ઠ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ મેળવી શકતા નથી. જેને કારણે મૂડીવાદી નવી પેઢી તૈયાર થઇ રહી છે. ટૂંકમાં આ બધાનું પરિણામ અંતે તો સમાજે જ ભોગવવું પડે છે.

૬. **શિક્ષણ પ્રણાલી :** શિક્ષણ જ્ઞાન આધારિત નહી પણ માહિતી આધારીત છે. સમગ્ર ધ્યાન માહિતીને સમજવા અને તેનું પૃથકકરણ કરવાને બદલે ક્રેમિંગ પર છે.

૭. **આપવામાં આવેલ શિક્ષણ અને ઉદ્યોગ માટે જરૂરી શિક્ષણ વચ્ચેનું અંતર :** ઉદ્યોગને યોગ્ય કર્મચારી શોધવાની સમસ્યાનો સામનો કરવો પડે છે.

૮. **ખર્ચાળ ઉચ્ચ શિક્ષણ :** ઉચ્ચ શિક્ષણ માટે ખૂબ જ ઓછી રકમ સબસીડી આપવામાં આવે છે તેથી જો વિદ્યાર્થી ઉચ્ચ શિક્ષણની તકો મેળવવા માંગે છે તો પણ તે આર્થિક સંસાધનોના અભાવને કારણે ચૂકી જાય છે.

૯. **અપૂરતું સરકારી ભંડોળ :** નાણાકીય સંસાધનોની માંગ પુરવઠા કરતાં ઘણી વધારે છે. નવીન કાર્યક્રમો અને વિચારો માટે ખૂબ જ ઓછી રકમ ઉપલબ્ધ છે.

➢ **સમસ્યાના હલ :**

૧. **ટેકનોલોજી અપનાવવી :** શિક્ષણમાં તકનીકી સાધનોના અસરકારક ઉપયોગના ઘણા ફાયદા છે. તે ઇન્ફ્રાસ્ટ્રકચર, ગુણવતાની ઘણી સમસ્યાઓ હલ કરશે.

૨. **શિક્ષક તાલીમ :** શિક્ષકોની તાલીમ એ ભારતની વિશાળ શિક્ષણ પ્રણાલીના સૌથી અસ્તવ્યસ્ત, ઉપેક્ષિત અને ખામીયુકત ક્ષેત્રોમાંનું એક છે. આને બદલવાની જરૂર છે કારણકે તેઓ વર્ચ્યુઅલ રીતે ભાવિ પેઢીઓનું ભાગ્ય તેમના હાથમાં ધરાવે છે.

૩. **વધુ સરકારી ખર્ચ :** ભારતે શૈક્ષણિક ક્ષેત્ર માટે જીડીપીનો ૬% હિસ્સો સમર્પિત કરવાનો લક્ષ્યાંક રાખ્યો હતો, પ્રદર્શન ચોકકસપણે અપેક્ષાઓથી ઓછું રહયું છે. ઇન્ફ્રાસ્ટ્રકચર બનાવવા માટે પણ ભંડોળની જરૂર છે.

૪. **સમાવેશી શિક્ષણ પ્રણાલી :** શિક્ષણ ક્ષેત્રની વૃધ્ધિમાં સમાજના તમામ વર્ગો જેવા કે ગ્રામીણ, શહેરી ગરીબ, મહિલા પછાત વર્ગ વગેરેનો સમાવેશ થવો જોઇએ.

૫. **ગુણવતાયુકત શિક્ષણ :** પુરું પાડવામાં આવેલ શિક્ષણ વિદ્યાર્થીની જરૂરિયાતોને પૂર્ણ કરતું હોવું જોઇએ. દા.ત. સાંભળવાની ક્ષતિ ધરાવતા અથવા ધીમા શીખનારાઓને શિક્ષણ આપવામાં આવે છે. તે તેમને તેમની કુશળતા વધારવા અને વધુ સારા રોજગાર વિકલ્પો મેળવવાની મંજૂરી આપવી જોઇએ.

૬. **પીપીપી મોડલ :** જાહેર ખાનગી સ્ત્રોતો અને રાષ્ટ્રીય વિકાસમાં ખાનગી ક્ષેત્રની સક્રિય ભાગીદારીને પ્રોત્સાહિત કરવા.જયારે જાહેર સંસાધનો જરૂરિયાતોને પહોંચી વળવા માટે અપૂરતા હોવાનો અંદાજ લગાવવામાં આવે ત્યારે તેની વધુ બળપૂર્વક હિમાયત કરવામાં આવે છે.

૭. **IES :** એક અખિલ ભારતીય શિક્ષણ સેવાઓની સ્થાપના થવી જોઇએ જે શિક્ષણવિદો સાથે પરામર્શ કરીને શિક્ષણની નીતિઓ નકકી કરશે.

૮. **શિક્ષણ નીતિ :** શૈક્ષણિક નીતિને વારંવાર અપડેટ કરવાની જરૂર છે. તે વિદ્યાર્થીના વ્યકિતત્વ વિકાસના સમગ્ર પાસાને આવરી લેવો જોઇએ જેથી સંસ્કૃતિ અને સામાજિક સેવાઓના મૂલ્યોને પણ આત્મસાત કરવા જોઇએ.

---

## ઝોન કક્ષાની સિધ્ધિઓ...

❖ **યુવક મહોત્સવમાં બ-વિભાગમાં વકતૃત્વ સ્પર્ધામાં પ્રજાપતિ પૂર્વા, નિબંધ લેખનમાં રાણા પારસ અને ગઝલ-શાયરીમાં દિવ્યા લિંબચીયા એ ભાગ લીધો અને તેમાં પ્રથમ નંબરે વિજેતા થયા.**





# (11) Bright Tradition of Science in India

**- Mr. Suresh K. Prajapati**

India was actively contributing to the field of science and technology centuries long before modern laboratories were set up. Here is a list of the ancient Indian discoveries that introduced and strengthened the fundamentals of modern science.

***" We owe a lot to the ancient Indians, teaching us how to count. Without which most modern scientific discoveries would have been impossible. "***

**Albert Einstein**




One of the oldest civilizations in the world, the Indian civilization has a strong tradition of science and technology. Ancient India was a land of sages and seers as well as a land of scholars and scientists. Research has shown that from making the best steel in the world to teaching the world to count, India was actively contributing to the field of science and technology centuries long before modern laboratories were set up. Many theories and techniques discovered by the ancient Indians have created and strengthened the fundamentals of modern science and technology. While some of these ground breaking contributions have been acknowledged, some are still unknown to most of us.

Here is a list of 16 contributions, made by ancient Indians to the world of science and technology, that will make you feel proud to be an Indian.

(1) The Idea of Zero, (2) The Decimal System, (3) Numeral Notations, (4) Fibbonacci Numbers, (5) Binary Numbers, (6) Chakravala method of Algorithms, (7) Ruler Measurements (8) A Theory of Atom, (9) The Heliocentric Theory, (10) Wootz Steel, (11) Smelting of Zinc (12) Seamless Metal Globe, (13) Plastic Surgery, (14) Cataract Surgery, (15) Ayurveda, (16) Iron-Cased Rockets

Concluding, India's civilization valued science and knowledge above all and some of the most extraordinary scientific advantage took place there. These include the earliest astronomy, geometry, number theory, the Indian numeral system, the idea of physical laws and invariance, the earliest formal system to describe a complex natural phenomenon (as in PāGini's computer program-like grammar that was not rivaled for 2,500 years), a very subtle Yoga psychology, and the idea of immunization of medicine.

This creativity did not end with the ancient period. For India's continuing relevance in the world of science, see The Indian foundations of modern science.

**Conclusion :** Get makes save that in next 10 years Narayan Vidyalaya will definitely become global school with producer of Scientists, Doctors, Mathematicians, Engineers, Physicist, Biologist, etc. and give its contribution in the field of science as our ancient india had been contributing.











# (૧) વ્લાદિમીર લેનિન - રશિયન ક્રાંતિના પ્રણેતા

**- બિનીતાબેન ગોહિલ**
(ઇ.પ્રિ.-મા.વિ. અને ઉ.મા.- ગ્રાન્ટેડ વિભાગ)

૨૨ એપ્રિલ ૧૮૭૦ના રોજ માતા મારિયા ઉલિયાનોવ અને પિતા લ્યા નિકોચિવ ઉલિયાનોવના ચોથા સંતાન તરીકે વ્લાદિમીર ઇલિયસ ઉલિયાનોવનો જન્મ થયો. કુલ સાત સંતાનોના માતા પિતા એવા ઉલિયાનોવ મધ્યમવર્ગીય પરિવાર હોવાની સાથે ઉદાર અને ઉચ્ચ વિચારો ધરાવતો પરિવાર હતો. ઈલિયસ (લેનીન) ના જીવનમાં બે ખૂબ મોટા પરિવર્તનો થયા જેણે લેનિન ને જન્મ આપ્યો. ૧૮૮૬માં તેમના પિતાનું મોત થયું જયારે ૧૮૮૭માં તેમના મોટા ભાઇ એલેકઝાન્ડર ઉલિયાનોવ ને ૨૧ વર્ષની ઉંમરે તેમની નજર સમક્ષ ફાંસી એ લટકાવાયા.

એ બે ઘટનાઓને કારણે વ્લાદિમીર ઈલિયસ ઉલિયાનોવ બળવાખોર તેમજ ક્રાંતિકારી બન્યા. રશિયનો એ સમયમાં ઝારશાહીનો સામનો કરી રહ્યા હતા. પુરુષો મહિલાઓ તથા બાળકોનાં મજૂર વર્ગનું ખૂબ શોષણ કરવામાં આવતું. જેના વિરોધમાં એલેકઝાન્ડર ઉલિયાનોવ વિરોધ કરતાં આ વિરોધના ફળ સ્વરૂપે ઉલિયાનોવ પરિવારને ઝાર દ્વારા વિવિધ પ્રકારની તકલીફ આપવામાં આવતી, જેને કારણે લેનિન ખૂબ ગુસ્સે ભરાયા હતા.



કાર્લમાર્કસના વિચારોના રંગે રંગાયેલા વ્લાદિમીર ઇલિયસ ઉલિયાનોવ કેટલીક ભૂગર્ભ પ્રવૃતિઓ કરતા તે સાથે જાન્યુઆરી ૧૮૯૨માં તેઓએ લો ની ડિગ્રી પ્રાપ્ત કરી. નિકોલાઇ રોમાનો દ્વારા તેમની શોધ આદરવામાં આવી. ૧૮૯૫ માં તેઓ તેમના મિત્ર સાથે પકડાઇ જતા તેમને સાઇબીરીયામાં ત્રણ વર્ષ માટે ધકેલી દેવામાં આવ્યા. જયાં તેમની મુલાકાત ક્રાંતિકારી સ્ત્રી નાદેઝા ક્રૃપસ્કાયા સાથે થઇ જે આગળ જઇને તેમની પત્ની બની. તેમની તમામ પ્રવૃતિઓમાં તેમની સાથે ખભે ખભો મિલાવી કાર્યરત રહી હતી. જાન્યુઆરી ૧૮૯૮માં લેબર કલાસ અને કેપિટાલિસ્ટ વચ્ચે ચાલતા સંઘર્ષમાં લેનિન વાંરવાર પ્રકાશમાં આવ્યા. આ માટે ફંડ ભેગું કરવા તેમણે મુનિચ, સ્વિઝરલેન્ડ, જર્મની વગેરે દેશોમાં વાંરવાર ટ્રાવેલીંગ કર્યું. પ્રિન્ટેડ મીડિયાના માધ્યમથી સ્પાર્ક કરી ઝારશાહી સામે બળવો કરવા તેમણે સોલીડ વર્ક શરૂ કર્યું.

૧૯૦૧ સુધીમાં ૧૫૦ થી વધુ નામો બદલી તેમણે જુદા જુદા દેશોમાં કેપિટલીઝમ સામે જુદા જુદા પ્રકારે ક્રાંતિ કરી સન્ ૧૯૦૨માં તેમના પુસ્તક **" What is to be Done, Burning Question of our Movement "** દ્વારા રશિયામાં ક્રાંતિ એ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું. ૧૯૦૫માં ફાધર જયોર્જ ગેપોન દ્વારા આયોજીત **Black Sunday** ના શાંતિ પૂર્ણ આંદોલન દરમિયાન ઝાર દ્વારા થયેલ હુમલાને કારણે રશિયામાં ખૂબ મોટી ચળવળ ઉદ્ભવી જેને લેનિને **Bloody Sunday** નામ આપી અલગ જ પ્રકારનું સ્વરૂપ આપ્યું આ કારણથી તેઓ રશિયન ક્રાંતિના પિતા બન્યા. **" You can not make a Revolution in white gloves"** ના નારા સાથે લેનિને ઝાર સામે ઓકટોબર રિવોલ્યુશન માટે પગલા ભર્યા. ઇ.સ. ૧૯૧૬માં **The Imperialism, The Highest Stage of Capitalism** પુસ્તક દ્વારા તેમણે ઝારશાહી સામે ઉચ્ચતમ ચળવળ ચલાવી ઓકટોબર ૧૯૧૭માં રશિયાને ઝારશાહી થી મુકત કરાવી. આ ચળવળમાં તેઓ તેમની **Dictatorship** માટે નિંદાને પાત્ર કર્યા. **Russian Social Devlopment Labour Party** ની રચના કરી. સ્વાતંત્ર્ય સંગ્રામ બાદ રશિયાની દોર લેનિનના હાથમાં આવી. ઈ.સ. ૧૯૨૧માં તેમણે નવી આર્થિક નિતિ અપનાવી. જેના ફળ ચાખ્યા પૂર્વે તેઓ લકવા ગ્રસ્ત બન્યા અને ૨૧ જાન્યુઆરી ૧૯૨૪ ના રોજ મૃત્યુ પામ્યા હતા.

આજ પર્યન્ત એટલે કે મૃત્યુના ૯૮ વર્ષ બાદ પણ રશિયનોએ તેમના મૃતદેહને જાળવી રાખી રશિયન ક્રાંતિના પ્રણેતાને સાચા અર્થમાં શ્રધ્ધાંજલી આપી છે.



શાળામાં ખૂબ હોંશિયાર બાળકોમાં કેટલીકવાર ઘરની પરિસ્થિતિ તેમજ મિત્રવર્તુળને કારણે વર્ગખંડમાં બળવાખોર તરીકેની વર્તણૂંક જોવા મળતી હોય છે. આવા વિદ્યાર્થીઓની મૂંઝવણ અને તકલીફોમાં શાળા દ્વારા કાઉન્સેલિંગ સેશન ગોઠવવામાં આવે છે જેના દ્વારા વિદ્યાર્થીઓની શકિતઓને સાચી દિશામાં ચેનલાઇઝ કરવામાં આવે છે. આ કાર્ય શાળાનાં બધા શિક્ષકો દ્વારા કરવામાં આવતું હોય છે. જેથી બાળકોમાં સાચી સમજ પ્રગટે અને ખોટાં માર્ગેથી પાછા વાળી શકાય.



# Nambi Narayanan

***Alpesh L. Patel***
[Hr. Sec. Section Sci. Stream]

Nambi Narayanan is an aerospace engineer who previously worked with the Indian Space Research Organisation **(ISRO).**

He came into the limelight in 1994 when he was arrested under false charges of espionage. Narayanan was later given a compensation of Rs 1.3 crore by the Kerala government.



Recognising his contribution to the development of rocket science in India, the Government of India conferred Narayanan with the country's third-highest civilian award, Padma Bhushan, in 2019.

**VISION : IF BHARAT WISHES TO SEND HUMANS INTO OUTER SPACE….. WE HAVE TO WORK WITH LIQUID FUEL ENGINES.**

**CAREER :** After studying mechanical engineering in Madurai, Narayanan started his career in 1966 at **ISRO** as a technical assistant at the **Thumba Equatorial Rocket Launching Station**. He was sent to Princeton University on deputation at Govt expense in 1969. He completed his master's program there in chemical rocket propulsion under professor Luigi Crocco.




He returned to India with expertise in liquid propulsion at a time when Indian rocketry was still solely dependent on solid propellants. He has claimed that he had to educate Sarabhai on liquid propulsion technology in his book.

Narayanan, with the help of French assistance,became one of the chief architects and developed an engine named VIKAS,which was used in several **ISRO** rockets including PSLV. The engine **VIKAS** helped in the missions like **CHANDRAYAAN-1** and **MANGALYAAN.**



**ESPIONAGE CHARGES :** While working for ISRO in 1994, Narayanan was falsely accused of sharing confidential information about India's space programme to two Maldivian nationals (Mariam Rasheeda and Fauzia Hassan), who allegedly sold the secret drawings of ISRO's rocket engines to Pakistan.

Following this, Narayanan was arrested and released after 50 days. The charges against him were dismissed as false by CBI in 1996 and the Supreme Court of India dismissed his case and erased all the allegations against him in 1998.



**SHUBH SANMAAN :** On 25 January 2019, Narayanan was conferred the Third-Highest Civilian Award in the Republic of India, PADMABHUSHAN awarded by RAMNATH KOVIND PRESIDENT The Government of India.



# (૨) સિકંદર

- **મયુરીકાબેન પટેલ** ( મા.વિ, ઉ.મા.વિભાગ ( ગુ.મા )
- **જ્યોતિબેન મજેઠિયા** ( ઉ.મા.વિ -ગુ.મા. )

સિકંદર એ ભારતના સુવર્ણયુગ દરમ્યાન થઇ ગયેલ ગ્રીસ અને મેસેડોનીયાના એક વિખ્યાત રાજાનું ફારસી નામ છે. તેમણે ગ્રીસથી ભારત સુધી વિજયકૂચ આદરી હતી. સિકંદર એ પશ્ચિમ જગતમાં એલેકઝાન્ડર તૃતીય અથવા એલેકઝેન્ડર મેસેડોનીયાના નામથી પણ જાણીતા છે. ઇતિહાસમાં તેને સૌથી કુશળ અને યશસ્વી સેનાપતિ માનવામાં આવ્યા છે. મેસેડોનીયાના રહેવાસી સિંકદરનો જન્મ ઇસવીસન પૂર્વે ૩૫૬ માં થયો હતો. મેસેડોનીયા ત્યારે ઉતર ગ્રીકથી બાલ્કન સુધી ફેલાયેલું હતું. સિંકદર બાળપણથી ઘણા તેજસ્વી અને પ્રતિભાવાન હતા.



તેમણે માત્ર ૧૨ વર્ષની વયે એક જંગલી અને તોફાને ચડેલા ઘોડાને અંકુશમાં લીધો હતો. તે બ્લુસીફેલસ નામનો જંગલી અને કદમાં મોટો ઘોડો હતો. ત્યાર પછી તે બ્લુસીફેલસ આ જીવન એ છોકરાનો સાથી બની ગયો હતો. એ છોકરો મોટો થઇને એલેઝેન્ડર ધ ગ્રેટ એટલે કે મહાન સિંકદર તરીકે ખ્યાતિ પામ્યો હતો અને પ્રાચીન કાળની સૌથી વધુ પ્રસિદ્ધ વ્યક્તિઓ પૈકીનો એક બન્યો હતો.

સિંકદરને એ સમયે સર્વોતમ શિક્ષણ આપવામાં આવ્યું હતું. સિંકદર ૧૩ વર્ષના હતા ત્યારે તેમના શિક્ષકોમાં અરસ્તૂ જેવા તત્વજ્ઞાનીનો પણ સમાવેશ થતો હતો. સિંકદરે અરસ્તૂ પાસેથી ગ્રીક સંસ્કૃતિ આધારિત શિક્ષણ પ્રાપ્ત કર્યુ હતું. તેથી તેમને તત્વજ્ઞાનના પાઠ ભણાવવામાં આવતાં હતા અને ગ્રીસના બધા લોકોની માફક તેઓ પણ ઇલિયડ અને ઓડિસી જેવી કવિતાઓ લખનારા પ્રાચીન ગ્રીક કવિ હોમરની બાબતમાં સર્વજ્ઞાની હતા." સિંકદર માટે હોમરની કવિતાઓ બહુ જ મહત્વની હતી. યુધ્ધ દરમિયાન સિંકદર એ કવિતાનો કેટલોક હિસ્સો પોતાના ઓશીકા નીચે રાખીને ઊંઘતા હતા."

સિંકદરના પિતાની હત્યા તેમના જ રક્ષકે કરી નાખી હતી. એ પછી એક નવા રાજા બનવાનો સંઘર્ષ શરૂ થયો હતો. એ સંઘર્ષમાં તેમણે તેમના બધા વિરોધીઓનો સફાયો કરી નાખ્યો હતો. અને ૨૦ વર્ષની વયે સિંકદર રાજા બની ગયા હતા એ પછી સિંકદરે ૧૨ વર્ષ સુધી શાસન કર્યુ હતું. તેમણે તેમના સૈનિકો સાથે ૧૨૦૦૦ માઇલની વિજયયાત્રા કરી હતી.




સિકંદરના પિતા રાજા ફિલીપ દ્વિતીયએ મેસેડોનિયાના લશ્કરને એકલા હાથે એક પ્રભાવશાળી સૈન્ય બનાવ્યું હતું. ઉચ્ચ કક્ષાનું પાયદળ, ઘોડેસવાર ટૂકડીઓ, ભાલા ફેંકવામાં અને તીરદાજીમાં નિષ્ણાત લોકો એ સૈન્યનો હિસ્સો હતા.સિકંદર એક બુધ્ધિશાળી વ્યૂહરચનાકાર હતા. ત્યારબાદ સિંકદરે પર્શિયા પર વિજય મેળવ્યો પર્શિયન સામ્રાજ્ય પર વિજય મેળવ્યા બાદ સિંકદરને ભારત તરફ પ્રયાસ કરવાનું શરૂ કર્યુ હતું.

ભારત પર વિજય મેળવવામાં સિંકદરે સ્થાનિક લોકોના વિરોધનો સામનો તો કરવો જ પડયો હતો, પરંતુ તેમણે તેમના સૈન્યની અંદરથી પણ એવા વિરોધનો કરવો પડયો હતો કે બસ, હવે બહુ થયુ. મધ્ય એશિયામાં સિંકદરે ત્રણ વર્ષ જેટલો લાંબો સમય પસાર કર્યો હતો. એ દરમિયાન એવી અફવા ફેલાઇ હતી કે સિંકદરનું મોત થયું છે. એ અફવાને કારણે મધ્ય એશિયામાંના સિંકદરના સૈન્યમાં એક પ્રકારનો બળવો શરૂ થઇ ગયો હતો અને તેમણે પાછા ફરવાના પ્રયાસ શરૂ કર્યાહતા. હકીકતમાં સિંકદર ઘાયલ થયા હતા.કેટલાક ઇતિહાસકારો એવું માને છે કે સિંકદરનું આગામી લક્ષ્ય આરબ ક્ષેત્ર હતું પણ સમય અને સંજોગોને કારણે તેઓ એ તરફ આગળ વધી શકયા ન હતા.

# Dr. B. F. Skinner



- **પુરું નામ : Burrhus Frederic Skinner -** જીવન કાળ **: 1904** થી **1990**
- **ઓળખ :** અમેરીકનસાઇકોલોજીસ્ટ, વર્તનવાદના પ્રણેતા, લેખક, સંશોધક અને તત્વચિંતક
- **ઉપલબ્ધિઓ :** હેમીલ્ટન યુનિવર્સીટીમાંથી અંગ્રેજી વિષય સાથે સ્નાતક થયા.
- હાર્વર્ડ યુનિવર્સીટી માંથી સાઇકોલોજીમાં Ph.D થયા.
- અમેરીકન સાઇકોલોજીકલ એસોસીએશન દ્વારા એમને **Lifetime Achievement Award** દ્વારા સન્માનિત કરવામાં આવ્યા.
- **સ્કિનર થીયરી : Operant Conditioning** નો સિધ્ધાંત : " પ્રાણીઓ અને મનુષ્યના વર્તનને ચોકકસ ઘટનાઓના ક્રમ અને તેના પરીણામો દ્વારા આકાર આપી શકાય,ઘડતર કરી શકાય."
- આ માટે સ્કિનરે **Operant Conditioning Chamber** બનાવી. જે સ્કિનર બોકસ તરીકે પ્રસિધ્ધ છે. આ ચેમ્બર એક નિયંત્રીત વાતાવરણ છે જે **Positive** અને **negative reinforcement** પુરૂ પાડે છે.




- સ્કીનર બોકસમાં ઉંદર અને કબુતર જેવા પ્રાણીઓ પર કરાયેલ પ્રયોગોના પરીણામો મેળવીને સ્કીનરે સાબિત કર્યુ કે જે વર્તનનું **reinforcement** (મજબુતી કરણ) થાય તે વર્તન વારંવાર થાય છે અને ટેવ બને છે. જે વર્તન **reinforced** નથી તે ભુલાય જાય છે.
- **શિક્ષણ ના ક્ષેત્રે સ્કિનરના વર્તનવાદ નું પ્રદાન :** વર્તમાન શિક્ષણ પ્રણાલીમાં ઉપયોગમાં લેવાતી અભિક્રમિત અધ્યયનની પધ્ધતિએ સ્કિનરના વર્તનવાદની દેન છે. અભિક્રમિત અધ્યયનની પધ્ધતિમાં વિદ્યાર્થીને અઘરી બાબત શીખવવા માટે નાના નાના સરળ પગથિયાઓ દ્વારા ક્રમ બધ્ધ રીતે અંતિમ કઠિન વિષયવસ્તુ સુધી લઇ જઇ શકાય છે.
- સ્કિનરનો **Operant Conditioning** નો વાદ શિક્ષણ ઉપરાંત ઘર, સામાજીક સંસ્થાઓ અને ઔદ્યોગિક એકમોમાં કામ કરતા કર્મચારીઓ માટે પણ ઉપયોગમાં લેવામાં આવે છે.

---



# (3) છત્રપતિ શિવાજી મહારાજ

**- પરેશ સી. પટેલ**
ઉ.મા.વિ (ગુ.મા.)

શિવાજી મહારાજ એક શૂરવીર વ્યકિતત્વ હતું. તેમનો શિક્ષણ ક્ષેત્રમાં કોઇ ફાળો તો નથી પરંતુ તેના ગુણો શિક્ષક અને વિદ્યાર્થીઓએ ઉતારવા જરૂરી છે.

- **સ્વાભિમાની :** બીજાપુરના સુલતાનના દરબારમાં શિવાજીને તેમના પિતા લઇ ગયા. પિતાજીએ સુલતાનને ઝુકીને ત્રણવાર સલામ કરી અને તેવું શિવાજીને પણ કરવા કહ્યું. શિવાજીએ ના પાડી દીધી અને માથું ઊંચું રાખી ઉભા રહ્યાં અને ગર્વભેર દરબારમાંથી નીકળી ગયા પણ મુગલ સલ્તનત સામે ઝુકયા નહી.



- **નારી પ્રત્યે સન્માન અને ચારિત્ર્યશીલ :** થાણે પ્રાંતના સૂબેદાર અહેમદના શહેર કલ્યાણપર શિવાજીના સેનાપતિ દ્વારા વિજય પ્રાપ્ત કરી ધનકોશની સાથે ખુબ જ સુંદર એવી સુબેદારની વહુ ગૌહરબાનુને પણ બંદી બનાવી શિવાજી સમક્ષ રજૂ કરવામા આવી. ૧૮ વર્ષની ઉંમરના શિવાજી ગૌહરબાનુને જોઇ બોલ્યા "કાશ..... મારી માતા પણ તમારા જેટલા જ સુંદર હોત તો આજે હું પણ આટલો જ સુંદર હોત." તેનું માન ભેર સ્વાગતકરી પાછા મોકલ્યા.
- **સાહસી અને નીડર :** ગુરૂકુળમા અભ્યાસ પૂર્ણ થવાથી શિવાજીને ઘરે જવાનું હતુ તે સમયે તેમના ગુરૂ રામદાસજીએ પોતાને પેટમાં દુઃખે છે અને તેનો ઇલાજમાત્ર સિંહણનું દૂધ છે. તે લાવવા માટે શિષ્યોને કહ્યું ત્યારે બધા શિષ્યો મૌન થઇ ગયા. માત્ર શિવાજી જંગલમાં જઇ સિંહ સાથે લડી તેને ભગાડીને સિંહણનું દૂધ લાવી ગુરૂજીને આપ્યુ.








- **સહનશીલ, દયાળુ અને પરોપકારી :** જંગલમાં વૃધ્ધા દ્વારા કેરી તોડવા માટે મરાયેલ પથ્થર શિવાજીના માથામાં વાગ્યો. શિવાજીને ગુસ્સો આવ્યો. વૃધ્ધાનો ખુલાસો "કેરી તોડવા માટે આંબાના ઝાડને મારેલો પથ્થર ભૂલથી તમને વાગ્યો." શિવાજીને મનમાં વિચાર આવ્યો - ઝાડને પથ્થર મારવા છતાં તે સહન કરી મીઠા ફળ આપતું હોય તો હું તો મનુષ્ય છું. વૃધ્ધાને સોના મહોરો અપાવી.
- **ન્યાયી :** ગામના મુખીયા પરસ્ત્રીની ઇજ્જત લૂંટવાના આરોપ પર ૧૪ વર્ષની ઉંમરના શિવાજીએ પ્રજામાં દાખલો બેસાડવા મુખીયાના હાથ અને પગ કાપી નાંખવાની સજા આપી.
- **ધર્મરક્ષક :** કસાઇ દ્વારા ગાયને ખેંચીને કતલખાને લઇ જવાનો પ્રયાસ. ગાયનું જોર જોરથી ભાંભરવું તથા આગળ વધવાનો પ્રતિકાર કરવો. કસાઇ દ્વારા ગાય પર અત્યાચાર આચરવો. આ જોઇ શિવાજીએ તલવારથી કસાઇનો હાથ કાપી નાંખ્યો. પ્રતિકાર કરી અફઝલ ખાંનું પેટ ચીરી નાંખ્યું.

---



## મહારાણા પ્રતાપ

**- વંદનાબેન. જે. ભાભોર** ઉ.મા.વિ (ગુ.મા.)

### મહારાણા પ્રતાપના જીવનના સિધ્ધાંતો તથા મૂલ્યો :




**૧. સ્વાભિમાન/આત્મસન્માન :**

- આત્મસન્માન સૌથી મોટું ધન છે.
- આત્મસન્માન ગુમાવવા કરતાં મૃત્યુ પામવું વધુ સારું છે.

**૨. આત્મવિશ્વાસ :**

- તમારો આત્મવિશ્વાસ એ તમારી આવડત કૌશલ્યનું પ્રતિબિંબ છે.
- પોતાનામાં રહેલ કૌશલ્યોને ઓળખો અને તેના વિકાસ માટે પ્રયત્નો કરો. તમારી બધી જ ઊર્જા તમારા કૌશલ્યો પર લગાવશો તો જરૂર સફળ થશો અને તેના કારણે તમારો આત્મવિશ્વાસ પણ વધશે.

**3. અસફળતા કે પરાજયથી દુ:ખી થવું કે હારવુ નહી :**

- અસફળતા તમારામાં છૂપાયેલી ખામીઓને બહાર લાવે છે અને તેમાં સુધારો કે તેને દૂર કરવાનો માર્ગ બતાવે છે.
- હાર માન્યા વગર તમારા લક્ષ્ય,પરિશ્રમ અને આત્મશકિતને યાદ કરતા રહી ધ્યેય પ્રાપ્તિના માર્ગ પર આગળ વધતા રહો.
- મુશ્કેલીઓ તમને તમારી શકિતઓને ભૂલાવી દે છે તેથી મુશ્કેલીઓથી ડરવું નહી પરંતુ હિંમતપૂર્વક તેનો સામનો કરવો.

**૪. ધ્યેય /લક્ષ્ય પ્રાપ્તિ :**

- ધ્યેય પ્રાપ્તિના માર્ગ પર પોતાના ધ્યેયથી ધ્યાન હટાવ્યા વગર અને પોતાના આત્મવિશ્વાસને નબળો બનાવ્યા વગર આગળ વધશો તો સફળતા નિશ્ચિત જ મળશે.

૫. સારા સમયમાં સારા કાર્યો કરીને દરેકનો વિશ્વાસ તથા પ્રેમ પ્રાપ્ત કરવો જેથી તેઓ તમારા ખરાબ સમયને પણ સારો બનાવી દેશે.

૬. સ્ત્રીઓને આદર - સન્માન આપવુ

૭. ત્યાગ વિના કોઇ મહાન કે સફળ બનતું નથી.

**મેદાન છોડનાર કદી જીતતા નથી અને જીતનારા કદી મેદાન છોડતા નથી.**



# (૪) જિન જેક રૂસો

**- કૌશિકભાઇ મિસ્ત્રી** (મા.વિ -ગુ.મા.)

- **જન્મ :** જિનિવા શહેરમાં ઇ.સ.૧૭૧૨ ના ૨૪ જૂનનાં રોજ.
- **મૃત્યુ :** ઇ.સ. ૧૭૭૮ માં ફ્રાન્સમાં થયું.

રૂસો પ્રકૃતિવાદી હતા તેમના મત મુજબ બાળકોનું શિક્ષણ કુદરતને ખોળે તેમજ બાળકની પ્રકૃતિ મુજબનું હોવું જોઇએ. રૂસો શબ્દાળુ શિક્ષણના વિરોધી હતા. આવા શિક્ષણમાં બાળકોનો શ્વાસ રૂંધાય છે તેમ તેમનું કહેવું હતું તેમણે અભ્યાસક્રમને પાંચ તબકકામાં વહેંચી નાખ્યો હતો.

**(૧) શિશુ અવસ્થા (૨) બાલ્યાવસ્થા (૩) કિશોરાવસ્થા (૪) તરુણાવસ્થા (૫) સ્ત્રી શિક્ષણ માટેનો અભ્યાસક્રમ**

**(૧) શિશુ અવસ્થા :** (જન્મથી ૫ વર્ષ) - આ અવસ્થામાં બાળકોને સ્વાવલંબી બનાવવા જોઇએ. આ અવસ્થામાં શારીરિક વિકાસ પર ધ્યાન આપવું જોઇએ. ઔપચારિક શિક્ષણનું કોઇ સ્થાન નહી.

**(૨) બાલ્યાવસ્થા :** (૫ થી ૧૨ વર્ષ) - આ અવસ્થામાં બાળકોને ઇન્દ્રિયોના વિકાસ અને ઇન્દ્રિયોના ઉપયોગની તાલીમ આપવી જોઇએ. ઇન્દ્રિયો દ્વારા શિક્ષણ અને તેના વિકાસ માટેની પ્રવૃત્તિઓ કરાવવી જોઇએ. તર્કશકિતઓને ઉત્તેજન આપે તેવી પ્રવૃત્તિઓ કરાવવી જોઇએ. ઔપચારિક શિક્ષણને સ્થાન નહી.

**(૩) કિશોરાવસ્થા :** (૧૨ થી ૧૫ વર્ષ) - આ અવસ્થા માનિસક વિકાસ છે તેથી બાળકને શિક્ષણમાં પ્રત્યક્ષ અનુભવો આપવા જોઇએ. બાળકોના માનસિક વિકાસ માટે ભૌતિકવિજ્ઞાન, ભાષા, ગણિત, હસ્ત-ઉદ્યોગ સામાજિક સંબંધો અંગેનું જ્ઞાન આપવું જોઇએ. સુથારી કામ, લુહારી કામ, વણાટવિદ્યા, વૈજ્ઞાનિક સાધનોનું નિર્માણ કરાવવું જોઇએ. બાળકોને કામદાર અને ચિંતક બનાવવું જોઇએ.

**(૪) તરુણાવસ્થા :** (૧૫ થી ૧૮ વર્ષ) - આ અવસ્થામાં બાળકને સામાજિક જીવનની તાલીમ માટે સજ્જ કરવા માટેની છે. વિવિધ વિષયોના શિક્ષણ પર ભાર મૂકવો. પ્રવાસ દ્વારા જુદા જુદા પ્રદેશ અને દેશના સંપર્કમાં આવી તેમની જીવનશૈલી સમાજ જીવન અને ભાષાઓનો અભ્યાસ કરવો જોઇએ. સમાજ સાથેનો અનંત સંપર્ક સ્થપાય તે રીતે નૈતિક શિક્ષણ આપવું.

**(૫) સ્ત્રી શિક્ષણ :** નારી માટે તેમણે ગૃહજીવનની તાલીમ અથવા અભ્યાસક્રમની હિમાયત કરે છે જેમાં ગૃહવ્યવસ્થા, સીવણ, ભરતગૂંથણ અને ધાર્મિક શિક્ષણની હિમાયત કરે છે. આ ઉપરાંત ગીત સંગીત, નૃત્ય વગેરેની પણ ભલામણ કરે

**"તેઓ કહેતા કે બાળકોને કુદરતના ખોળે રમવા દો..."**



# પાવલોવ

**કુસુમબેન માવર**
ઉ.મા.વિ (ગુ.મા.)

- શાસ્ત્રીય અભિસંધાનના પ્રણેતા રશિયાના વતની એવા ઇવાન પેટ્રોવીચ પાવલોવ.
- જેમનો જન્મ ૨૬ સપ્ટેમ્બર ૧૮૪૯ માં થયો હતો.
- જેઓ શરીર શાસ્ત્રી હતા. જેમણે ઇ.સ. ૧૯૦૪ માં નોબલ પારિતોષિક પ્રાપ્ત કર્યું હતું.
- Conditioned reflex theory એ તેમનું મનોવિજ્ઞાનમાં પ્રદાન હતું.
- અભિસંધાન દ્વારા અધ્યયનનો સિધ્ધાંત સૌપ્રથમ તેમના દ્વારા સમજાવવાનો પ્રયત્ન કરાયો હતો.
- જેમાં તેમણે કૂતરાની લાળ અને ખોરાક વચ્ચેનો સંબંધ સમજાવવા પ્રયત્ન કર્યો હતો. જેના દ્વારા નીચેની બાબતોને સુધારો કરી હતી.



૧. **અનભિસંધિત પ્રતિચાર :** જે પ્રતિચાર કુદરતી રીતે કે સાહજિક રીતે થાય છે તેને અનભિસંધિત પ્રતિચાર કહે છે. ઉ.દા. ગમતું ભોજન જોઇ મોમાં લાળ છૂટવી, પ્રકાશ સામે આંખો બંધ થઇ જવી.

૨. **ઉદ્દીપક અથવા ઉતેજક :** જેના દ્વારા ઉતેજના થાય તે ઉદ્દીપક સરસ ફૂલ જોઇને તોડવાનું મન થવું, મીઠાઇ જોઇને ખાવાનું મન થવું મોંમા પાણી આવવું પ્રકાશમાં આંખો મિચાઇ જવી, વાઘને જોઇને દોડવું. આ બધામાં ખોરાક, પ્રકાશ અને વાઘ ઉદ્દીપક તરીકે વર્તે છે.











3. **પ્રતિચાર :** ઉદ્દીપક દ્વારા જે પ્રતિક્રિયા થાય છે તેને પ્રતિચાર કહે છે. જે સહજ અને કુદરતી છે. અહી પ્રતિક્રિયાઓ આપણે ઉદ્દીપકના લીધે કરતાં હોઇએ છીએ. જેમકે ગમતી વ્યકિતનું આગમન થતા તાળી પાડવી. વધારે પ્રકાશ સામે આંખો મીચાઇ જવી. પ્રતિચારના મુખ્ય બે પ્રકાર છે.

૪. **અનભિસંધિત પ્રતિચાર :** જે પ્રતિચાર કુદરતી રીતે થાય છે તેને અનભિસંધિત પ્રતિચાર છે.

૫. **અભિસંધિત પ્રતિચાર :** જે પ્રતિચાર કૃત્રિમ કે બનાવટી પ્રતિચાર છે જે કુદરતી પ્રતિચારની ગેરહાજરીમાં ઉત્પન્ન થાય છે. પ્રયોગમાં ખોરાકના બદલે માત્ર ઘંટડી વગાડવાથી પણ કૂતરાના મોમાં પાણી આવી જાય છે.



## (૫) નાલંદા વિશ્વ વિદ્યાલય

**મનિષાબેન જાદવ** (મા.વિ)
**કિરણભાઇ પટેલ** (મા.વિ)

- નાલંદા વિશ્વ વિદ્યાલય બિહારમાં પટનાથી ૮૮ કિ.મી. દૂર બડગાવની પાસે આવેલું પ્રાચીન વિશ્વ વિદ્યાલય છે.
- તેના અવશેષો ૧૪ હેકટર માં ફેલાયેલા છે આ વિદ્યાપીઠનું બાંધકામ લાલ ઈંટો, પથ્થરોથી થયેલું છે.
- આના અવશેષો એલેકઝેન્ડર કેનિંગહામ નામના પુરાતત્વવિદે શોધેલા છે.
- ઇસુની સાતમી સદીમાં ચીનથી ભારતના પ્રવાસે આવેલા હ્યુ.એન.ત્સાંગ અને ઇત્સિંગે આ નાલંદા વિદ્યાપીઠનો ઉલ્લેખ એમને લખેલા પુસ્તકોમાં કર્યો છે.



- આ વિદ્યાપીઠની સ્થાપના ૫ મી સદીમાં થઇ હતી.
- આ વિશ્વ વિદ્યાલયનો પાયો ગુપ્તવંશના રાજા કુમાર ગુપ્તે નાખ્યો હતો. ત્યારબાદ હર્ષવર્ધન, દેવપાલ વગેરેએ આગળ બાંધકામ કરાવ્યું હતું.
- અહીં હેતુ વિદ્યા, શબ્દવિદ્યા, વ્યાકરણ શાસ્ત્ર, દર્શનશાસ્ત્ર, જયોતિષશાસ્ત્ર, વાણિજય, કાયદાશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, ઇતિહાસ, વિજ્ઞાન, ગણિત જેવા વિષયો ભણાવવામાં આવતાં હતાં.
- અહી ૧૦,૦૦૦ વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં રહીને ભણતાં હતાં એક માત્ર એવું વિશ્વ વિદ્યાલય જે નિવાસી હતું. ૨૦૦૦ શિક્ષકો હતાં જે અલગ અલગ વિષયોમાં નિપુણ હતાં.
- અહી અભ્યાસ અર્થે ચીન, જાપાન, તિબ્બત, મોગોલિયા, કોરિયા, મધ્ય એશિયા દેશોના વિદ્યાર્થીઓ આવતા હતાં અહી ભણી તેઓ પોતાના દેશ પાછા જઇ રાજાને ત્યાં ઊંચા હોદ્દા પર નોકરી મેળવતાં બૌધ્ધ ધર્મના પ્રચાર કરી પોતાના જ્ઞાનનો વિસ્તાર કરતાં.
- વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવવા માટે ત્રણ સ્ટેપમાં પરીક્ષા આપવી પડતી.
- નાલંદા વિદ્યાપીઠમાં વિદ્યાર્થીઓને નિ:શુલ્ક અભ્યાસ કરાવામાં આવતો હતો.

***Education is Vaccine for violence***

- આ વિદ્યાલયમાં નવ માળનું પુસ્તકાલય હતું. જેને ધર્મગંજ નામ આપવામાં આવ્યુ હતું. જેમાં નવ લાખ જેટલા પુસ્તકો હતાં જેને ત્રણ ભાગમાં વહેચવામાં આવેલાં જેનું નામ રત્નોદધી, રત્નસાગર, રત્નોરંજક હતાં.
- આ પુસ્તકાલયનો નાશ બખ્તીયાર ખીલજી દ્વારા સળગાવી દઇ કરવામાં આવ્યો તેની સાથે તેણે નાલંદા વિશ્વ વિદ્યાલયને થોડાં કલાકોમાં ખંડેરમાં ફેરવી તેનો નાશ કર્યો હતો.
- ૧૧૯૯ની સાલમાં નાલંદાનો નાશ બખ્તીયાર ખીલજીએ કર્યો હતો. વિદ્યાર્થીઓ થી ધમધમતું નાલંદા અત્યારે ખંડેર અવસ્થામાં છે. ૨૦૧૬માં વર્લ્ડ હેરીટેજમાં સમાવિષ્ટ કરવામાં આવ્યું છે.
- આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ એ.પી.જે. અબ્દુલકલામના પ્રયત્નથી ૨૦૦૬માં નવી નાલંદા વિશ્વવિદ્યાલયનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો.
- ૨૦૧૦ માં નવી નાલંદાની મંજૂરી મળી. ૨૦૧૪ માં નવું નાલંદા વિશ્વવિદ્યાલય તેનું બિલ્ડીગ રાજગીરી ગામ પાસે સુવર્ણગિરી પર્વતમાળા પાસે બનાવવામાં આવ્યું.
- ૨૦૧૬માં નવી નાલંદા વિશ્વ વિદ્યાલયનું ઉદ્દ્ઘાટન થયું અને હાલ ત્યાં ૨૪ દેશોના વિદ્યાર્થીઓ ભણે છે. ૧૭ દેશો આ વિશ્વ વિદ્યાલય સાથે જોડાયેલાં છે.



# (૬) વિલીયમ શેકસપીયર

**- ચીમનભાઇ એન. પરમાર**
(મા. અને ઉ.વિભાગ)

વિલીયમ શેકસપીયર અંગ્રેજ કવિ અને નાટ્ય લેખક હતાં તેમને અંગ્રેજી ભાષાના મહાન લેખક તથા વિશ્વના પ્રસિધ્ધ નાટ્યલેખક ગણાય છે. તેમને ઇગ્લેન્ડના રાષ્ટ્રીય કવિ અને એવોનના કવિ તરીકેનું ઉપનામ આપવામાં આવ્યું તેમણે ૩૮ નાટકો, ૧૫૪ સોનેટ લખ્યા છે.

વિલીયમ શેકસપીયરનો જન્મ અને ઉછેર સ્ટ્રેટફોર્ડ, અપોન, એવોન ખાતે થયું તેમણે ૧૮ વર્ષની ઉમંરે લગ્ન કર્યા તેમને સુસાન્તા, હેમ્નેટ, જુડિથ ત્રણ બાળકો હતા.

વિલીયમ શેકસપીયરે લંડનમાં ૧૫૮૫ થી ૧૫૯૨ સુધીની સફળ કારકિર્દી દરમિયાન તેમણે અભિનેતા, લેખક અને નાટક કંપની બોર્ડ ચેમ્બર બેઇન્સમેનના ભાગીદાર હતાં. જે પાછળથી કિંગ્સમેન (Kings Men) તરીકે પ્રચલિત બની. તેમણે તેનું નાટ્યલેખન ૧૫૯૦ થી ૧૬૧૩ ના સમયગાળા દરમિયાન કર્યુ હતું. તેમના મુખ્ય સર્જનો વિનોદપૂર્ણ (comedies) અને ઇતિહાસ (histories) હતાં. ૧૬મી સદીના અંતમાં તેમણે કેટલીક કરૂણાંતિકા (Tregedies) જેમકે હેમ્લેટ (Hamlet), કિંગ લીયર (King lear), મેકલેથ (Makleth) નો સમાવેશ થાય છે. આ કૃતિઓને અંગ્રેજી સાહિત્યની શ્રેષ્ઠ કૃતિઓમાંથી એક ગણવામાં આવે છે.તેમના ઘણા નાટકો તેમના જીવનકાળમાં જ જુદી જુદી ગુણવતા અને ચોકસાઇ સાથે આવૃતિઓમાં પ્રકાશિત થયાં હતાં.

ગીન્સનો હુમલો થિયેટરમાં શેકસપીયરની કારકિર્દીનો નોંધાયેલો સૌ પ્રથમ ઉલ્લેખ છે. ૧૫૯૪ થી શેકસપીયરના નાટકો પર માત્ર બોર્ડ ચેમ્બર લીન્સ મેન દ્વારા અભિનય કરવામાં આવતો હતો. શેકસપીયર સહિત અભિનેતાઓનું જૂથ આ કંપનીનું માલિક હતું ૧૬૦૩માં રાણી એલિઝાબેથ (Queen Elizabeth) ના મૃત્યુ બાદ કંપનીનું નવા રાજા જેમ્સ–૧ દ્વારા રોયલ પેટન્ટથી નવાજવામાં આવી હતી. તેનું નામ બદલીને Kings men (કિગ્સ મેન) રાખવામાં આવ્યું હતું. શેકસપીયરની પ્રારંભથી કલા સિલક અને ઇટાલીયન કોમેડીઝમાં ડબલ પ્લોટ અને સતત આવા રમૂજ પ્રેરક દ્રશ્યોએ ૧૫૯૦ની મધ્યમાં તેને મહાન કોમેડીઝની સાથે રોમેન્ટિક વાતાવરણ ઊભુ કરી આપવામાં મદદ કરી. A midsummer Night's Dream જાદુ અને રમુજી લો પ્રોફાઇલ દ્રશ્યોનો સમન્વય છે. મર્ચન્ટ ઓફ વેનિસમાં બદલો લેવા પર ઉતરી આવેલા યહુદી ધિરાણદાર શાયલોકનું સુંદર આલેખન કરાયું છે. શેકસપીયરના લેખનની પાછળના થીએટર અને સાહિત્ય પર ઘેરી અસર પડી છે. તેમનો પત્રલેખન, કથાવસ્તુ, ભાષા, શૈલીની નાટ્યાત્મક ક્ષમતાને વિસ્તારી છે.



શેકસપીયરના દિવસોમાં અંગ્રેજી વ્યાકરણ અને સ્પેલિંગ હાલમાં છે તેના કરતાં ઓછી એકવિચારધારા ધરાવતા હતા. તેમણે ઉપયોગમાં લીધેલી ભાષાએ આધુનિક અંગ્રેજીને આકાર આપવામાં મદદ કરી છે. વિલીયમ શેકસપીયરના સાહિત્ય દ્વારા વિદ્યાર્થીઓમાં નાટ્યલેખન, અભિનેતા, કલાકાર, કવિ, પ્રેમભાવ, દેશપ્રેમ લાગણી ભર્યો વ્યવહાર, ભાઇચારો અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ કેવી રીતે મેળવવું ? વિદ્યાર્થીઓમાં સ્ટેજફીયર કેવી રીતે દૂર કરવો વગેરે જેવા ગુણો કેળવાય છે.



# પ્લેટો

**શાન્તુબેન સુરતી**
ઉ.મા.વિ (ગુ.મા.)

**"નેશેસિટી ઇઝ ધ મધર ઓફ ઇન્વેનશન"** જરૂરિયાત એ શોધની માતા છે. આ વાક્ય પરથી ખ્યાલ આવશે કે જગતની અંદર કોઇ પણ નવી વસ્તુ નું ઉત્પાદન અને ઉત્થાન થાય છે. એના મૂળ જરૂરિયાતમાં રહેલો છે. તો આ એક તત્વચિંતક પ્લેટો કે જેઓ ગ્રીકના વતની હતા. તેઓ સોક્રેટીસના શિષ્ય અને એરિસ્ટોટલના ગુરુ હતા. પશ્ચિમ જગતમાં ઉચ્ચ અભ્યાસ માટેની પ્રથમ સંસ્થા "પ્લેટોનિક એકેડમી"ની તેમણે સ્થાપના કરી હતી. તેમનો જન્મ ૭મી મે ઇ.સ. પૂર્વે ૪૨૭ B.C. માં થયો હતો. (B.C. એટલે કે બીફોર કાઇસ્ટ) તેમની માતાનું નામ "પેરિકટીઓને" અને પિતાનું નામ એરિસ્ટોન હતું. તેઓ રાજવી પરિવારના હતા. તેમને બે મોટા ભાઇ તેમજ નાની બહેન હતી. પ્લેટોનું નામ તેમના દેખાવ પરથી પાડવામાં આવ્યું હતું. તેમનો દેખાવ વિશાળ છાતી, ખભા અને વિશાળ લલાટ હોવાને લીધે પ્લેટો નામ પડયું હતું.



પ્લેટો એ તત્વજ્ઞાનને જ મુખ્ય વિષય બનાવ્યો હતો. તત્વજ્ઞાન ત્રણ વિભાગમાં વહેંચાયેલ છે.

૧. **વિચાર શાસ્ત્ર :** વિચાર શાસ્ત્ર માં જગતમાં અંતિમ તત્વના સ્વરૂપ સંબધી ચર્ચા જ્ઞાન મીમાંસાની દૃષ્ટિએ કરવામાં આવી છે.

૨. **ભૌતિક શાસ્ત્ર :** ભૌતિક સ્વરૂપ જગતના સ્વરૂપની ચર્ચા કરવામાં આવી.

3. **નીતિ શાસ્ત્ર :** આત્માનું સ્થળમાં સ્થળાંતર થયું હોવાથી રાજયના નાગરિક પોતાના કર્તવ્યો કેવી રીતે બજાવતા તે સંબધી નૈતિક પ્રશ્નોની ચર્ચા નીતિ શાસ્ત્રમાં કરવામાં આવી છે.

પ્રાચીન યૂનોના અત્યંત પ્રતિભાશાળી દાર્શનિક હતા. તેઓ પશ્ચિમી પરંપરાના પ્રથમ વ્યવસ્થિત રાજનીતિજ્ઞ સિધ્ધાતકાર હતાં. તેમને રાજનીતિની એવી સમસ્યાઓનો વિચાર કર્યો કે જે આજના યુગમાં પણ એમના એ વિચારોનું ચિંતન અને વાદવિવાદ થાય છે. "પ્લેટો એ ધ રિપબ્લિક" પુસ્તકમાં દાર્શનિક ન્યાય પ્રત્યેની પોતાની રજૂઆત કરી હતી. તેમણે બુકમાં જણાવ્યું હતું કે જો વ્યકિતને તેનું મનગમતું કાર્ય મળેતો તે કાર્ય કુશળતાથી કરે છે. તેમજ સમાજ અને દેશને આગળ લાવવામાં મનથી કાર્યરત થાય છે. કહે છે કે "વિવેક, શોર્ય, ઉત્પાદકતા" આ ત્રણ વસ્તુ સાથે જયારે પોતાની રીતે કાર્ય કરે છે. તેમજ સમાજ અને દેશને આગળ લાવવામાં મનથી કાર્યરત થાય છે. શિક્ષણના ત્રણ સ્તર પાડયાં હતાં.

૧. **પ્રાથમિક શિક્ષા :** ૬ થી ૧૪ - જેમાં અભ્યાસ માટે લખવાની પ્રાચીન કવિ તેમજ લેખકના જીવન વિશેની જાણકારી આપવી સંગીત અને ચિત્ર તેમજ વ્યાયામ નું શિક્ષણ આપવું.

૨. **માધ્યમિક શિક્ષા :** ૧૪ થી ૧૮ - વ્યાકરણ શાસ્ત્ર ભાષણ કલા અને રાજનીતિ વિશેનો અભ્યાસ કરાવવામાં આવતો હતો.

3. **ત્રીજી અવસ્થા :** ૧૮ થી ૨૦ - જેમાં સૈનિક શિક્ષા કે તાલીમ લીધા પછી જ પૂર્ણ નાગરિકતાનો અધિકાર મળે. બાળકના માનસિક વિકાસના આધારે આ સ્તર પાડવામાં આવ્યા છે.



**એવું ભણો, એવું ભણો કે નોકરી લેવા લાઇનમાં ઊભા ના રહેવું પડે પણ નોકરી આપવાવાળા પાછળ પાછળ ફરે...**



# (૭) ફાલ્ગુની નાયર
## (સ્વનિર્મિતા મહિલા ભારતીય અબજોપતિઓમાંની એક છે.)

**(Founder of Nykaa Brand)**

**ઉર્વશીબેન જાની અને સોનલબેન વાઘ**
(કોમર્સ વિભાગ)

> **કામ કરતો જા, હાંક મારતો જા,**
> **મદદ તૈયાર છે વિશ્વાસ ગુમાવીશ નહિ**

- **સંપૂર્ણ નામ :** ફાલ્ગુની સંજય નાયર
- **જન્મ તારીખ :** ૧૯ ફેબ્રુઆરી ૧૯૬૩ (ઉંમર ૫૯ વર્ષ)
- **જન્મ સ્થળ :** મુંબઇ, મહારાષ્ટ્ર

❖ **ફાલ્ગુની નાયર :** હળવદના વતની વિનોદ ચંદ્ર તથા રશ્મિ મહેતાના પુત્રી તેમના ભાઇ નું નામ ડૉ. હેંમત મહેતા મૂળે ગુજરાતી જ છે. સંપૂર્ણ બાળપણ અને ઉછેર મુંબઇમાં થયો. મુંબઇ યુનિવર્સિટીમાંથી B.Com. કર્યા બાદ IIM અમદાવાદમાં M.B.A (Finance) માં એડમીશન લીધુ. સાથે જ ભણતા સંજય નાયર સાથે ૧૯૮૭ નાં મે મહિનામાં લગ્ન થયા અને પરીવારમાં એક પુત્રી અને પુત્રનું આગમન થયું. ૧૯૯૩માં કોટક મહિન્દ્રામાં નોકરીની શરૂઆત કરી. ૧૯ વર્ષ સુધી આ જ બેંકમાં ઇન્વેસ્ટમેન્ટ બેન્કર તરીકેની નોકરી કરી. ત્યાર બાદ ૨૦૧૨માં ૫૦ વર્ષની ઉંમરે પોતાનું સ્ટાર્ટ અપ કરવાનો વિચાર કર્યો. મહિને ૧૦૦૦૦૦ રૂપિયાનો પગાર છોડી આટલા વર્ષની નોકરીમાં બનેલા કોન્ટેકટ અને રૂા. ૨૦,૦૦,૦૦૦ ની મૂડીથી નાયકા નામની કંપની શરૂ કરી. થોડું રોકાણ બહારથી પણ મેળવ્યું.લોકો તેમને પાગલ કહેતા કારણકે ૫૦ વર્ષની ઉંમરે નોકરી છોડી કંપની શરૂ કરી. શરૂના પાંચ વર્ષ તો નફો જ ન થયો. પરંતુ ત્યારબાદ ભારતનાં બીજા નંબરના સૌથી ધનિક મહિલા તરીકે ઉભરી આવ્યા. મૂળે ગુજરાતી હોવાથી ધંધાની શરૂઆત કરી સફળ પણ બન્યા.

**નાયકાની મુખ્ય બે બ્રાન્ડ છે :**

**(૧) નાયકા ફેશન (૨) નાયકા**

> ***Think Big But Start Small***

❖ **નાયકા વેબસાઇટ : www.nykaa.com, www.nykkafashion.com**

❖ **શૈક્ષણિક ફલિતાર્થ :**

- કોઇ પણ ઊંમરે પોતાનો ગોલ પ્રાપ્ત કરવા મહેનત કરો.
- શરૂઆતની નિષ્ફળતાથી સફળતાનો માર્ગ ખુલ્લો થશે.
- દુનિયાની બીબાઢાળ વિચારધારા કરતાં કંઇક નવું કરો.
- બાળકોની ક્ષમતા પર વિશ્વાસ કરો.
- યોગ્ય હકારાત્મક નિર્ણય પર બાળકોને હંમેશા સાથ આપો.
- પરીવારનો સાથ હંમેશા રાખો પારીવારિક ધંધામાં બાળકોને સામેલ કરો.

> जब कुछ करने की चाह हो तो
> तुफा में फसी कस्ती को
> भी सागर सहारा लेता है ।

❖ **સફળતાનું રહસ્ય :**




1) Trust on Your Own gut feeling.
2) Made customer by online shopping.
3) Place known brands.
4) Launched her own brand.
5) Offer discount first.
6) Opening of 76 franchise contents.
7) Joining and adding whole family in a business
8) Collaboration with others.
9) Grabbing funds at right time.
10) Play ads with those findings.

> *An investment in knowledge pays the best devidends..*




# (૮) કૈલાશ સત્યાર્થી
# નોબલ પીસ પ્રાઈસ ૨૦૧૪

**ધર્મિષ્ઠાબેન મેનગર અને રજનીબેન પટેલ**
(કોમર્સ વિભાગ)

જન્મ : ૧૧ જાન્યુ ૧૯૫૪ વીડીશા, ભારત



કૈલાશ સત્યાર્થીનું અસલ નામ કૈલાશ શર્માનો જન્મ ૧૧ જાન્યુ ૧૯૫૪ના રોજ મધ્યપ્રદેશના વી.ડી.શા.માં થયો હતો. ૨૦૧૪માં તેમને ભારતના રાષ્ટ્રપતિ પ્રણવમુર્ખજીના હસ્તે 'નોબલ પીસ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

કૈલાસ સત્યાર્થી એ બાળકોના હકોના આંદોલનકારી છે અને બાળમજૂરી સામે ચાલતી વૈશ્વિક લડતમાં તેમનું એક આગળ પડતું નામ છે. તેમણે ૧૯૮૦માં 'બચપન બચાવો' આંદોલન નામની સંસ્થાની સ્થાપના કરી અને ૧૪૪ દેશોનાં ૮૩ હજારથી વધુ બાળ કોનાં હકો બચાવવા માટે લડત આપી છે. આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠને ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન - બાળમજૂરીના સૌથી ખરાબ પ્રકાર પરનાં કન્વેન્શન નંબર ૧૮૨ને અપનાવ્યું. તેની પાછળ નું પ્રેરક બળ કૈલાશ સત્યાર્થીએ કરેલા કામ અને ચલાવેલા આંદોલનને જ ગણવામાં આવે છે. આ કન્વેન્શન આજે વિશ્વભરની સરકારો માટે પાયારૂપ માર્ગદર્શિકા ગણાય છે.




તેમના કાર્યોની સરાહના અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કિતાબો અને પારિતોષિકોથી કરવામાં આવી છે. જેમાં વર્ષ ૨૦૧૪માં શાંતિ માટે નોબલ પારિતોષિકનો સમાવેશ થયો છે. આ પારિતોષિક તેમને અને મલાલાયુસુફ ઝાયને સંયુકતપણે એનાયત થયો છે.

૧૦ ડિસેમ્બર ૨૦૧૪ બાળકો અને યુવાનોના દમનની વિરુદ્ધ અને બધાના શિક્ષણના અધિકાર માટે સંઘર્ષ કરતાં ભારતીય સમાજ સેવક કૈલાશ સત્યાર્થીની સાથે મલાલાને શાંતિનો નોબલ પુસ્કારથી સન્માનિત કરવામાં આવી.નોર્વેમાં આયોજિત આ કાર્યક્રમમાં બધા લોકોએ ઊભા થઇ તાળીઓના ગડગડાટથી સન્માન કર્યુ. ૧૭ વર્ષની ઉંમરમાં નોબેલ પુરસ્કાર પ્રાપ્ત કરવાવાળી સૌથી નાની ઉંમરની દુનિયાની આ પહેલી વ્યકિત હતી.

➢ **શૈક્ષણિક ફલિતાર્થ :**

- તમારું લક્ષ્ય શું છે? તે નકકી કરો અને ત્યાં સુધી પહોંચવા સખત મહેનત કરો.
- આત્મવિશ્વાસ અને હિંમતથી કાર્ય કરો તમે સાચા હોવ છો ત્યારે કોઇથી ડરવાની જરૂર નથી.
- સપના જુઓ અને સપનાને સાકાર કરવા અથાગ મહેનત કરો. તેનુ આયોજન કરો, તે માટે સતત પ્રયત્નશીલ રહો.
- તમારી ક્ષમતા પર કયારેય શંકા ન કરો. તમે તમારા હકારાત્મક અને નબળા પાસાં ને ઓળખો. તમારી ક્ષમતા જ તમને સમૂહ માંથી યુનિક બનાવશે.
- હંમેશા બીજાને મદદ કરવા તૈયાર રહો આ તમારો ગુણ તમને કારકીર્દીમાં આગળ વધવા માટે મદદ કરશે.
- આવનારા દશ વર્ષમાં શાળા સમાજને નીડર, સહનશીલ, સ્વપ્નદૃષ્ટા, કૌશલ્યયુકત, જિજ્ઞાસુ અને તેજસ્વી વિદ્યાર્થીઓ પ્રદાન કરશે. આ માટે શાળા સતત અવિરતપણે પ્રયત્ન કરી રહી છે.

***One child, One teacher, One book and One pen can change the world.***

**લોકોએ મારા માટે શું કર્યુ ? તેવું ના વિચારો પરંતુ મેં લોકો માટે શું કર્યુ તે વિચારો**



# (૯) રાકેશ ઝુનઝુનવાલા
## (The Warren Buffett of India)

ઉન્નતિબેન પટેલ
(સુપરવાઇઝર, કોમર્સ વિભાગ)

**ઉડાન પંખો સે નહિં હોંસલોં સે હોતી હૈ**



❖ **જીવન ચરિત્ર**

- જન્મ : તાઃ ૫ જુલાઇ ૧૯૬૦
- CA, રોકાણકાર, વેપારી છે.
- ભારતના ૪૮માં સૌથી ધનાઢ્ય વ્યકિત હતા.
- Aakasha Air Line અને Rare એન્ટરપ્રાઇઝના સ્થાપક છે.
- દલાલ સ્ટ્રીટના મોગલ બાદશાહ તરીકે ઓળખાય છે.
- સામાજિક પ્રવૃતિઓ અને કાર્યોમાં વાર્ષિક આવકના ૨૫% રકમ દાન આપે છે.

❖ **રાકેશ ઝુનઝુનવાલાની પ્રેરણાદાયી વાર્તા :**

રાકેશ ઝુનઝુનવાલાનો જન્મ મધ્યમ વર્ગ કુટુંબ થયો હતો.એમના પિતા આવકવેરા અધિકારી હતા. ૧૫ વર્ષની ઉંમરથી જ પિતાને તેમના કર્મચારી સાથેની શેર માર્કેટ અંગેની વાતચીત કરતાં સાંભળતાં ત્યારથી જ તેઓ શેર બજારમાં રસ ધરાવતા થયાં. CA પૂર્ણ કર્યા બાદ ૧૯૮૬માં રૂા. ૫,૦૦૦ ની એકત્રિત કરેલી બચતનું રોકાણ Tata Tea ના શેરમાં કરી ત્રણ વર્ષમાં ત્રણ ગણું વળતર મળવ્યું. શેર માર્કેટમાં રસ ધરાવતા થયા અને ટાઇટન, ક્રિસિલ,લ્યુપિન, રેલીસ ઇન્ડિયા વગેરેમાં મોટા પાયા પર રોકાણ કરી આજે ૨૦૨૨માં ૪૦,૦૦૦ કરોડ રૂની સંપતિનું સર્જન કર્યુ. રાકેશ ઝુનઝુનવાલા યુવા રોકાણકારો માટે આદર્શ વ્યકિતત્વ ધરાવે છે. એમણે આત્મવિશ્વાસ સાથે ધીરજ રાખી સાહસ કરી અનુભવમાંથી શીખ મેળવી સફળતા પ્રાપ્ત કરી.

**"The Big Bull of Indian Stock Market"** તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરી છે.

❖ **રાકેશ ઝુનઝુનવાલા પોર્ટફોલિયો અને રોકાણ અંગે ટિપ્સ :**

- લાંબા ગાળા માટે રોકાણ કરો.
- ભાવાત્મક રોકાણને ટાળો.
- સંશોધન કરો.
- ઐતિહાસિક ડેટા પર કયારેય આધાર રાખશો નહી.

***"You can not make PROFIT in the Stock Market unless you have the ability to bear LOSSES."***
***"You do not Success without obsession."***

❖ **શૈક્ષણિક ફલિતાર્થ :**

- સાહસિકતા, આશાવાદી, ધીરજવાન, આત્મવિશ્વાસુ, મૂલ્યાંકન-વિશ્લેષણ, દીર્ઘદૃષ્ટિ, ઝડપી નિર્ણયશકિત, તક ઝડપવી, પડકારોનો સામનો કરવો, સહનશકિત, મહત્વાકાંક્ષી, પહેલવૃત્તિ જેવાં ગુણો અને કૌશલ્યો વિદ્યાર્થીઓમાં વિકસાવી શકાય.

---

**કેટલાક લોકો વિચારે છે પણ કામ કરતા નથી.**
**કેટલાક લોકો કામ કરે છે પણ વિચારતા નથી.**

---

**જીવનમાં ચાલશે, ફાવશે ભાવશે અને ગમશે એ વ્યકિત કયાંય દુઃખી થતો નથી. દરેક જગ્યાએ એડજસ્ટ થઈ જાય છે. માટે ચાર્લ્સ ડાર્વીને કહ્યું છે કે સંઘર્ષમાં ટકી શકે તે જીવી શકે અને લેમાર્કે કહ્યું છે કે અનુકુલન સાધી શકે તે જીવી શકે.**



# (૧૦) રતન ટાટા

**ચારૂલબેન જોષી અને ધર્મિષ્ઠાબેન પ્રજાપતિ**
(કોમર્સ વિભાગ)

- **પુરૂ નામ :** રતન જમશેદજી ટાટા
- **જન્મ :** ૨૮ ડિસેમ્બર ૧૯૩૭, મુંબઈ, મહારાષ્ટ્ર
- **માતાનું નામ :** સોનુ ટાટા, સિમોન ટાટા (સાવકી માતા)
- **ભાઇનું નામ :** નોએલ ટાટા
- **શૈક્ષણિક લાયકાત :** બી.એસસી. સ્ટ્રકચરલ એન્જિનિયરિંગ સાથે આર્કિટેકચરમાં એડવાન્સ મેનેજમેન્ટમાં ડિગ્રી પ્રોગ્રામ.




❖ **કારકિર્દીની શરૂઆત :**

- અભ્યાસ પૂર્ણ થયા પછી રતન ટાટાએ કેલિફોર્નિયાના લોસ એન્જલસમાં જોન્સ અને એમોન્સમાં થોડો સમય કામ કર્યું અને પછી IMB માં નોકરી મેળવી તેઓ તેમના પરિવારના બિઝનેસ ટાટા ગ્રુપ સાથે જોડાયા અને ટાટા ગ્રુપ સાથે પોતાની કારકિર્દીની શરૂઆત કરી.

❖ **રતન ટાટાની સિધ્ધિઓ :**

- રતન ટાટાના નેતૃત્વમાં ટાટા ગ્રુપે તેના ઘણા મહત્વના પ્રોજેકટસની સ્થાપના કરી અને ટાટા ગ્રુપને દેશમાં નહી પણ વિદેશમા પણ એક નવી ઓળખ આપી અને ટાટા મોટર્સને ન્યૂયોર્ક સ્ટોક એકસચેન્જમાં લિસ્ટેડ કરી.
- ૨૩ માર્ચ ૨૦૦૯ના રોજ તેમણે ટાટા નેનો કાર લોન્ચ કરી હતી અને તેની કિંમત એક લાખ હતી જે વિશ્વની સૌથી સસ્તી કાર માનવામાં આવે છે.
- વર્ષ-૨૦૦૦માં પદ્મભૂષણ, ૨૦૦૮માં પદ્મવિભૂષણથી સન્માનિત કર્યા. વર્ષ ૨૦૧૦માં બિઝનેસ લીડર બન્યાં.

❖ **જયારે તે મળવા પાછો આવ્યો ત્યારે :** વ્યકિતગત રીતે તો આ ઘટના એક શાળામાં બની હતી જયાં રતન ટાટા શાળાની ૨૫મી વર્ષગાંઠની ઉજવણીના મુખ્ય અતિથિ હતા.ઉદ્યોગપતિની ઝલક મેળવવાનો પ્રયાસ કરતી વખતે મિત્રોના જૂથે તેમના એક સાથીને તેની સામે ધકકો માર્યો. પ્રિન્સિપાલે તેમને એક તરફ ખસેડયા ત્યારે રતન ટાટાએ તેમને કહ્યું કે તેઓ તેમને પછી મળશે. પ્રસંગ પૂરો થયા પછી તેમણે વચન પાળ્યું અને તે જૂથના બાળકોને મળવા માટે તેમણે પોતાની ફ્લાઇટ કેન્સલ કરી.

❖ **બીજાને સન્માન આપો.**

રતન ટાટાને વ્યકિતગત રીતે જાણનાર લોકોનું કહેવું છે કે તેઓ શાંત અને સૌમ્ય રહે છે. તેઓ કંપનીના નાનામાં નાના કર્મચારીને પણ પ્રેમથી મળે છે.

તાજ હોટેલમાં થયેલ હુમલામાં ૨૬/૧૧ દરમિયાન અસરગ્રસ્ત તમામ ૮૦ કર્મચારીઓના પરિવારજનોની વ્યકિતગત મુલાકાત ઉપરાંત તેમણે દરેક કર્મચારીને તેમના બાળકોના શિક્ષણની સંપૂર્ણ જવાબદારી તેમના સમગ્ર પરિવાર માટે સંપૂર્ણ તબીબી સુવિધા અને તેમના બાકીના જીવન માટે આશ્રિતોને સંપૂર્ણ વળતર આપ્યું. તેમણે રકમને ધ્યાનમાં લીધા વિના તમામ લોન અને એડવાન્સ માફી પણ આપવામાં આવી હતી.

❖ **રાઈટ ટાઇમ જેવું કંઇ નથી.**

ઓકટો. ૨૦૧૯માં ઈન્ટરવ્યું દરમિયાન રતન ટાટાએ કહ્યું કે, વૈશ્વિક સ્તરે વેપાર કરવો એ જવાબદારી સ્ટાર્ટ અપના સ્થાપકની હોય છે. સાથે પ્રમોટરો કેટલા પરિપકવ છે, તેઓ તેમની નવી કંપની વિશે કેટલા ગંભીર છે તે પણ રતન ટાટા જુએ છે.

❖ **શૈક્ષણિક ફલિતાર્થ :**

- વારસામાં મળેલી સંપતિને સંસ્કારો સાથે જતન કરી પ્રગતિ કરતાં રહેવુ જોઇએ.
- કોઇ પણ કામ કરવામાં નાનમ અનુભવવી નહી.
- નાના વ્યકિતઓને હંમેશા કામની બાબતમાં માનસન્માન આપવું.
- પોતાની સંપતિનો દેશના આફતનાં સમયે સરકારને આપી મદદ કરી દેશની પ્રગતિમાં સહયોગ કરવો જોઇએ.

**"Science બ્રહ્માનો અવતાર સર્જન કરે છે, Commerce વિષ્ણુનો અવતાર પાલન કરે છે, Arts રુદ્રનો અવતાર બધું બેલેન્સ કરે છે."**



# (૧૧) તક્ષશિલા વિશ્વવિદ્યાલય

**- અરવિંદભાઇ પરમાર અને પ્રજ્ઞાબેન પ્રજાપતિ** ( ઉ.પ્રા.વિ. )

- તક્ષશિલા વિશ્વનું પ્રથમ વિશ્વવિદ્યાલય. વર્તમાન સમયમાં પાકિસ્તાનમાં આવેલ રાવલપિંડીથી પશ્ચિમ તક્ષશિલા વિશ્વવિદ્યાપીઠ હતી. તે પ્રાચીન ગાંધાર પ્રદેશની રાજધાનીનું શહેર હતું.
- તક્ષશિલાનો પરિચય આપણને "ઋગ્વેદ, રામાયણ અને મહાભારત" માં મળે છે.




- શ્રીરામના ભાઇ ભરતના પુત્ર "તક્ષ" એ તક્ષશિલા વિશ્વવિદ્યાલય સ્થાપિત કરી એવું મનાય છે.
- તક્ષશિલામાં ૧૦,૫૦૦ વિદ્યાર્થીઓ નિવાસ કરી શકે તેવા ભવનોનું બાંધકામ થયેલું જોવા મળે છે. અભ્યાસમાં ૬૪ વિષયોનું અધ્યયન જેમાં વેદ, શસ્ત્રક્રિયા, ગજવિદ્યા, ધર્નુવિદ્યા, વ્યાકરણ, યુધ્ધ વિદ્યા, ખગોળ, જયોતિષ, આયુર્વેદીક.... બધા જ વિષયોમાં ક્રિયાત્મક અધ્યયન થતું હતું. તક્ષશિલા આયુર્વેદ વિજ્ઞાનનું સૌથી મોટું કેન્દ્ર હતું.
- અસાધ્ય રોગના ઉપચાર, આંતરડાંના ઓપરેશન ખૂબ સરળતાથી થતાં હતાં.તક્ષશિલા વિદ્યાપીઠમાં વારાણસી, પાટલીપુત્ર, મિથિલા, ઉજ્જૈન, ચંપા, કૌશલ દેશ વગેરે તેમજ વિદેશમાં પણ ઇન્ડોનેશિયા, વિયેટનામ, ચીન, જાપાન, ઇરાન, ઇરાક, ગ્રીક, રોમ, યુરોપથી વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવતાં હતાં. તક્ષશિલામાં નાના-નાના ૫૦૦ ગુરૂકુળો વિવિધ વિદ્યાઓના વિદ્વાન આચાર્યોએ પોતાના આશ્રમ અને ગુરૂકુળો બનાવ્યાં હતાં. નિર્ધન તવંગર બે પ્રકારનાં વિદ્યાર્થીઓ અહી અભ્યાસ કરતાં હતાં. જેમકે રાજકુમારો પોતે આર્થિક મદદ કરતાં અને ગરીબ વિદ્યાર્થી દિવસ દરમિયાન શારિરીક શ્રમની સેવા આપી રાત્રિ અધ્યયન કરતાં.

❖ **સમાજને વિભૂતિઓની ભેટ :**



અર્થશાસ્ત્રી ચાણકય અહીની જ દેન છે. સંસ્કૃત સાહિત્યનાં શ્રેષ્ઠ વ્યાકરણકાર **પાણિનીએ** અહીં જ અભ્યાસ કર્યો. તેમણે "અષ્ટાધ્યાયી" વ્યાકરણ ગ્રંથ આપ્યો. તેઓએ ફોનોલોજી અને મોર્ફોલોજી ના વ્યાપક વૈજ્ઞાનિક સિધ્ધાંતો આપ્યાં. આખા વિશ્વને સર્જરીની ભેટ "સુશ્રુત સંહિતા" ગ્રંથની ભેટ આચાર્ય સુશ્રુતે આપી. આચાર્ય ચરકે "ચરકસંહિતા" વિશ્વને આપી. તક્ષશિલાના પ્રાચાર્ય તરીકે મહર્ષિ પતંજલિ બિરાજમાન હતાં. જેઓએ વિશ્વને "અષ્ટાંગયોગ" આપ્યો.



ચાણકયના શિષ્ય ચંદ્રગુપ્ત મૌર્ય, કૌશલદેશના રાજા પ્રસેનજીત, આરૂણિ, અંગુલિમા, લિચ્છવી મહાલી તેમજ ભગવાન બુદ્ધના શિષ્ય જીવકે અહી અધ્યયન કરી તેઓએ વિશ્વને "નાડી ચિકિત્સા", "પંચકર્મ, "એકયુપ્રેસર"નું જ્ઞાન આપ્યું.

મુસ્લિમ શાસકો દ્વારા તક્ષશિલા પર આક્રમણ થયું. ઇ.સ.૫૦૦ માં હૂણોના આક્રમણથી નાશ થયો હશે એવું મનાય છે. હવે માત્ર તેના અવશેષ જોવા મળે છે.

- **નારાયણ વિદ્યાલયમાં તક્ષશિલાની અસરઃ**

નારાયણ વિદ્યાલયનાં શિલ્પકાર, કર્ણધાર એવા મા. શ્રી જે.ડી પંચાલ સાહેબ તથા મા.શ્રી સ્વ. રાવજીભાઇ પ્રજાપતિ સાહેબ દ્વારા શાળાના પાયા નંખાયાં અને ભૂતપૂર્વ આચાર્યશ્રીઓની પ્રણાલીગત અધ્યયન પધ્ધતિ થકી શાળાએ નામના મેળવેલ છે.

શાળા પાસે આવેલ માહિતીને આધારે : **6- PhD, 25- M.B.B.S, 6- C.A., 16- M.B.A., 14B.D..S, 42- Pharmacy, 16- Nursing, M.Pharm, 16-B.H.M.S., 23-Physiotherapist, 26-M.Sc., 587- B.E+B.Tech, 209- Graduate** જેમાના ઘણાં વિદ્યાર્થીઓ વિદેશમાં પણ સેવા બજાવી આપણા દેશનું અને શાળાનું નામ રોશન કરી રહ્યાં છે.

આજે ડૉ. ભગુભાઇ આઇ. પ્રજાપતિ જેવાં દીર્ઘદ્રષ્ટિવાન, કર્મનિષ્ઠ આચાર્યના સંનિષ્ઠ પ્રયાસો થકી શાળા વટવૃક્ષ બની છે. શાળામાં ક્રિયાત્મક કાર્ય જેવાં કે પારસમણી પ્રોજેક્ટ, ગણિત-વિજ્ઞાન પ્રોજેક્ટ પ્રદર્શન, સાંસ્કૃતિક કાર્યક્રમો, સપના કરો સાકાર, જ્ઞાનસત્ર જેવી શૈક્ષણિક કાર્ય પ્રણાલી વડે બાળકોને વિશિષ્ટ, અદ્વિતીય શિક્ષણ અપાઇ રહ્યું છે. અને શાળાનાં વિદ્યાર્થીઓ રાજય કક્ષાએ, રાષ્ટ્રીય કક્ષાએ, આંતરરાષ્ટ્રીય કક્ષાએ શાળાની ગરિમાને વધારી રહ્યાં છે.

---



## (૧૨) ડૉ. બાબા સાહેબ આંબેડકર (ભારતીય બંધારણનાં ઘડવૈયા)

**- કંચનબેન પરમાર** (સુપ. ઉ.પ્રા.વિ.)
**- સોલંકી દિપીકા કે.** (કમ્પ્યુ. શિક્ષક)

**"શિક્ષિત બનો, સંગઠિત બનો, સંઘર્ષ કરો."**




- **પૂરૂ નામ :** ભીમરાવ રામજી સકપાલ
- **જન્મ તારીખ :** ૧૪ એપ્રિલ ૧૮૯૧
- **જન્મસ્થળ :** ગામ- મહુ, મધ્યપ્રદેશ
- **મૃત્યુની તારીખ :** ૬ ડિસે. ૧૯૫૬
- **માતાનું નામ :** ભીમાબાઇ
- **પિતાનું નામ :** રામજી સકપાલ
- **પત્નીનું નામ :** રમાબાઇ (પ્રથમ), ડૉ. સવિતા (દ્વિતીય)
- **પુરસ્કાર :** ૧૯૯૦ માં ભારત રત્ન
- **અભ્યાસ :** B.A., M.A., PhD, M.Sc., D.Sc, Barrister In Law
- ઇતિહાસમાં પ્રથમવાર એવો મહાપુરુષ પેદા થયો, જેમની શૈક્ષણિક કારકિર્દી કોઇ પણ નેતા કરતા વિશેષ હોય. ડૉ.આંબેડકર ૩૨ જેટલી ડિગ્રીઓ ધરાવતા હતાં. ૬૪ વિષયોમાં માસ્ટર હતાં અને ૯ ભાષાઓ સારી રીતે જાંણતા હતાં. તેમના મસ્તકમાં સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજયશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, તત્વશાસ્ત્ર, કાનૂન અને ઇતિહાસ જેવા વિષયોનું જ્ઞાન સમાયેલું હતુ. એટલા જ માટે અમેરિકાની કોલંબિયા યુર્નિવસીટીએ પોતાના ૩૦૦ વર્ષના ઇતિહાસમાં જયારે નકકી કર્યુ કે આપણો શ્રેષ્ઠ વિદ્યાર્થી હોય તેનું કેમ્પસમાં સ્ટેચ્યુ રાખવું અને એ માટે એમણે એમના ૩૦૦ વર્ષના વિદ્યાર્થીઓનો અભ્યાસ કર્યો. એમાં એક નામ સામે આવ્યું એ નામ હતું. ડૉ. બી.આર. આંબેડકર અને એ પ્રતિમા નીચે લખ્યું હતું- "**સીમ્બોલ ઓફ કોલેજ**". અહી સુધી પહોંચવા એમને ઘણો સંઘર્ષ કરવો પડયો.
- બાળપણથી જ તેમને અસ્પૃશ્યતાના કારણે ખૂબ અપમાન સહન કરવું પડયું. મહાર જાતિના હોવાને કારણે ઓરડાની બહાર બેસી ભણવું પડતું. શિક્ષકો તિરસ્કારથી જોતા, પટાવાળો દૂર રહેતો. તરસ લાગે ત્યારે પટાવાળો ઉપરથી પાણી પીવડાવે તો પીવાનું, નહી તો આખો દિવસ તરસ્યાં રહેવાનું.
- શાળા જેવો જ ભેદભાવ સમાજમાં પણ હતો. ધોબી, કપડા ન ધુવે, હજામ વાળ ન કાપે, મહાર જાતિના બાળકો જાહેર સ્થળેથી પાણી પણ ન પી શકે. એક બાજુ તિરસ્કાર, બીજી બાજુ ગરીબાઇની વચ્ચે મેટ્રિકની પરીક્ષા પાસ કરી. આર્થિક સ્થિતિ નબળી પડતાં વડોદરાનાં મહારાજા સયાજીરાવ ગાયકવાડે તેમની અભ્યાસની પ્રતિભાને ઓળખીને તેમને શિષ્યવૃત્તિ પેટે આર્થિક મદદ કરી અને આંબેડકર વધુ અભ્યાસ માટે વિદેશ ગયાં.
- ભારત આવીને છાત્રવૃત્તિનું ઋણ ચૂકવવા વડોદરા આવ્યાં. સયાજીરાવે તેમને મિલેટ્રી સેક્રેટરીનું મોભાદાર પદ આપ્યું આવું ઉચ્ચ પદ હોવા છતાં ઓફિસનાં કર્મચારીઓ તિરસ્કાર ભર્યુ વર્તન કરે, પટાવાળો ફાઇલો દૂરથી ફેંકે આટઆટલું અપમાન થવા છતાં છાત્રવૃત્તિનાં ઋણ માંથી મુકત થવા ઝેરનાં ઘૂંટડાં પીધાં.




- ૧૯૩૭ માં મુંબઇ વિધાન સભામાં તેઓ બાર સભ્યો સાથે ચૂંટાયાં. તેમણે ખેડૂતો, મજૂરો, દલિતો માટેનાં ધારાઓ લાવી તેમના ઉધ્ધાર માટે કાર્યો કર્યા. આઝાદ ભારતનાં પ્રધાન મંડળની રચના કરવામાં આવી. જેમાં તેમને ભારતનાં કાયદા મંત્રી તરીકે નીમવામાં આવ્યાં. તેમણે મહત્વપૂર્ણ કાર્ય "હિન્દુ કોડ બિલ" અંગે કર્યુ. સમગ્ર ભારતનો હિન્દુ સમાજ એક જ પ્રકારની કાનૂની આચાર સંહિતાથી નિયમિત બને એવી તેમણે આ બિલમાં જોગવાઇ કરી હતી. પરંતુ આ બિલ પસાર ન થયું જેથી આંબેડકરે કાયદામંત્રી પદેથી રાજીનામુ આપ્યું.
- આઝાદ ભારતનાં બંધારણ સમિતિનાં અધ્યક્ષ તરીકે તેમને નીમવામાં આવ્યાં. ત્યારે સમિતિમાં ૭ સભ્યો હોવા છતાં એકલા હાથે બંધારણને તૈયાર કર્યુ.
- ઈ.સ. ૧૯૨૮ માર્ચ માં એવી ઘટના બની કે જેનાથી બાબા સાહેબ દલીતોના મસીહા બન્યાં. ચવદાર નામનું તળાવ હતું. કોઇ પણ નીચી જાતની વ્યકિત આ તળાવનું પાણી પીવે તો તેમના હાથ-પગ તોડી નાંખવામાં આવતાં. ૨૫૦૦ જેટલાં લોકોને લઇને બાબાસાહેબ નીકળી પડયાં. ઇતિહાસ રચવા ત્યાં જઇને ખોબો ભરીને પાણી પીધું, વિચાર્યુ એક મોટું કામ થઇ ગયું. પણ આ ઘટનાથી પંડાલમાં હાહાકાર મચી ગયો. લોકોનાં હાથ-પગ તોડવામાં આવ્યાં, ત્યારબાદ આ તળાવનાં શુદ્ધિકરણ માટે ઉચ્ચ જ્ઞાતિનાં લોકો દ્વારા યજ્ઞ, હવન કરવામાં આવ્યો. બાબસાહેબ માટે આ ખૂબ જ ખરાબ પ્રસંગ હતો.
- ડૉ. આંબેડકર ના અંગત પુસ્તકાલય રાજગૃહમાં ૫૦ હજારથી વધુ પુસ્તકો હતાં. જે વિશ્વની સૌથી મોટી ખાનગી પુસ્તકાલય હતી.
- ૧૪ ઓકટોબર ૧૯૫૬ નાં દિવસે નાગપુર ખાતે પાંચ લાખ લોકોનાં નેતૃત્વ સાથે બૌદ્ધ ધર્મની દીક્ષા લીધી.

❖ **ફલિતાર્થ :**

ડૉ. બાબા સાહેબ આંબેડકરના જીવનના સંઘર્ષના પ્રસંગો વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરી જીવનના પડકારોને પહોંચી વળવા તેમને સજજ કરવા. આજે આપણે નાની-નાની વાતોમાં હતાશ થઇ જઇએ છીએ. આંબેડકરનાં સંઘર્ષનો એક ટકા સંઘર્ષ પણ જો આપણે શીખી લઇએ તો જીવન સાર્થક થઇ જાય.

---



# (૧૩) રવિન્દ્રનાથ ટાગોર

**- શૈલેન્દ્રસિંહ ગોહિલ** (ઉ.પ્રા.વિ.)

## મહામાનવ રવિન્દ્રનાથ ટાગોર

પવનમાં મંદમંદ ફરકતી શ્વેત દાઢી, ઘટાદાર ધવલ કેશજટા, સીધી હૃદયમાં જ ઊતરી જાય એવી પાણીદાર છટાં, કરૂણાસભર આંખો અને મીઠો ઘેરો અવાજ ૨૦ મી સદીનો આ સંતકવિ ખુલ્લો ઝભ્ભો પહેરીને ચાલવા નીકળે ત્યારે સૃષ્ટિ પણ એમના સૌંદર્યનું આચમન કરવા બે ઘડી થંભી જતી.



- **જન્મ :** રવિન્દ્રનાથ ટાગોરનો જન્મ ૭ મેં,૧૮૬૧ નાં રોજ કોલકતાના જોરા શંકો ખાતે તેરમાં સંતાન તરીકે થયો હતો તેમના પિતાનું નામ દેવેન્દ્રનાથ ટાગોર અને માતાનું નામ શારદાદેવી હતું. તેમણે ઇ.સ. ૧૮૮૩ માં મૃણાલીની દેવી સાથે લગ્ન કર્યા.
- **મૃત્યુ :** ૭ ઓગસ્ટ ૧૯૪૧ ના રોજ કોલકતા ખાતે ૮૦ વર્ષની ઉંમરે એમણે અંતિમ શ્વાસ લીધા હતાં.
- **શિક્ષણ :** રવિન્દ્રનાથ ટાગોરે સૌ પ્રથમ ઓરિએન્ટલ મિશનરી સ્કૂલમાં એડમિશન લીધું. ત્યારબાદ પ્રારંભિક શિક્ષણ સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ કોલકતાથી શરૂ કર્યુ. પિતાની ઇચ્છા અનુસાર બેરિસ્ટર બને તે માટે ઇ.સ. ૧૮૭૮ કોલેજ લંડનમાં પ્રવેશ મેળવ્યો હતો. થોડા સમય પછી કાયદાનો અભ્યાસ છોડી બંગાળ પાછા ફર્યા પછી એમને સાહિત્ય લેખનમાં ઝંપલાવ્યું.

- **મુખ્ય રચનાઓ :** તેઓ કવિ, સંગીત રચયિતા, નાટ્યકાર, તત્વજ્ઞાની કલાકાર, લેખક, ગીતકાર અને ચિત્રકાર હતાં. ૮ વર્ષની વયે તેમણે કવિતા લખવી શરૂ કરી. ૧૬ વર્ષની વયે ભાનુસિંહાના છદ્મનામથી એમની કવિતા પ્રગટ થવા લાગી. તેમની મુખ્ય ૮ નવલકથા, ૧૦૩ કાવ્ય સંગ્રહ, ૮૪ ટૂંકી વાર્તા, ૨૨૩૦ ગીતો, કાવ્યોની રચના કરી હતી. ૬૦ વર્ષની વયે તેમણે ચિત્રકારનું કામ શરૂ કર્યુ અને ૨૫૦૦ જેટલાં ચિત્રો બનાવ્યાં.
- **રવિન્દ્રનાથ ટાગોરની સિધ્ધિઓ :** રવિન્દ્રનાથ ટાગોરને એમના જીવનમાં ઘણી સિધ્ધિઓ તેમજ સન્માનોથી નવાજવામાં આવ્યાં હતાં. પરંતુ તેમાં સૌથી અગ્રણી હતી "ગીતાંજલિ" ઇ.સ. ૧૯૧૩ માં રવિન્દ્રનાથ ટાગોરને "ગીતાંજલિ" માટે નોબલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.
- રવિન્દ્રનાથ ટાગોર એક માત્ર એવા વ્યકિત છે કે જેમણે બે દેશોના રાષ્ટ્રગીતની રચના કરી. તેમણે ભારતનું રાષ્ટ્રગીત **"જન ગણ મન..."** અને બાંગ્લા દેશનું રાષ્ટ્રગીત **"અમર સોનાર બાગ્લા"** ની રચના કરી. રવિન્દ્રનાથ ટાગોર તેમના જીવનમાં ત્રણ વાર આલ્બર્ટ આઇન્સ્ટાઇન જેવા મહાન વૈજ્ઞાનિકને મળ્યાં હતાં. ગાંઘીજીને સૌ પ્રથમ રવિન્દ્રનાથ ટાગોરે જ મહાત્મા તરીકે બોલાવ્યાં હતાં. ત્યારપછી ગાંઘીજીના નામની આગળ મહાત્મા ઉમેરવામાં આવ્યું.
- ઈ.સ. ૧૯૧૫ માં બ્રિટીશ સરકાર દ્વારા "નાઇટ હૂડ" ની પદવીથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. અને "સર" નો એવોર્ડ આપવામાં આવ્યો. ઇ.સ. ૧૯૫૪માં ભારત સરકાર તરફથી "ભારત રત્ન" નો સર્વોચ્ચ એવોર્ડ મળ્યો હતો અને ટાગોર પ્રજાના પૂજય ગુરૂદેવ બન્યાં હતાં.
- **શિક્ષણ વિશે રવિન્દ્રનાથ ટાગોરનાં વિચારો :**



૧) રવિન્દ્રનાથ ટાગોર શિક્ષણવિદ્ હતાં. તેમણે શૈક્ષણિક મોડેલ તૈયાર કરવા માટે પ્રકૃતિવાદ પર ભાર મૂકયો હતો. શિક્ષણમાં સ્વતંત્રતા એ વિદ્યાર્થીમાં રસ કેળવવા માટેનું મૂળભૂત માર્ગદર્શક બળ છે. જે તેને પ્રકૃતિમાંથી પ્રેરણા મળે છે.

૨) ટાગોરનાં શિક્ષણમાં પૂર્વ અને પશ્ચિમના વિચારોનું મિશ્રણ હતું. ભારતીય ફિલસૂફીનો આધ્યાત્મવાદ અને પશ્ચિમી લોકોના પ્રગતિશીલ દૃષ્ટિકોણને એકસાથે ભેળવીને એક શૈક્ષણિક ફિલસૂફીને જન્મ આપ્યો.

૩) શિક્ષણક્ષેત્રે રવિન્દ્રનાથ ટાગોરે નવો માઇલ સ્ટોન સ્થાપ્યો. તેમણે વિદ્યાર્થીઓ માટે પુસ્તક કેન્દ્રીત શિક્ષણને નકારી કાઢયું. તે માનતા તે વિદ્યાર્થીના સર્જનાત્મક કૌશલ્યને મારી નાખે છે.

ટાગોરે શિક્ષણમાં લલિત કળાને ખૂબ જ મહત્વ આપ્યું હતું. તેમનાં મતે રમત-ગમત, સંગીત, નાટક, ચિત્ર, નૃત્ય વગેરે શૈક્ષણિક પ્રક્રિયાનો ભાગ હોવો જોઇએ.

---



## જહોન ડયૂઇ

- **હિનાબેન ભાવસાર** (ઉ.પ્રા.વિ.)

- **જહોન ડયૂઇનો જન્મ :** ૨૦ ઓકટો. ૧૮૫૯ માં અમેરિકાના "વુલીગ્ટન વર્મોન્ટ"માં થયો હતો.
- **પિતાનું નામ :** ઓર્ચવાલ્ડ ડયૂઇ
- **માતાનું નામ :** લ્યુસીના ડયૂઇ



- **જહોન ડયૂઇનું મૃત્યુ :** ઇ.સ. ૧૯૫૨
- તેઓએ પ્રાથમિક, માધ્યમિક શાળાનો અભ્યાસ કર્યા પછી વર્મોન્ટ યુનિ.માં પ્રવેશ મેળવ્યો અને ઇ.સ. ૧૮૭૯માં તત્વજ્ઞાન વિષય સાથે સ્નાતકની પદવી પ્રાપ્ત કરી અને તે દરમિયાન હેનરી હકસલેનું પુસ્તક વાંચતા તેથી તે પુસ્તકની તેમના પર ખૂબ ઊંડી અસર પડી હતી. ત્યારબાદ તેઓએ ઇ.સ. ૧૮૮૪ માં મિશિગન યુનિ.માં તત્વજ્ઞાનના અધ્યાપક તરીકેની કામગીરી બજાવી અને ઇ.સ. ૧૮૮૮ થી ૧૮૯૩ સુધી તેઓએ ત્યાં દર્શનશાસ્ત્રના વડા તરીકે કામગીરી બજાવી અને ત્યારબાદ શિકાગો યુનિ.માં અધ્યાપક તરીકેની કામગીરી બજાવી.
- તેમણે શિક્ષણ પર અસર કરતાં પરિબળો દર્શાવ્યાં છે.

**ઉત્સાહ એ ધંધાની મૂડી છે.**

૧) **મનોવૈજ્ઞાનિક પાસું :** જેમાં વિદ્યાર્થીઓને તેમની શકિત, રસ, અભિરૂચિ અને આદતોને આધારે શિક્ષણ આપવું જોઇએ. પહેલાનો અભ્યાસક્રમ એ શિક્ષકકેન્દ્રી હતો પણ તે વિદ્યાર્થી કેન્દ્રી હોવો જરૂરી છે. અને તે બાબતનાં ખૂબ વિરોધી હતાં.

૨) **સમાજશાસ્ત્રીય :** કોઇ પણ વ્યકિત સમાજમાં જન્મે અને જીવે છે, તે સમાજ સાથે અનુકુલન સાધે છે. માટે તેઓ કહે છે કે સ્કૂલનું વાતાવરણ એવું હોવું જોઇએ કે જેથી તેઓ સામાજીક રીતે પણ આગળ આવી શકે અને જેથી એકબીજા સાથે હળીમળી રહે અને એકતાની ભાવના જન્મે.

- **જહોન ડયૂઇનાં મતે શિક્ષણનાં ઉદ્દેશ્ય :** જયારે બાળકને પ્રવૃત્તિ થકી શીખવવામાં આવે ત્યારે તે બધું ગ્રહણ કરી શકે છે.

૧) **બાળકનો વિકાસ :** જહોન ડયૂઇનો મુખ્ય ઉદ્દેશ બાળકોની ક્ષમતાનો વિકાસ કરવાનો છે. દરેક બાળક અલગ-અલગ ક્ષમતા, રસ, રૂચિ ધરાવનાર હોય છે. તેથી તે પ્રમાણે શિક્ષણ આપવું જોઇએ.

૨) **પ્રજાતાંત્રિક વ્યકિત અને સમાજનું નિર્માણ :** શિક્ષણ થકી બાળકને સ્વતંત્ર બનાવી શકીએ છીએ અને તેઓ બીજા બાળકોની મદદ કરી શકે છે.તેનાથી તેઓ પોતાની ઇચ્છા અને ક્ષમતાનો વિકાસ કરવાનો મોકો મેળવી શકે. એક બાળક પોતાના સમાજનું નિર્માણ કરી શકે તે પ્રમાણે શિક્ષણ આપવું જોઇએ જેથી સમાજ થકી દેશ સુધારી શકાય છે.

3) **ભાવિ જીવનની તૈયારી :** તેમનો ઉદ્દેશ્ય ભાવિ જીવન માટે તૈયાર કરી શકાય તેવું શિક્ષણ આપવું જોઇએ. જેથી તેઓ આગળ જઇ પોતાની પ્રાથમિક જરૂરિયાતો પૂર્ણ કરી શકે. તેમજ તેઓને પરંપરાગત શિક્ષણ પ્રણાલી પસંદ નહોતી તેથી તેમણે પ્રગતિશીલ શિક્ષા યોજના શિક્ષણની શોધ કરી. જેથી બાળકનો સ્વતંત્ર અને સામાજિક વિકાસ થાય.

- **જહોન ડયૂઇના મતે શિક્ષણની પધ્ધતિ :**

૧) **પ્રવૃતિ થકી શિક્ષણ :** વર્તમાન જે પધ્ધતિનો ઉપયોગ થાય છે તેમાં જહોન ડયૂઇનો ઘણો મોટો ફાળો છે. જે **"How we think and Interest and Affords in Education"** બુકમાં નવી શિક્ષણ પધ્ધતિ વિશે આપેલ છે.




૨) **એકીકરણ :** વિદ્યાર્થીઓનો અભ્યાસક્રમ આસપાસની વસ્તુ સાથે જોડીને ચલાવવો જેથી તેઓ વસ્તુને વિચારી શકે છે.

3) **બાળક કેન્દ્રી પધ્ધતિ :** તેઓને પોતાની રૂચી, ક્ષમતા પ્રમાણે ભણાવવું.

૪) **યોજના પધ્ધતિ :** જહોન ડયૂઇ થકી યોજના પધ્ધતિ વિકાસ પામી તેમને ગૃપમાં કાર્ય કરતાં શીખવવું જેથી તેઓ તેના માટે યોજના બનાવશે અને અનેક ગુણો તેમનામાં વિકાસ પામશે.

➤ **ફલિતાર્થ :** જહોન ડયૂઇનાં જીવન ચરિત્ર પરથી આપણે સમજી શકીએ છીએ કે વિદ્યાર્થીઓનો અભ્યાસક્રમ વિદ્યાર્થી કેન્દ્રી રાખવો અને તેમને તેમની રસ, રૂચી, અભિયોગ્યતા મુજબ ભણાવવું જોઇએ.




**નિર્ણય લેતા પહેલાં એક હજાર વખત વિચારો પણ નિર્ણય લીધા પછી .... નો ચેન્જ**



# (૧૪) ભારતનાં ૧૦ નોબલ પુરસ્કાર વિજેતાઓ

- શેફાલીબેન ઠાકર (ઉ.પ્રા.વિ.-સુપ.)
- દિવ્યાબેન ભટ્ટ (ઉ.પ્રા.વિ.)

➢ **નોબલ પુરસ્કાર કોને અને શા માટે આપવામાં આવે છે ?**

નોબેલ પુરસ્કાર એ આલ્ફ્રેડ નોબેલ જેઓ પ્રસિધ્ધ રસાયણ શાસ્ત્રી હતાં. તેમની યાદમાં આપવામાં આવે છે. આલ્ફ્રેડ નોબેલ કુલ મળીને ૩૫૫ જેટલી શોધ કરી હતી અને એમાં સૌથી મહત્વની શોધ ડાયનામાઇટની હતી. ડાયના માઇટનો ઉપયોગ હથિયાર બનાવવા થવા લાગ્યો હતો.

➢ **દુનિયાને નોબલ પુરસ્કારની ભેટ :**

- ૧૮૮૮ માં આલ્ફ્રેડ નોબેલના ભાઇનું મૃત્યું થયું. ફ્રેંચ સમાચાર છાપ્યાં. સમાચારનું ટાઇટલ આપ્યું "મોતના સોદાગરની આ દુનિયામાંથી વિદાય" સમાચાર વાંચી આલ્ફ્રેડ નોબેલ દુ:ખી થયા અને વિચાર્યુ મારા મોત પછી મને બધા મોતના સોદાગર તરીકે ઓળખે તે ખોટું છે.
- એટલે ૭ વર્ષના ચિંતન બાદ ૧૮૯૫ માં તેમણે વસિયત તૈયાર કરી અને તેમણે પોતાની સંપત્તિમાંથી ૯૪% સંપત્તિથી એક વસિયત,એક ટ્રસ્ટ બનાવી જગતના જે લોકો સારું કામ કરે છે તેને સન્માનિત કરવા દર્શાવ્યું અને ૧૯૦૧ થી નોબેલ પારિતોષિક આપવાનું શરૂ કર્યુ.

➢ **આલ્ફ્રેડ નોબેલ દ્વારા નોબેલ પુરસ્કાર માટે પાંચ ક્ષેત્રો નકકી કરાયાં.**

**૧) ચિકિત્સા (૨) ભૌતિક વિજ્ઞાન (૩) રસાયણવિજ્ઞાન (૪) સાહિત્ય (૫) શાંતિ.**

- ૧૯૬૮ માં સ્વીડનની સેન્ટ્રલ બેંક ૩૦૦ વર્ષ પૂરા કર્યા તેના માનમાં નોબેલ ફાઉન્ડેશનમાં મોટી રકમ આપી પુરસ્કારમાં છઠ્ઠું ક્ષેત્ર ઉમેર્યુ જે હતું અર્થશાસ્ત્ર.

➢ **અત્યાર સુધી કુલ ૧૨ ભારતીય નાગરિકોને નોબેલ પ્રાઇઝ મળેલ છે.**



**૧. રવિન્દ્રનાથ ટાગોર :** જન્મ : ૭ મે, ૧૮૬૧ - મૃત્યુ : ૭ ઓગસ્ટ ૧૯૪૧
શૈલી : નિબંધ, ટૂંકી વાર્તા - અભ્યાસ : યુનિ. કોલેજ લંડન, સેંટ ઝેવિયર્સ કોલેજીયેટ સ્કુલ
વ્યવસાય : ચિત્રકાર, સંગીત રચયિતા, કવિ, નાટયકાર, નિબંધકાર, તત્વજ્ઞાની, કલાકાર, લેખક, ગીતકાર-રવિન્દ્રનાથ ટાગોર દ્વારા રચાયેલ કવિતાઓનો સંગ્રહ - ગીતાંજલી માટે ૧૯૧૩ માં નોબલ પારિતોષિક અપાયું હતું. ગીતાંજલીમાં મોટે ભાગે ભકિતમય રચનાઓ સામેલ હતી.



**૨. સી.વી. રામન :** જન્મ : ૭ નવે. ૧૮૯૮ (તમિલનાડું) - મૃત્યુ : ૨૧ નવે. ૧૯૭૦
વ્યવસાય : ભૌતિક શાસ્ત્રી રામન ઇફેકટ માટે જગવિખ્યાત બનેલા સી.વી. રામન ૧૯૩૦ માં ફિઝીકસમાં નોબેલ મેળવનારા પ્રથમ વૈજ્ઞાનિક હતાં. પ્રકાશ કોઇ પારદર્શક પદાર્થમાંથી પસાર થાય છે. ત્યારે તેની વેવ લેન્થમાં ફેરફાર થઇ જાય છે. તેમની આ શોધને રામન ઇફેકટ કહે છે.



**૩. ડૉ. હરગોવિંદ ખુરાના :** - જન્મ : ૯/૧/૧૯૨૨ મૃત્યુ : ૯/૧૧/૨૦૧૧
૧૯૪૩ માં પંજાબ યુનિ. માંથી સ્નાતક. - ૧૯૪૫ માં કેમેસ્ટ્રી અને બાયો કેમેસ્ટ્રી વિષય સાથે અનુસ્નાતક. ત્યારબાદ ઇંગ્લેન્ડ ખાતે આવેલ યુનિ. ઓફ લિવર પુલમાં ઉચ્ચ અભ્યાસ કરી, પી.એચ.ડી. ની પદવી મેળવી. તેમણે પ્રોટીન સિન્થેસીસમાં ન્યુકિલયોટાઇડ્સની ભૂમિકા વિશે મહત્વપૂર્ણ સંશોધન કાર્ય કર્યુ. સંશોધન ક્ષેત્રમાં ટીમ સાથે પ્રગતિ સાંધી સાબિત કર્યુ કે, બાયેલોજીકલ લેંગ્વેંજ બધાં જ જીવંત ઓર્ગેનીઝમ માટે એક સરખી હોય છે. આ સંશોધન કાર્ય માટે ઇ.સ. ૧૯૬૮ વર્ષમાં નોબેલ પારિતોષિક એનાયત થયું.



**૪. મધર ટેરેસા :** જન્મ: ૨૬ ઓગ. ૧૯૧૦ (સ્કોપજે) મૃત્યુ : ૫ સપ્ટે. ૧૯૯૭
મૂળ નામ : એગ્નેસ ગોન્કસા બોજાકસુ. - ૧૨ વર્ષની ઉંમરે સેવાકીય પ્રવૃત્તિ આરંભી. - ૧૯૨૯ માં પ્રથમ વખત ભારત આવ્યાં અને હંમેશા ભારતના થઇ ગયાં. - ૧૯૪૬ માં કોમી રમખાણો ફાટી નીકળ્યા ત્યારે તેમણે નોંધપાત્ર સેવાકીય પ્રવૃત્તિ કરી. - તેઓ માનવતાવાદી ગરીબ અને અસહાયોના બેલી વકીલ તરીકે આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રખ્યાત થયાં. - તેમણે એચ.આઇ.વી./ એઇડ્સ, રકતપિત્ત અને ક્ષયના રોગીઓ માટે રૂગણાલય અને ઘર, અસહાય ગરીબો માટે રસોડું, બાળકો અને પરિવાર માટે સહાય કાર્યક્રમો, અનાથાલયો અને શાળાઓનો સમાવેશ થતો હતો. - તેમની સેવાકીય પ્રવૃત્તિને ધ્યાનમાં લઇ ૧૯૭૯ માં શાંતિનું નોબલ એનાયત થયું હતું.



**૫. સુબ્રમણ્યમ ચંદ્રશેખર :** જન્મ: ૧૯ ઓક્ટો. ૧૯૧૦ - મૃત્યુ : ૨૧ ઓગ. ૧૯૯૫
વ્યવસાય : ગણિતશાસ્ત્રી, ભૌતિકશાસ્ત્રી
- ફીઝીકસમાં તારાઓની ઉત્ક્રાંતિ બાબતે તેમણે ખુબ ઊંડું સંશોધન કર્યુ હતું.
- ૧૯૮૩ માં તેમને નોબલ પ્રાઇઝ આપીને સન્માનિત કર્યા હતાં.

---



**૬. અમર્ત્ય સેન :**- જન્મ: ૩ નવે. ૧૯૩૩ (પ.બંગાળ) વ્યવસાય: અર્થશાસ્ત્રી
- રવિન્દ્રનાથ ટાગોરે નામકરણ કર્યુ.
- વેલ્ફેર ઇકોનોમીની થીયરી માટે ૧૯૯૮ માં તેમને અર્થશાસ્ત્રના નોબલ એનાયત થયો હતો.
- વેલ્ફેર ઇકોનોમી થિયરી ઉપરાંત સોશિયલ ચોઇસ થિયરી, સોશિયલ જસ્ટીસ ઇકોનોમિક થિયરીઝ ઓફ ફેમિલીઝ જેવા નવા વિચારો આપનાર અમર્ત્ય સેન હાવર્ડ યુનિ. ના પ્રોફેસર હતાં.

---



**૭. વેંકી રામન રામકૃષ્ણનન :** જન્મ : ૧૯૫૨ (મદ્રાસ, તમિલનાડુ) - વ્યવસાય : કેમેસ્ટ્રી
- તેમને ૨૦૦૯માં કેમેસ્ટ્રીમાં નોબલ પુરસ્કાર મળ્યો હતો.
- તેમને રીબોઝોમ્સ પર વધારે અભ્યાસ કર્યો હતો. તેમને ૨૦૧૦ માં પદ્મવિભૂષણ પણ મળ્યો હતો. તે નેશનલ એકેડમી ઓફ સાયન્સના સભ્ય છે.

---



**૮. કૈલાશ સત્યાર્થી :** - જન્મ: ૧૧ જાન્યું. ૧૯૫૪ - વ્યવસાય: શિક્ષણ શાસ્ત્રી, વિદ્યુત એન્જિ.
- તેમને ૨૦૧૪ માં શાંતિ માટે નોબેલ પારિતોષક મળ્યો હતો. આ પારિતોષિક તેમને અને મલાલા યુસફઝાઇને સંયુકતપણે મળ્યો છે.
- તેમને ૧૯૮૦ માં "બચપન બચાવો આંદોલન" નામની સંસ્થાની સ્થાપના કરી અને ૧૪૪ દેશોના ૮૩,૦૦૦ થી વધુ બાળકોના હકકો બચાવવા માટે લડત આપી છે.
- તે બાળકોના હકોના આંદોલનકારી છે. અને બાળ મજૂરી સામે ચાલતી વૈશ્વિક લડતમાં એક આગળ પડતું નામ છે.

---



**૯. અભિજિત વિનાયક બેનર્જી :** - જન્મ: ૨૧ ફેબ્રુ., ૧૯૬૧ (મુંબઇ),
વ્યવસાય : ઇકોનોમિક સાયન્સ, ડેવલોપમેન્ટ
- તેમને B.Sc કોલકત્તા યુનિ.માંથી કર્યુ હતું. ત્યારબાદ M.A. જવાહરલાલ નેહરુ યુનિ. માંથી કર્યુ.
- Ph.D હાર્વડ યુનિ.માંથી પૂર્ણ કર્યુ હતું.

---



**૧૦. રોનાલ્ડ રોસ :** જન્મ: ૧૩ મે ૧૮૫૭ - મૃત્યુ: ૧૬ સપ્ટે. ૧૯૩૨
વ્યવસાય : મેડિકલ ડૉક્ટર - તેમને ૧૯૦૨ માં ફિઝીયોલોજી મેડિકલમાં નોબેલ પારિતોષિક મળ્યો હતો.
- તેમને મેલેરિયાના પ્રસારણ પર કાર્ય કર્યુ હતું.
- તેમને ૧૮૯૭ માં મચ્છરના જઠરાંત્રિય માર્ગમાં મેલેરિયા પરોપજીવીની તેમની શોધે સાબિત કર્યુ છે કે મેલેરિયા મચ્છર દ્વારા ફેલાય છે. અને રોગ સામે લડવાની પધ્ધતિનો પાયો નાખ્યો.

---

- **ફલિતાર્થ :** આવી મહાન વ્યક્તિઓના જીવન ચરિત્ર પરથી વિદ્યાર્થીઓને ઘણી પ્રેરણા મળશે. વિદ્યાર્થીઓમાં માણસાઇ અને સંવેદનાનું ઝરણું જરૂર વહેંશે. મદદ કરવાની અનોખી રીત શીખશે. પોતાનું આત્મસન્માન જાળવવા શીખશે. નિષ્ફળ પરિસ્થિતિમાંથી પણ સફળતા તરફ જવા પ્રયત્નશીલ રહેશે. દૃઢ સંકલ્પમાંથી અશકય લાગતું કાર્ય પણ શકય બનાવી શકશે.




# ૧૫. પંડિત ઓમકારનાથ ઠાકુર

- **જિજ્ઞેશકુમાર જોષી** (સુપ.ઉ.પ્રા.વિ.)

★ પૂરું નામ : પંડિત ઓમકારનાથ ઠાકુર ★ પિતાનું નામ : ગૌરીશંકર પંડિત
★ જન્મ : ૨૪ જૂન ૧૮૯૭ ★ માતાનું નામ : ઝવેરબા
★ જન્મ સ્થળ : જહાજ, તા.ખંભાત, જિ.ખેડા ★ મૃત્યુ : ૨૯ ડિસેમ્બર, ૧૯૬૭, સુરત

➢ **<u>પ્રારંભિક જીવન</u> :** કુટુંબની સ્થિતિ ભારે સંકડામણભરી હતી. આજીવિકા અર્થે કુટુંબ પગપાળા ભરૂચ જઇ વસ્યું. બાળક ઓમકારનાથ કુમળી વયે રસોઇ કરવાં જતાં. સંગીતની જન્મજાત અભિરૂચી તેને આસપાસના ગાયન વાદનના કાર્યક્રમોમાં ખેંચી જતી. ભરૂચના પારસી ગૃહસ્થ શાપુરજીએ ઓમકારનાથનું ગાયન સાંભળ્યું. તે પ્રસન્ન થયાં. અને મુંબઇમાં પં. વિષ્ણુ દિગંબર પળુસ્કરના ગાંધર્વ સંગીત મહાવિદ્યાલયમાં શાસ્ત્રીય પ્રશિક્ષણ માટે વ્યવસ્થા કરી આપી. સાત વર્ષનાં કઠોર પરિશ્રમ પછી પંડિતજી ૨૦ વર્ષની વયે પારંગત થયા. ગાંધર્વ સંગીત વિદ્યાલયનાં આચાર્ય પદે તેમની નિમણૂંક કરી.

★ ૧૯૨૨ માં ઇન્દિરાબેન ભટ્ટ સાથે લગ્ન કરી અને ભરૂચમાં સ્થિર થયાં. ત્યારબાદ પ્રસૂતિમાં પત્ની તથા શિશુનું અવસાન થતાં. ભરૂચ છોડી મુંબઇ વાસ કર્યો. ૧૯૮૩ માં કરાંચીમાં ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનમાં સંગીત વિભાગના અધ્યક્ષ થયાં.

★ **કારકિર્દી :** ૧૯૪૩ નો રણજીતરામ સુવર્ણચંદ્રક તેમણે પ્રાપ્ત કર્યો. અફઘાનિસ્તાન, ઇટાલી, ઇગ્લેંડ, જર્મની, નેપાળ, નોર્વે, ફ્રાંસ, બેલ્જિયમ સ્વિટ્ઝર્લેન્ડ, સ્વીડન, હંગેરી, હોલેન્ડ વગેરે દેશોમાં સંગીત યાત્રા કરી. વ્યાખ્યાનો આપ્યાં. અને સાથે સંગીતનાં કાર્યક્રમો પણ યોજ્યાં. વિશ્વશાંતિ પરિષદમાં તેમણે પ્રસ્તુત કરેલું. "વંદેમાતરમ્" ગીત શ્રોતાઓની અપ્રતિમ ચાહના પામ્યું હતું. ૧૯૫૦ માં કાશી વિશ્વ વિદ્યાલયમાં સંગીત વિભાગનાં અધ્યક્ષ રહ્યાં. નિવૃત્તિ પછી ત્યાં જ કલા સંગીત ભારતી નામે અકાદમી સ્થાપી. તેમણે "રાગ અને રસ", "ગીતાંજલિ" તથા "પ્રણય ભારતી" પુસ્તકો લખ્યાં છે. તેમને "સંગીત સમ્રાટ" અને સંગીત માર્તડ" વગેરે પદવીઓ પણ અર્પણ કરાઇ. ૧૯૫૫ માં ભારત સરકારે તેમને "પદ્મશ્રી"નો ખિતાબ આપ્યો.

★ ૧૯૧૯ માં તેઓએ ભરૂચમાં પોતાની સંગીત શાળા "ગંધર્વ નિકેતન"ની સ્થાપના કરી.



★ **એક સત્ય ઘટનાનું ઉદાહરણ :** ઇટાલીનો સરમુખત્યાર મુસોલીની પણ એમનાં સંગીતથી કેવો પ્રભાવિત થયો હતો એને ઉજાગર કરતો પ્રસંગ....... "કાના તારી મોરલીએ મારું મન મોહ્યું." (એક સત્યઘટના..)

મુસોલીની આત્મકથામાંથી લીધેલો આ પ્રસંગ વાંચીને દરેક ભારતવાસી પોતાની પ્રાચીન સંસ્કૃતિ માટે ગૌરવનો અનુભવ કરી શકે તેમ છે. ભારતના એ મહાન સંગીતજ્ઞના માનમાં મુસોલીનીએ એક ભોજન સમારંભનું આયોજન કરેલ. આ રાજકીય ભોજન સમારંભમાં ઓમકારનાથ ઠાકુરની સાથે ઇટાલીમાં વસેલા ઘણા અગ્રગણ્ય ભારતીયો તથા ભારતના દૂતાવાસના સભ્યોને પણ ઉપસ્થિત કર્યા હતાં. સમારંભમા મુસોલીનીએ ભારતની પાંચ હજાર જૂની સંસ્કૃતિની મજાક કરતા બધા મહેમાનોની વચ્ચે ઓમકારનાથ ઠાકુરને કહયુ કે "મી.ઠાકુર મેં સાભળ્યું છે કે તમારા દેશમાં કૃષ્ણ જયારે વાંસળી વગાડતા ત્યારે આજુ-બાજુના વિસ્તારની બધી ગાયો નાચવા લાગતી, મોર કળા કરવા લાગતાં, ગોપીઓ સૂધબૂધ ખોઇને કૃષ્ણ જયાં વાંસળી વગાડતા ત્યાં દોડી આવતી. શું તમે આ વાતને માનો છો ?

★ ઠાકુરે કહ્યું, કૃષ્ણ જેટલું તો મારું સામર્થ્ય નથી કે નથી સંગીતની બાબતમાં મારી તેમના જેટલી સમજણ. પરંતુ સંગીતનું જે થોડું ઘણું જ્ઞાન મને છે તે તમે કહો તો તમને કહું. અથવા કરી બતાવું. – મુસોલીનીએ મજાકમાં જ કહ્યુ કે જો કે સંગીતના કોઇ સાધનો અહી ઉપલબ્ધ નથી. છતાં પણ જો શકય હોય તો કંઇક કરી બતાવો તો અહી ઉપસ્થિત મહાનુભાવોને પણ ભારતીય સંસ્કૃતિનો પરિચય મળે.

ઓમકારનાથ ઠાકુરે ડાઇનિંગ ટેબલ ઉપર પડેલાં કાચનાં જુદા-જુદા પ્યાલામાં ઓછું વધારે પાણી ભરીને તેના ઉપર છરી કાંટાની મદદથી જલ તરંગની જેમ વગાડવુ શરૂ કર્યુ. બે જ મિનિટમાં તો ભોજન સમારંભની હવા ફરી ગઇ. વાતાવરણમાં એક પ્રકારની ઠંડક વર્તાવા લાગી. પાંચ મિનિટ, સાત મિનિટ અને મુસોલીની ની આંખો ઘેરાવા લાગી. વાતાવરણમાં એક પ્રકારનો નશો છવાવા લાગ્યો. "સાપ ડોલવા લાગે તેમ મુસોલીની ડોલવા લાગ્યો." અને તેનું માથું જોરથી ટેબલ સાથે અથડાયું. "બંધ કરો .....બંધ કરો.... મુસોલીની બૂમ પાડી ઉઠયો. સન્નાટો છવાઇ ગયો. કપાળમાં ફૂટ પડી હતી. અને

તેમાંથી લોહી વહેતું હતું. મુસોલીનીએ આત્મકથામાં લખાવ્યું છે કે ભારતની સંસ્કૃતિ માટે મેં કરેલ મજાક માટે હું ભારતની જનતાની માફી માંગું છું.

★ ફક્ત છરી કાંટાં વડે પાણી ભરેલા કાચનાં વાસણોમાંથી ઉદ્ભવેલા એ અદ્ભૂત સંગીતથી જો આ સભ્ય સમાજનો મારા જેવો મજબૂત મનનો માનવી પણ ડોલવા લાગે તો હું જરૂર માનું છું કે એ જમાનામાં કૃષ્ણની વાંસળી સાંભળીને જંગલના જાનવરો પણ શાંત થઇ જતાં હશે અને માનવીઓ પણ સૂધ-બૂધ ખોઇને ભેળા થઇ જતાં હશે. ઓમકારનાથ ઠાકુરે તેનો એક નાનકડો પ્રયોગ ઇટાલીમાં કરીને ત્યાં ઉપસ્થિત બધાને આશ્ચર્ય ચકિત કરી દીધા હતાં.

★ **ફલિતાર્થ :** પંડિત ઓમકારનાથ ઠાકુરના જીવનમાં જે સંઘર્ષ આવ્યા અને તેમનાં મનપસંદ વિષય સંગીત ઉપર જે ભાર મૂકયો તે જ પ્રમાણે આપણી શાળાના બાળકો અભ્યાસ ઉપરાંત મનપસંદ ક્ષેત્રમાં આગળ વધીને પોતાનું અને પોતાની શાળાનું નામ રોશન કરી શકે તે પ્રમાણે માર્ગદર્શન આપવું અને દેશ માટે ખુમારી જાગે તેવા બાળકો તૈયાર કરવાં.



## (૧૬) ભારતનાં પદ્મશ્રી અને તેમનું જીવન

**- ભકિતબેન ફરસરામ** (પ્રા.વિભાગ)

**- વૈશાલીબેન પરમાર** (પ્રા.વિભાગ)

**પદ્મ પુરસ્કાર ત્રણ કેટેગરીમાં આપવામાં આવે છે. (૧) પદ્મ વિભૂષણ (૨) પદ્મ ભૂષણ (૩) પદ્મશ્રી**

આ પુરસ્કારો આપવાની શરુઆત ૨ જાન્યુઆરી ૧૯૫૪ થી થઇ હતી. આ પુરસ્કારો ભારતરત્ન પછીના ક્રમાંકના સર્વોચ્ચ પુરસ્કારો છે. વર્ષ ૨૦૨૨ માં ૪ વ્યકિતઓને પદ્મ વિભૂષણ ૧૭ વ્યકિતઓને પદ્મભૂષણ અને ૧૦૭ વ્યકિતઓને પદ્મશ્રી એનાયત કરવામાં આવ્યા.

પદ્મશ્રી પુરસ્કાર સૈનિકક્ષેત્ર સિવાયના ક્ષેત્રમાં અસાધારણ યોગદાન માટે એનાયત કરવામાં આવે છે. જેમાં કલા, શિક્ષણ, ઉદ્યોગ,સાહિત્ય,વિજ્ઞાન, ખેલકૂદ, સમાજ અને સેવા વગેરેમાં ઉમદા કાર્યનો સમાવેશ થાય છે.

**ગુજરાત રાજયમાંથી પદ્મ પુરસ્કાર મેળવનાર વ્યકિતઓના નામ અને કાર્ય નીચે મુજબ છે.**

**બુધ્ધિશાળી વ્યકત અવસરની રાહ જોતો નથી પણ અવસર પેદા કરે છે**



**ડૉ. લતાબેન દેસાઇ**

- ગ્રામીણ ક્ષેત્રમાં, મેડીકલ ક્ષેત્રે ઉમદા કાર્ય કર્યુ
- ભરૂચના ઝઘડિયાના સેવારૂરલ નામની સંસ્થા ચલાવે છે.
- અનેક વર્ષોથી આદિવાસી ક્ષેત્રમાં લતા દેસાઇની સેવારૂરલ સંસ્થા કામ કરે છે.
- આદિવાસી વિસ્તારમાં જયાં મેડિકલ સુવિધા નહતી ત્યાં દવાખાનું શરૂ કર્યુ- ભરૂચ નર્મદા અને આદિવાસી પટ્ટામાં એમણે સેવાની ધુણી ધખાવી.

**સવજીભાઇ ધોળકીયા**



- ૯૦૦૦ કર્મચારી અને ૬૦૦૦ કરોડના ટર્નઓવર ધરાવતી કંપની હરિક્રિષ્ના એકસપોર્ટના માલિક.
- ૧૨ એપ્રિલ ૧૯૬૨ અમરેલી જિલ્લાના દુધાળા ગામમાં જન્મ, અભ્યાસ ધોરણ ૫ સુધી
- ૧૨ વર્ષની ઉમરે સુરતની નાની ફેકટરીમાં હીરા ઘસવાનું કામ કરતા.
- સફળતામાં સૌથી મોટો હાથ તેમની માતાનો
- પિતા પાસેથી ઉછીના લીધેલા ૩૯૦૦રૂ.માં પ્રાગજીભાઇ સાથે વ્યવસાયમાં ભાગીદારી કરી.

**સામાજીક ક્ષેત્રમાં સેવા બદલ પદમ શ્રી પ્રાપ્ત કર્યો.**

**કોઇપણ કર્મ કરવામાં એટલું જ ધ્યાન રાખજો કે પરમાત્મા ઓનલાઇન છે.**



**રમીલાબેન ગામિત**

- ૨૦૧૪ થી સામાજીક કાર્યમાં જોડાયા હતા.
- સ્વચ્છ ભારત મિશન અંતર્ગત અગાઉ પણ એમને પ્રધાનમંત્રીના હસ્તે સ્વચ્છતા અભિયાનનો એવોર્ડ મળ્યો હતો.
- તાપરવાળા ગામને સૌપ્રથમ શૌચમુકત ગામ બનાવ્યું હતું.



**જયંતભાઇ વ્યાસ :** - જે.એમ.વ્યાસ ગુજરાતના એફએસ એલના ડાયરેકટર છે.

- ગુજરાતના એફએસ એલને ઊંચાઇ પર લઇ જવામાં તેમનું યોગદાન મહત્વનું છે.
- તેમની આગેવાનીમાં ગુજરાતના એફએસએલ દેશ અને દુનિયામાં અવ્વલ દરજજાનું નામ છે.
- નવા જમાનામાં સંરક્ષણ, ક્રાઇમ જેવા મુદ્દા ટેકનોલોજીયુકત બની ગયા છે, ત્યારે આ ક્ષેત્રમાં તેમનો ફાળો મહત્વપૂર્ણ છે.



**ખલીલ ધનતેજવી**
- ખલીલ ધનતેજવી જાણીતા કવિ અને લેખક છે. ગઝલકાર અને કોલમિસ્ટ તરીકે જાણીતા હતા.
- તેમનો જન્મ વડોદરા જિલ્લાના ધનતેજ ગામમાં થયો હતો. તેઓ ૧૨ ડિસેમ્બર ૧૯૩૫ ના રોજ જન્મ્યા હતા.
- ૪ ધોરણ સુધીનું જ શિક્ષણ મેળવ્યું હતું. ખલીલ ધનતેજવી સાહિત્યની સાથે સાથે પત્રકારત્વમાં ઉંડો રસ ધરાવતા હતા. ૪ એપ્રિલ ૨૦૨૧ ના રોજ વડોદરા ખાતે તેમનું અવસાન થયું હતું.

---



**માલજીભાઇ દેસાઇ**
- ચાણસ્મા વિધાનસભા બેઠકથી કોંગ્રેસના ધારાસભ્ય રહ્યા છે.
- પ્રખર ગાંધીવાદી અને બુનિયાદી શિક્ષણ સાથે સંકળાયેલા છે.
- શિક્ષણ અને સામાજીક કાર્ય સાથે દાયકાઓથી સંકળાયેલા છે.
- ગુજરાત વિદ્યાપીઠ સાથે વર્ષોથી સંકળાયેલા છે.



---



**સ્વામી સચ્ચિદાનંદ**
- સ્વામી સચ્ચિદાનંદ ગુજરાતના જાણીતા સંત અને લેખક
- જન્મ ૨૨ એપ્રિલ,૧૯૩૨ માં ઉત્તર ગુજરાતના મોટી સાંદુર ગામમાં થયો હતો.
- પૂર્વાશ્રમનું નામ નાનાલાલ મોતીલાલ ત્રિવેદી હતું.
- વારાણસી સંસ્કૃત વિશ્વ વિદ્યાલયમાં થી વેદાન્તાચાર્યની પદવી મેળવી.
- સ્વામી સચ્ચિદાનંદ કર્મયોગી સંત સનાતન ધર્મ અને વિજ્ઞાનના પ્રખર ચિંતક અને પ્રચારક, સમાજ સુધારક, માનવતાવાદી,તત્વજ્ઞાની, માનવકલ્યાણવાદી જેવા કાર્યમાં સિંહ ફાળો
- ૧૯૬૯ માં પેટલાદ પાસે દંતાલી ગામમાં ભકિતનિકેતન આશ્રમની સ્થાપના કરી.
- સમાજ સેવાના કાર્ય માટે તેમને પદમભૂષણથી સન્માનિત કર્યા.

**હારીને પણ ન હારવું એ જ શરૂઆત છે જીતની**

---

ઉપરોકત દરેક વ્યકિતઓના જીવન પ્રેરણારૂપ રહયા છે. અત્યારે વિદ્યાર્થીઓની માનસિકતા એટલી હદે નબળી પડી ગઇ છે કે તેઓ નાની નાની વાતમાં ડીપ્રેશનમાં ચાલ્યા જાય છે, આપઘાતના વિચારો કરવા લાગે છે. ત્યારે આ વ્યકિતઓના જીવનમાં થી આપણને શીખ મળે છે કે ‘‘ઘર્ષણ વગર ગતિ નથી અને સંઘર્ષ વગર પ્રગતિ નથી.’’ તમારી પાસે જે કળા કૌશલ્ય કે ધન છે તેનો અમુક ટકા ભાગ સમાજ કે દેશ માટે વપરાવવો જોઇએ. સેવાની ભાવના કેળવવી જોઇએ.

**‘‘તમારું કર્મ એજ તમારી ઓળખાણ છે.**
**બાકી એક જ નામ વાળા હજારો વ્યકિતઓ હોય છે આ દુનિયામાં.’’**

---

**જીવનમાં ચાલશે, ફાવશે, ભાવશે અને ગમશે. તેવા વિચારોવાળા વ્યકિત કયાંય દુ:ખી થતા નથી. દરેક જગ્યાએ અનુકુલન સાધી આગળ વધે છે.**



**તકને આગળ બાલ છે, પાછળ ટાલ છે, મળેલી તકને ઝડપી લો, નહીંતર તે તક બીજો કોઈ ઝડપી લેશે અને તે બીજો કોઈ નહીં હોય પણ તે તમારો પ્રતિસ્પર્ધી જ હોય છે.**



# (૧૭) ધીરુભાઇ અંબાણી

**- ભાવિશાબેન પટેલ, સંધ્યાબેન પરમાર**
(પ્રા.વિ. )

**If you Born poor, it's not your fault,**
**but if you die poor, it's your fault.**

**"લક્ષ્ય નિર્ધારિત કરના કોઇ બડી બાત નહીં હૈ.**
**લક્ષ્ય નિર્ધારિત કરકે ઉસે પાના મેરે લીયે બડી બાત હૈ."**

સ્વયં પોતાનું ભાગ્ય બનાવવાવાળા ધીરુભાઇ અંબાણીએ મોમાં ચાંદીની ચમચી લઇને જન્મ લીધો ન હતો. તેમનો જન્મ ૨૮ ડિસેમ્બર ૧૯૩૨ માં ગુજરાતનાં ચોરવાડ ખાતે હીરાચંદગોરધન અંબાણી અને જમનાબેનના ઘરે અત્યંત સામાન્ય સ્થિતિ ધરાવતા કુટુંબમાં થયો હતો.

- ૧૬ વર્ષની ઉંમરે તેઓ યમનમાં આવેલાં એડન ખાતે ગયા હતા. તેમણે ૩૦૦ રૂપિયાના પગારથી એ.બી. એન્ડ કું.માં કામ કર્યુ. શેલ ઉત્પાદનોની બઢતી સાથે કંપનીના એડનના બંદર ખાતેના ફિલીગ સ્ટેશનના સંચાલનની જવાબદારી તેમને સોપવામાં આવી.

**રીલાયન્સ કમર્શિયલ કોર્પોરેશન :**

- ૧૯૬૨ માં ધીરુભાઇ ભારત પાછા આવ્યા અને રીલાયન્સની શરૂઆત કરી. રીલાયન્સ પોલિસ્ટર યાર્નની આયાત અને મસાલાની નિકાસ કરી હતી. માત્ર ૧૫૦૦૦ ની મૂડી સાથે ૩૫૦ સ્કવેર ફૂટની જગ્યામાં શરૂઆત કરી હતી. ૧૯૭૦ ના દસકા ના અંત સુધીમાં અંબાણી ની અંદાજિત સંપતિ ૧૦ લાખ હતી.




**રીલાયન્સ ટેક્ષટાઇલ્સ :**

- ટેક્ષ ટાઇલ્સના વ્યવસાયમાં ઉજળી તકો હોવાનું લાગતા ધીરુભાઇ એ પોતાની પ્રથમ ટેક્ષટાઇલ મિલ ૧૯૭૭ માં અમદાવાદના નરોડા વિસ્તારમાં શરૂ કરી.
- પોલિસ્ટર ફાઇબર યાર્નના ઉપયોગથી ટેક્ષટાઇલ્સનું ઉત્પાદન થતું હતું. ધીરુભાઇ એ "વિમલ" બ્રાન્ડ શરૂ કરી સઘન માર્કેટિંગ ના કારણે "વિમલ" નામ ઘેર ઘેર જાણીતું બન્યું.
- ૧૯૭૫ના વર્ષમાં વિશ્વબેંક ની ટેકનિકલ ટીમે "ઓન્લી વિમલ" ના ઉત્પાદન એકમ ની મુલાકાત લીધી અને આ એકમને વિકસિત દેશના ધોરણો મુજબ શ્રેષ્ઠ હોવાનું પ્રમાણપત્ર મળ્યું હતું.
- સમય વીતતા ધીરુભાઇ પોતાના કારોબારમાં વૈવિધ્યકરણ લાવ્યા અને Petrochemicals માં નિપુણતાં હાસિલ કરવાની સાથે telecommunications, information technology, energy, power, retail, textiles, Oil & gas વગેરે ક્ષેત્રે પણ કારોબારનો વિસ્તાર કર્યો.




- **Success Factor :**

  He could do all this just because he could dream and dream big.
- His inspiring quotes which give wings to us,

➢ Think Big , think fast. Think ahead . Ideas are no one's monopoly.
➢ If you don't build your dream,someone else will hire you to help theirs.
➢ We can not change our rulers,but we can change the way they rule us.
➢ You don't require invitation to make profits.
➢ "He received padma Vibhushan in 2016."

**હંમેશાં પ્રથમ નંબરે રહો છેલ્લા નંબરે કે બીજા નંબરે નહિં**



# (૧૮) આચાર્ય ચાણકય

- નયનાબેન પટેલ, શ્વેતાબેન અટોદરિયા
(પ્રા.વિ.)

**જન્મ** :-ઇ.સ.૩૭૫ વર્ષ પૂર્વે અંદાજીત **જિલ્લો** :- રાવલપિંડી, પાકિસ્તાન (હાલનું)
**પિતા** : ચણક **માતા** :- ચણેશ્વરી **પત્નીનું નામ** :- યશોમતી **ધર્મ** :- હિંદુ
**શિક્ષણ** :- અર્થશાસ્ત્ર,સમાજશાસ્ત્ર ,ચિકિત્સાશાસ્ત્ર, રાજનીતિ
**વ્યવસાય** :- તક્ષશીલા, નાલંદામાં આચાર્ય, ચંદ્રગુપ્ત મૌર્યના મહામંત્રી
**મૃત્યુનું કારણ** :- કેટલાક વિદ્વાનોના મતે લાંબા સમય સુધી ભોજન ન લેતા



આચાર્ય ચાણકયએ અર્થશાસ્ત્ર ગ્રંથ લખ્યો જે મૂળ સંસ્કૃત ભાષામાં લખાયો હતો. જેમા રાજનીતી, અર્થનીતિ, સમાજનીતિ, ધર્મ, કૃષિ, ન્યાય પર વધારે પ્રકાશ પાડયો છે.

ચાણકયનું જન્મનું નામ વિષ્ણુગુપ્ત, પિતા ચણકના પુત્ર હોવાથી ચાણકય અને પોતાના મહાજ્ઞાનનું કુટિલ, સદુપયોગ, જનકલ્યાણ તથા અખંડ ભારતના નિર્માણ જેવા સર્જનાત્મક કાર્યો કરવાથી તેને "કૌટિલ્ય" કહેવાયા. તેઓ દૂરદૃષ્ટિ, દ્દઢ સંકલ્પી હતા.

એક દંતકથા અનુસાર ચાણકયને જન્મથી જ મોંમા દાંત હતા. તેની જન્મપત્રી જોઇને જયોતિષીએ કહ્યું કે એ મોટો થઇને સમ્રાટ, રાજા કે મંત્રી બનશે. આ જાણી માતા ચિંતિત રહેવા લાગી. એ જાણીને પોતે દાંતને પથ્થર મારી તોડી નાખ્યો.

પિતાના અવસાન બાદ તક્ષશિલામાં અભ્યાસ કર્યો છે. ૨૬ વર્ષની ઉંમરે સમાજશાસ્ત્ર, રાજનીતિ, અર્થશાસ્ત્રનો અભ્યાસ પૂર્ણ કર્યો અને તક્ષશિલામાં જ આચાર્ય તરીકે શિક્ષા આપવા લાગ્યા. તેમની દૃષ્ટિએ શિક્ષક સાધારણ વ્યકિત નથી.

**"प्रलय और निर्माण दोनो उसकी गोद में पलते है ।"**




દેશ પર આવનાર સિકંદરરૂપી ભાવિ સંકટને જાણી તે મગધના રાજા ધનાનંદને મળી અખંડ ભારતની રચના કરવામાં તેમની મદદ માંગી. પરંતુ ભોગ વિલાસમાં ડૂબેલા રાજા ધનાનંદે તેની વાતની અવગણના કરી તેનું અપમાન કરે છે. આથી તે ક્રોધિત થઇ પ્રતિજ્ઞા કરે છે કે "જયાં સુધી ધનનંદના નંદવંશનો જડમૂળથી નાશ ન કરું અને એક અખંડ ભારતની રચના કરી. સમ્રાટ રાજાને પ્રસ્થાપિત ન કરું ત્યાં સુધી હું મારી શિખા બાંધીશ નહિ." એકવાર ભ્રમણ કરતા એક સાધારણ બાળકમાં અસાધારણ શકિત જોઇ તેમાં સમ્રાટ રાજા બનવાનું સામર્થ્ય છે કે નહિ તેની કઠોર પરીક્ષા લે છે. જેમાં તે ચંદુ ઉત્તીર્ણ થતા તેને પોતાની સાથે તક્ષશીલા લઇ જાય છે.

આ ચંદુ નામના બાળકને શસ્ત્ર, શાસ્ત્રો અને સંસ્કારનું જ્ઞાન આપીને એક મહાન યોધ્ધો બનાવ્યો જે ચંદ્રગુપ્તને નામે ઓળખાયો.

**"શત્રુ કો તબ તક મિત્ર બનાયે રખો જબ તક ઉસકી કમજોરી ન જાન લો."**

આવુ માનનાર ચાણકય સિકંદરની સેનામા ગમે તે રીતે ચંદ્રગુપ્તને સામેલ કરી દે છે. અંતે સિકંદરની સેના ને પરાજીત કરે છે. ખુશીના ઉન્માદમાં વધુ પડતા આત્મવિશ્વાસમાં આવી જઇ સીધા મગધ રાજય પર આક્રમણ કરે છે ને પરાજીત થાય છે. તે ગરમ ખીચડીની વચ્ચે હાથ નાખતા દાઝી જાય છે ત્યારે માતા તેને કિનારે કિનારીથી ખીચડી ખાવા જણાવતા ચાણકયને પોતાની ભૂલ સમજાય ચાણકય એ કેટલીક યુધ્ધ નીતિ થી યુધ્ધ કરી, ચંદ્રગુપ્ત મૌર્ય ને એક અખંડ ભારતના સમ્રાટ રાજા તરીકે નિયુકત કર્યો. ચાણકય ના જીવનનો એક મંત્ર હતો. **"बुध्धिर्यस्य बलं तस्य ।"** એમનું જીવન જ એક ઉદાહરણરૂપ છે.

➢ **ફલિતાર્થ**

- વિદ્યાર્થીના હ્રદયમાં રાષ્ટ્રરક્ષા સર્વોપરીની ભાવના જાગ્રત થશે.
- પોતાના લક્ષને પ્રાપ્ત કરવા અથાગ મહેનત કરી સિધ્ધિ પ્રાપ્ત કરશે.
- કોઇ પણ કાર્ય કરતા પહેલા આયોજન કરશે.
- ઉચિત જ્ઞાન જયાંથી મળે ત્યાંથી મેળવતા શીખશે.
- પોતાની આસપાસ બુધ્ધિશાળી વ્યકિતને રાખશે.
- મિત્ર અને શત્રુનો ભેદ સમજતા શીખશે.
- પોતાની સમસ્યાને ઓળખી તેને હંમેશ માટે દૂર કરશે.
- કોઇ પણ નિર્ણય કરતાં પહેલા શાંત ચિત્તે વિચારશે.







**આત્મજ્ઞાની બનો**



# (૧૯) ૧૯૪૭ પહેલાની દસ શકિતશાળી મહિલાઓ

**- શીતલબેન વાઘેલા** ( સુપ. પ્રા. વિભાગ )
**- રેશ્માબેન પટેલ**



સ્ત્રી એવી શકિત છે કે જે પરિવારને જ નહિં સંપૂર્ણ સમાજને બદલી શકે છે. અને એક બદલાયેલ સમાજ પૂર્ણ સંસારને બદલી શકે છે. અહી ઇ.સ.૧૯૪૭ પહેલાની એવી દશ શકિતશાળી મહિલાઓની વાત છે જેમણે પોતાની અંદર રહેલી શકિતઓને ઓળખી સમાજમાં બદલાવ લાવ્યા અને જેમની બહાદુરી, અદમ્ય સાહસ અને આત્મવિશ્વાસની મિશાલ આજે પણ અપાય છે.



**(૧) ભારત કોકિલા સરોજીની નાયડુ :**

જેમના આઝાદ વિચારોએ ભારતની પહેલી સૌથી લોકપ્રિય સ્વતંત્રતા સંગ્રામ સેનાની બનાવી દીધા અને જેમના થકી પ્રેરણા લઇ આખા હિંદુસ્તાનની મહિલા આસંગ્રામમાં જોડાઇ ગઇ તેવા ભારત કોકિલા એટલે સરોજીની નાયડુ. તેમના લીધે ઘરની મહિલાઓને કિચનમાંથી બહાર નીકળી આઝાદીની લડતમાં ભાગ લેવાની પ્રેરણા મળી.૧૯૪૨ માં ભારત છોડો આંદોલનમાં અંગ્રેજ સરકારે એટલો ખતરો અનુભવ્યો કે એમને ૨૧ મહિના જેલમાં પૂરી દીધા.સરોજીની નાયડુ પોલીટીશયન તો હતા પણ સમાજ સેવિકા અને કવિયત્રી હતા. ૨ માર્ચ ૧૯૪૯ માં કામ કરતા કરતા મૃત્યુ પામ્યા.



**(૨) મહારાણી દુર્ગાવતી :**

પોતાની જાનથી પણ વધારે રાજપુતાના આન ,બાન અને શાનનું સન્માન કરવા વાળી વિરાંગના જેમણે પોતાના રાજ માટે બાદશાહએહિંદુસ્તાન અકબરની સામે ટકકર લીધી.તેઓ રૂલર કરતા વધારે વોરીયર હતી.૧૫૬૨ માં એના ખૂબ સમૃધ્ધ રાજયની ખબર અકબરને પડી અને તેણે આ શકિતશાળી સ્ત્રીની સામે યુધ્ધ કર્યુ. અને હાર્યા.૧૫૬૪ માં ફરીથી અકબરની સેનાએ તેની સાથે યુધ્ધ કર્યુ અને આ યુધ્ધમાં દુર્ગાવતી શહિદ થયા.



**(૩) સાવિત્રીબાઇ ફુલે :**

મોડર્ન ઇન્ડિયાની પહેલી ફિમેલ શિક્ષિકા. સાવિત્રીબેન ફુલે એ એમના પતિ જયોતીરાવ ફુલેની સાથે રહી ઘણી બધી શાળા ખોલી. મહારાષ્ટ્ર અને પૂરા ભારતમાં સુવર્ણ અક્ષરથી તેમનું નામ લખાયુ. સ્ત્રીઓના શિક્ષણ અને સ્વતંત્રતાના હક સામે તેમજ છૂઆ અછૂત સામે પણ તેમણે અવાજ ઉઠાવ્યો.



**(૪) રઝિયા સુલ્તાન :**

પોતાની રાજનીતિની સમજ અને બહાદુરીને લીધે દિલ્હી સલ્તનત પર રાજ કરનારી પ્રથમ મુસ્લિમ શકિતશાળી મહિલા. તે પોતાને સુલતાન કહેવડાવતી .જો સુલતાના કહે તો વાઇફ ઓફ રૂલર કહેવાય. જયારે તેમનું પોતાનું અલગ અસ્તિત્વ હતું.તેમના પિતાએ પોતાના દીકરાઓ કરતાં પોતાની દીકરીને ગાદી સોપી કેમકે તે પોતાના ભાઇઓ કરતા વધારે યોગ્ય હતી અને દૃષ્ટિકોણ ખૂબ શ્રેષ્ઠ હતો.




**(૫) વિજયા લક્ષ્મી પંડિત :**

આઝાદ ભારતનો પહેલો મહિલા ઇન્ટરનેશનલ ચહેરો.એક પોલિટીકલ લીડર,સ્વાતંત્ર્ય સેનાની અને દુનિયાની શકિતશાળી મહિલા. ઇ.સ.૧૯૩૭ના ઇલેકશનમાં યુનાઇટેડ પ્રોવીન્સીસની લોકલ સેલ્ફ ગવર્નન્સ અનેહેલ્થમિનિસ્ટર, પહેલા મહિલા કેબીનેટ મીનીસ્ટર.ઇ.સ.૧૯૫૩માં યુ.એન. જનરલ એસેમ્બલીની પહેલી મહિલા પ્રેસીડન્ટ બની.ઇ.સ. ૧૯૭૮માં યુ.એન હયુમન રાઇટ કમિશનમાં ઇન્ડિયન રીપ્રેઝન્ટેટીવ તરીકે નિમવામાં આવ્યા. જયાં તેમણે ભારતની એક મજબૂત ઇમેજ ઉભી કરી



**(૬) નૂર જહાં :**

બ્યુટી વીથ બ્રેન નું જીવતું જાગતું ઉદાહરણ. મુગલ સલ્તનતને ટોચ પર પહોંચાડનાર મલ્લિકા નૂરજહાં જે બાદશાહ જહાંગીરની ત્રીજી પત્ની હતા. નૂરજહા અને જહાંગીર સાથે જ દરબારમાં બેસતા અને ચર્ચા કરી નિર્ણય લેતા જે ઇન્ડિયા ટાઇમ્સમાં યુનિક હતું તેઓ એકટીવ રુલર તરીકે ઓળખાતા અને ટંકશાળમાં નૂરજહાંના નામના સિકકા પણ છપાયા અને બજારમાં મુકાયા. હાઇલી એજયુકેટેડ નૂરજહાએ ટેકસીસ, ટ્રેડર્સ અને સ્ત્રી શિક્ષણ પર જોર આપ્યું. કવિતા, આર્ટ ઓફ પેન્ટિંગ, જવેલરી ડિઝાઇનમાં ઘણુ બધું ઇનોવેશન કર્યુ.



**(૭) મેડમ ભીખાઇજી કામા :**

પોતાની એસોઆરામની જીંદગી છોડીને પોતાની જીંદગી આઝાદીના નામે કરી દીધી. બ્રિટીશ કમિશ્નર ઓફ ઇન્ડિયન નેશનલ કોંગ્રેસના પ્રેસીડન્ટ દાદાભાઇ નવરોજીના પર્સનલ આસિસટન્ટ બન્યા. ઇ.સ. ૧૯૦૭ માં જર્મનીમાં આઝાદીનો ઝંડો ફરકાવી દીધો. ભારતમાં શું થાય છે તેની જાણકારી કોન્ફરન્સ ન્યુઝ પેપર માં

આર્ટીકલ લખી ભારતની વાત બહાર જીવતી રાખી બ્રિટીશ સરકાર એમનાથી એટલા બધા ગભરાઇ ગયાં કે તેમણે તેમને ઇન્ડિયા પાછા ગયા પછી કોઇપણ નેશનલ એકટીવીટીમાં ભાગ નહિ લે તેવી બાંહેધરી પત્ર પર સહી કરાવી લીધી.



**(૮) ચાંદ બીબી :**

કુશળ રણનીતિકાર અને કુશળ વ્યુહરચનાના જાણકાર અને ખૂબજ હિંમતવાન મહિલા શાસક. જેઓ પોતાના દમ પર પોતાના પતિની રીયાસત બીજાપૂર અને પિતાની રિયાસત અહેમદનગર એમ બે બે રાજયો એક સાથે સંભાળ્યા અને મુગલો થી બચાવી રાખ્યા.૧૫૮૦ માં ફકત ૩૦ વર્ષની વયે તેમણે કમાલખાન ને હરાવ્યા. પરંતુ મુગલોએ કપટ નીતિ થી ચાંદબીબીને પોતાના જ લોકો વ્દારા મરાવી નાખ્યા.



**(૯) કાદમ્બીની ગાંગૂલી :**

વેસ્ટર્ન મેડીસીન્સ ઓફ મોર્ડન મેડિકલ સાયન્સ ને ઇન્ડિયા માં લાવનાર પ્રથમ મહિલા ડોકટર.ઈ.સ. ૧૮૮૯માં ઇન્ડિયન નેશનલ કોંગ્રેસના છ (૬) મહિલા ડોકટરમાંના એક ડોકટર અને બંગાળના પહેલા મહિલા ગાયનેકોલોજીસ્ટ ડોકટરફીમેલ લીબરેશન અને ઇસ્ટર્ન ઇન્ડિયાની કોલમાઇનમાં કામ કરતી મહિલાઓ માટે અવાજ ઉઠાવ્યો અને સેલ્ફમેઇડ સોશિયલ એન્ડ પોલિટીકલ રીફોર્મર કહેવાયા. ઇન્ટરનેશનલ હોસ્પિટલ જોઇન કરવા કરતા ભારતમાં રહી ડોકટર, પોલિટીશયન કે ફકત સોશિયલ વર્કર ન રહેતા મજબુત વુમન એમપાવર બની ભારતની મહિલાઓ માટે પ્રેરણાદાયી રહ્યા.



**(૧૦) રાણી અહલ્યાબાઇ હોલકર :**

સાધારણ બેકગ્રાઉન્ડમાંથી ઉઠી અસાધારણ ઊંચાઇ પ્રાપ્ત કરી હજી પણ લોકોના હ્રદય પર રાજ કરનાર એક અસાધારણ મહિલા. અસાધારણ લીડરશીપ થકી લોકોના હ્રદય પર ઉંડી છાપ ઉપજાવનાર માલ્વાની રાણીએ ખૂબ જ કુશળતાથી રાજ સંભાળ્યું. એ જમાનામા વુમન એમપાવરમેન્ટના કામ કર્યા. વિધવા હક, પુનર્લગ્ન અને પુત્ર એડોપ્ટમાં ખૂબ જ યોગદાન કર્યુ. મલ્હારરાવ હોલકરના મૃત્યુ પછી પેશવાએ તેઓને રાણી ઘોષિત કર્યા. ઈન્દોરને એક નાના ગામથી ભારતના સૌથી મોટા શહેરમાં રૂપાંતર કર્યુ. ૩૦ વર્ષ રાજ કર્યુ જે રામ રાજય તરીકે ઓળખાયુ. અને પોતાના અદમ્ય સાહસને લીધે ખૂબ જ શકિતશાળી મહિલા ગણાયા.

સાહસ, આત્મવિશ્વાસ અને જ્ઞાન ત્રણ એવા હથિયાર છે કે જે કોઇપણ સ્ત્રીને શકિતશાળી બનાવી શકે છે અને સમાજ પર પોતાની છાપ છોડી શકે છે. કહેવત છે કે દેશમાં રાજા, સમાજમાં ગુરુ, પરિવારમાં પિતા અને એક સ્ત્રી સાધારણ નથી હોતા કેમ કે નિર્માણ અને પ્રલય તેઓના જ હાથમાં હોય છે.



# (૨૦) અબ્રાહમ લિંકન

**- પદમાબેન પરમાર** (પ્રા.વિ.)

**- રૂપલબેન પટેલ** (પ્રા.વિ.)

અબ્રાહમ લિંકનનો જન્મ ૧૨ ફેબ્રુઆરી ૧૮૦૯ માં થયો હતો. તેમનાં બાળપણથી જ પરિવારનાં હાડમારી ભર્યા જીવનને કારણે તેમનુ પ્રાથમિક શિક્ષણ તૂટક અને અવ્યવસ્થિત રહ્યું. તેમની માતાએ વિચાર્યુ કે દરેક છોકરાએ શિક્ષણ મેળવવુ જોઇએ તેથી તેમણે શ્રેષ્ઠ પ્રયાસ કર્યા.



૬ વર્ષની ઉંમરે તેમણે શાળા એ જવાનુ શરૂ કર્યુ .એકવાર શિક્ષકે ચલાવેલા પાઠની વધુ માહિતી માટે તે શિક્ષક પાસેથી પુસ્તક લાવે છે રાત્રે વાંચતા વાંચતા સુઇ જાય છે રાત્રે વરસાદ પડતા પુસ્તક પલળી જાય છે ત્યારે તે પહેલા શિક્ષકને ખોટુ બોલવાનુ વિચારે છે પરંતુ મન ન માનતા સાચી હકીકત શિક્ષકને જણાવતા તેને શિક્ષક માફ કરી દે છે. પરંતુ તે પ્રાયશ્ચિત રૂપે શિક્ષકને ત્યાં થોડા દિવસ બાગકામ કરવાનું જાતે સ્વીકારે છે અહી તેમની પ્રામાણિકતા અને સત્યતા દેખાય છે.

અબ્રાહમ લિંકન જયારે ૯ વર્ષના હતા ત્યારે તેમની માતાનુ ગંભીર બિમારીને કારણે મૃત્યુ થયુ. ઘરની જવાબદારી બહેન ઉપર આવતા તેમના પિતા એ બીજા લગ્ન કર્યા. જેમની સાથે અબ્રાહમ લિંકનનો મજબૂત સબંધ હતો. તેમની માતાએ પણ તેમણે ખૂબ સાથ આપ્યો.

તેઓ નાની- મોટી નોકરી કરીને પરિવારને મદદરૂપ બન્યા. તેમને પોસ્ટ માસ્ટરની નોકરી સાથે વકીલાત નો અભ્યાસ પણ કર્યો. તેઓ ગરીબ લોકોનાં કેસ મફત લડતા હતાં. તેઓ કરિયાણાની દુકાનમાં ભાગીદાર પણ રહ્યા તે સમય ઉપરાંત તેમણે શ્રેષ્ઠ મિત્ર સ્ટીફન મળ્યા. લોકોના સંપર્કમાં આવતા તેમને તેમની મુશ્કેલીઓ સમજાઇ તે પછી તેમણે રાજકારણમાં આવવાનું નકકી કર્યુ. વારંવાર હાર મળવા છતા તે ચૂંટણી લડયા. કહેવાય છે ને **“હાર પણ કયાં સુધી એમને હરાવતી જે હાર માનવા તૈયાર જ ન હતા”** અંતે તે અમેરિકાના ૧૬ માં રાષ્ટ્રપતિ બન્યા.

તેમનાં કાર્યકાળ દરમિયાન અમેરિકા માં સ્લેવરી એટલે કે ગુલામી પ્રથા ચાલતી હતી. રાષ્ટ્રપતિ બન્યા પછી તેમણે સૌ પ્રથમ ગુલામી પ્રથા નાબુદ કરી અને ગરીબો ને મુકત કર્યા. અને ઘોષણા કરી જે ગુલામ બનાવશે તેને સજા કરવામાં આવશે. અબ્રાહમ લિંકન એક શ્રેષ્ઠ રાષ્ટ્રપતિ હતા.

**ભીતરની શકિત બહારની શકિતને વધુ મજબુત બનાવે છે.**

**Lesson from Abraham Lincoln.**

**(1) communication skills. (2) social skills.**

**(3) trust (4) accepting criticism.**

અબ્રાહમ લિંકન જયારે પોતાના પરિવાર સાથે નાટક જોવા જાય છે ત્યારે એક અભિનેતા દ્વારા ગોળી મારી હત્યા કરવામાં આવી.તેમની યાદમા વોશિંગ્ટન ડી.સી માં તેમનુ સ્મારક બનાવવામાં આવ્યું જેને “લિંકન મેમોરીયલ” તરીકે ઓળખવામાં આવે છે.

જીવનમાં કેવી રીતે મુશ્કેલીનો સામનો કરવો. પોતાના લક્ષ ને કેવી રીતે પૂર્ણ કરી શકાય? જીવનમાં આવેલ પડકારો, કઠીનાઇઓમાંથી કેવી રીતે માર્ગ કાઢી આગળ વધી શકાય ? વગેરે અબ્રાહમ લિંકન ના જીવન ચરિત્ર દ્વારા વિદ્યાર્થીઓને ઘણી વાત સમજાવી શકાય છે.



## (૨૧) સમ્રાટ અશોક

- **મિલનબેન ઠકકર** (પ્રા.વિ)
- **નિમિશાબેન પટેલ** (પ્રા.વિ)

**સમ્રાટ અશોકના બે નામ ઉપનામ (૧) પ્રિયદર્શી (૨) દેવનામ પ્રિય**




જૂનાગઢનો જે શિલાલેખ છે. તેમાં એક વાકય લખેલું છે કે દેવોના પ્રિય, પ્રિયદર્શી રાજા “અશોક” એના પરથી પડયુ હોય એવુ તારણ કાઢવામાં આવ્યું છે. તેમનો જન્મ ઇ.સ. પૂર્વે ૩૦૪ માં પાટલીપુત્ર એટલે કે હાલના “પટના” રાજયમા થયો હતો.

